June-July 2009

श्री स्वामिनारायण


Rs. 5/-



धर्मकुळ वंदना महोत्सव

વિશેષાં

॥अभिषेक॥



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)
પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
લવાજમ
વાર્ષિક : રૂ. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂ. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂ. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂ. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 3 અંક : 26-27 જુન-જુલાઈ-2009

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	3
3.	ધર્મકુળ વંદના મહોત્સવ	૫
૪.	હું તમારી સાથે છું	૧૧
૫.	સર્વોપરિનું કામ સર્વોપરિ હોય	૧૨
૬.	ધર્મકુળ વંદના મહોત્સવનો પુરૂષાર્થ અને તન, મન, ધનની સેવાનો પરમાર્થ	૧૪
૭.	"ધર્મકુળ વંદના મહોત્સવ" - ફળશ્રુતિ	૧૯
૮.	કાયમી સ્મૃતિ રૂપ સંપૂર્ણ અહેવાલ	૨૦
૯.	આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના અદ્‌ભુત પરચા	૩૮
૧૦.	હૃદયે કરુણા અપાર	૪૯
૧૧.	આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનું જીવન કવન (પ્રદર્શન આધારિત)	૫૪
૧૨.	ગુરુમાં ગોવિંદ દેખાયા	૬૧
૧૩.	ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે ધર્મકુળના આશીર્વચન	૬૩
૧૪.	અનંત ઐશ્વર્યો સભર આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ	૭૧
૧૫.	ધર્મકુળ વંદના મહોત્સવ - ગાગરમાં સાગર	૭૩
૧૬.	આપણા ગુરુ આચાર્યશ્રીની ગરિમા	૭૯
૧૭.	સત્સંગ બાલવાટિકા	૮૧

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :
મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

સ્મરણીયમ્ સ્મરણીયમ સ્મરણીયમ

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે જેમને ગાદી પર બેસાડીને પૂજન આરતી કરીને આ સમગ્ર સત્સંગના વૃદ્ધિ અને પોષણની જવાબદારી જેમના શિરે સોંપી એવા આપણા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના પ્રથમઆચાર્ય અને ભગવાન શ્રીહરિના પુત્ર એવા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો જન્મદ્વિશતાબ્દી ઉત્સવ "ધર્મકુળ વંદના મહોત્સવ" સૌ સંતો ભક્તોના તન, મન, ધનના સહયોગથી ધામધૂમથી ઉજવાયો. ત્રિદિનાત્મક આ ઉત્સવ જાણે સમગ્ર સત્સંગ માટે અંતકાળનું સંભારણું બની રહ્યો. આ ચિરઃસ્મરણીય ઉત્સવ એટલે ભગવાન શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરી લેવાનો ઉત્સવ. લાખો ભક્તોએ આ ઉત્સવનો લાભ લઈને પોતાની જાતને ધન્ય ધન્ય અને કૃતકૃત્ય બનાવી. દેશો-દેશથી પધારેલા સંતોએ અને અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા અને આફ્રિકા વિગેરે દેશોથી પધારેલા અનેક ભક્તોએ આ ઉત્સવને માણ્યો અને સર્વેનો એક જ પ્રતિભાવ હતો "અદ્‌ભુત !" આ સમગ્ર ઉત્સવને ઈન્ટરનેટ પર લાઈવ બતાવવામાં આવ્યો. અનેક ભક્તોએ ભાવપૂર્વક પોતપોતાના ઘેર બેસી આ ઉત્સવના દર્શન કર્યા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના દિવ્ય-દર્શન, આશીર્વચનનો લાભ સતત આપતા રહ્યા તો બીજી બાજુ બહેનોના વિભાગમાં પણ દેશો-દેશથી પધારેલા સાંખ્યયોગી બહેનોએ પણ બહેનોને સત્સંગનો લાભ આપ્યો અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ. શ્રી રાજાએ બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. લાખો ભક્તોએ નિત્ય નવીન સ્વાદિષ્ટ દિવ્ય પ્રસાદનો પણ લ્હાવો લીધો હતો.

આ મહા મહોત્સવ જે દિવ્ય ભૂમિપર યોજાયો એ દિવ્ય ભૂમિએટલે શ્રી ગણેશ હાઉસિંગ કોર્પોરેશનની સોલા સ્થિત ભૂમિ. શેઠ શ્રી ગોવિંદભાઈ સી. પટેલે ઉદારતાપૂર્વક ઉત્સવ માટે આ જગ્યા આપી. ઉત્સવથી એટલા રાજી થયા કે આ ભૂમિપર ઉત્સવનું કાયમી સંભારણું રહે અને આ વિસ્તારમાં નવું હરિમંદિર તૈયાર થાય એ માટે એ ભૂમિમાંથી ૨૫૦૦ વાર ભૂમિશ્રી નરનારાયણદેવને કૃષ્ણાર્પણ કરી. શ્રી નરનારાયણદેવના નિજમંદિરમાં પણ અભિષેક અને છપ્પનભોગ અન્નકૂટનું પણ આયોજન થયું. નિજ મંદિર રોશનીના ઝળકળાટમાં ચમકી ઉઠ્યું. અનેક પ્રસંગો અને દિવ્ય દર્શનથી ભરપુર આ ઉત્સવના જેમણે દર્શન કર્યા તેઓ ધન્ય ધન્ય થયા. સંજોગોવશાત્ જે કોઈ ભક્તો આ દિવ્ય દર્શનનો પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ ન લઈ શક્યા તેવા ભક્તો માટે આ "ધર્મકુળ વંદના મહોત્સવ વિશેષાંક" દર્શનીય બની રહેશે.

ઉત્સવમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થનાર દરેક સંતો-ભક્તો-સમિતિ સભ્યો, યજમાનો, દાતાઓ, સ્વયંસેવકો સર્વ પર પ્રભુ રાજી થઈ આશિષ વરસાવે તેવી પ્રાર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૦૯)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર બીલીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨-૩. ભુજ (કચ્છ) દુધઈ (કચ્છ) પધરામણી.
૪-૫. મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર બાયડ (સ્ટેશન) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૭. રનેલા (પંચમહાલ) ગામે પ.ભ. સુભાષભાઈ મોરારજીભાઈ પટેલને ત્યાં પધરામણી.
૮. મેરાઈના મુવાડા (પંચમહાલ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૯. ચડાસણા ગામે પધરામણી.
નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર મારૂતિ યજ્ઞ પ્રસંગે પધરામણી.
૧૦. સાકાપુર (વિજાપુર) શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી-પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પધરામણી.
૧૧. કર્મશક્તિ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૨. ભાદરડી (ઈડર) ગામે પધરામણી.
૧૩-૧૪. ભુજ (કચ્છ) કંથકોટ ગામે પધરામણી.
૧૫. ધૂળકોટ (હાલાર મૂળી દેશ) ગામે પધરામણી.
૧૬. ઓગાણ (તા. સાણંદ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭. ગુલાબપુરા ગામે પ.ભ. ગાંડાલાલ છગનલાલ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર ભક્તિનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩. જેશંગપુરા (ખાખરીયા) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા પારાયણ અને શોભાયાત્રા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫. ભુંડીયા (ગાંધીનગર) ગામે પારાયણ પ્રસંગે પધરામણી.
૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતીજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૭. નવાવાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮. પ.ભ. ઘનશ્યામભાઈ બેચરભાઈ પટેલને ત્યાં પધરામણી, ગાંધીનગર.
૩૧. ભીમજીભાઈ નાનજીભાઈ સ્કુલના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નવા નરોડા.

(જૂન-૨૦૦૯)

૧ થી ૩ જૂન પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની જન્મ દ્વિશતાબ્દી "ધર્મકુળ વંદના મહોત્સવ" પોતાના અધ્યક્ષસ્થાને ધામધૂમ અને હર્ષોલ્લાસથી ઉજવાયો.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપુર (પંચમહાલ) શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૦. પ.ભ. ભીખાભાઈ મણીલાલ પટેલ (મોખાસણવાળા)ને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ઊંઝા (બ્રાહ્મણ શેરી) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે આપી.

૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ખોખરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩. નટવરગઢ (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪. પ.ભ. હિતેન્દ્રકુમાર ભગવાનભાઈ કાનાણીને ત્યાં પધરામણી, રખીયાલ.
પ.ભ. ભીખાભાઈ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૨૫. ચાંદીસણા ગામે પ.ભ. રમણલાલ જીવણલાલ પટેલને ત્યાં પધરામણી.

૨૭. માનસર (તા. હળવદ મૂળીદેશ) ગામે પધરામણી.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પધરામણી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૦૯)



૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ નવા નરોડા શોભાયાત્રા પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર વિરાટનગર ઓઢવ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

(જૂન-૨૦૦૯)

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેશન બાયડ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

ધર્મકુળ વંદના મહોત્સવ

- શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મહંત સ્વામી)

સંપ્રદાયો અનેક છે. પરંતુ તેમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન છે. જે તે સંપ્રદાયની સ્થાપના મહાપુરૂષો અને આચાર્યો દ્વારા થાય છે. જેમ કે, પુષ્ટિમાર્ગ વલ્લભાચાર્ય મહાપ્રભુથી, અદ્વૈત, શંકરાચાર્યથી, વિશિષ્ટાદ્વૈત રામાનુજાચાર્યથી અને રામાનંદ સ્વામીથી ઉદ્ધવ સંપ્રદાય ચાલતો આવે છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક સર્વોપરિ સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામી સ્વયં પોતેજ હતા. તેઓશ્રીની હયાતિમાં ટુંકા સમયમાં લાખો અનુયાયીઓ ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, મારવાડ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ જેવા વિશાળ રાજ્યોમાં બનાવ્યા અને ગુજરાતમાં હજારોની સંખ્યામાં સંતો, પાર્ષદો અને બ્રહ્મચારી ત્યાગી બનાવ્યા.



સંપ્રદાયમાં સૌ પ્રથમ ગુજરાતના માંચેસ્ટર અમદાવાદમાં ત્રણ શિખરનું ગગનચુંબી મહામંદિર સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે નિર્માણ કરાવીને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. ત્યારબાદ મૂળી, ભૂજ, વડતાલ, જેતલપુર, ગઢપુર, ધોળકા, જૂનાગઢ અને ધોલેરામાં મહામંદિરનું નિર્માણ કરાવી સ્વહસ્તે દેવોની સ્થાપના કરી, આ સમય ખૂબજ કપરો હતો. સમગ્ર દેશ નાના મોટા રજવાડાઓમાં વિભાજીત હતો. બ્રિટિસરોની તાનાશાહીમાં લોકો ભયભીત બની જીવન વ્યતિત કરતા હતા. છતાં પણ શ્રીજી મહારાજે અનેક સ્થળે અન્નક્ષેત્રો ચલાવવા, વાવ કૂવા, તળાવો ખોદાવવા, અહિંસામય મહા યજ્ઞો જેતલપુર અને ડભાણમાં કરીને લાખો વિપ્રોને દાન, દક્ષિણા આપી લુપ્ત થયેલ યજ્ઞ પ્રથાને પુનઃ ચાલુ કરી. પોતાના વિદ્વાન પ્રકાંડ પંડિતો જેવા નંદ સંતો પાસે સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ જેવા મહાશાસ્ત્રો ગ્રંથોની રચના કરાવી. પ્રાકૃતમાં ગુજરાતી ભાષામાં ગદ્ય-પદ્ય ગ્રંથોના માધ્યમથી ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું.

છેલ્લે પોતાના સ્થાને સંપ્રદાયની ધાર્મિક વહીવટી જવાદારી માટે પોતાના બન્ને ભાઈના પુત્રોને અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠ સ્થાપીને અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલમાંશ્રી રઘુવીરજી મહારાજને સંપ્રદાયના આચાર્ય તરીકે સ્થાપના કરીને સંપ્રદાયના સમસ્ત આશ્રિતોના કલ્યાણ માટે મોક્ષની પરબ ખુલ્લી મુકી.

સાર્વોપરિ શ્રીહરિએ શ્રી નરનારાયણદેવ ગાદીના પ્રથમ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને આજ્ઞા કરી કે આપને અમારા ધર્મકુળમાં અમારા સ્થાને બિરાજમાન કર્યા છે. જેથી અમારા બાકીના સંકલ્પો આપ પુરા કરશો. અને હું સદાય તમારી સાથે છું. જેથી અમારા સંકલ્પ વચનનું સદૈવ પાલન કરજો. અને સંપ્રદાયના કાર્યોમાં જન્મ સ્થાન છપૈયામાં મહા મંદિરનું નિર્માણ કરાવશો. તેમજ મોટા મોટા શહેરો-નગરોમાં શિખરબધ્ધ મંદિર તથા હરિમંદિરો બંધાવી સંપ્રદાયનો ખૂબજ પ્રચાર પ્રસાર કરજો. આ આજ્ઞાને શિરોધાર્ય કરી આપણા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ તે સમયમાં છપૈયામાં ભવ્ય શિખરબધ્ધ મંદિર નિર્માણ કરાવી શ્રીહરિકૃષ્ણ

મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, આદિ દેવો પધરાવી ધામધૂમથી મૂર્તિ પ્રતિષ્ઠા કરી. આ ઉપરાંત કચ્છ માંડવી, ઈડર અને સિધ્ધપુરમાં શિખર બધ્ધ મંદિર કરાવી શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી દેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવોની સ્થાપના કરી. મધ્યપ્રદેશના વિકરાળ ચંબલ ખીણમાં આવેલા બામરોલી ગામના લોકોને સત્સંગી બનાવીને ત્યાં હરિ મંદિર કરાવી ગામને કાયમ યમદૂત થકી રક્ષાનું વચન આપ્યું જે આજે પણ અકબંધ છે.

રથ, ગાડા, હાથી, ઘોડા વગેરે વાહનો સાથે વિદ્વાન સંતોનું મંડળ, પાળાઓને સાથે લઈને રાત્રિ દિવસ સત્સંગ કરાવવામાં પોતાનું જીવન વ્યતિત કર્યું. સંપ્રદાયની આટલી મોટી જવાબદારી અને પ્રવૃત્તિમાં પણ સતત પોતાના પિતાશ્રી એવા ઈષ્ટદેવ શ્રીહરિનું સ્મરણ કરતા. હિન્દી, વ્રજ અને અવધ ભાષામાં અદ્‌ભુત કીર્તનોની રચના કરી જે વાંચતા મહાન કવિત્વનું દર્શન થાય છે. વ્યસ્ત પ્રવૃત્તિમય જીવનમાં પણ ભગવાન શ્રીહરિનું ધ્યાન પૂજામાં એવા તલ્લીન થઈ જતા કે દેહની અનાસક્તિનું ઉદાહરણ આત્મનિષ્ઠાનું પ્રમાણ જુઓ સતત દોઢ કલાક સુધી વીંછીએ અનેક દંશ માર્યા છતાં તેનો ખ્યાલ ન હતો. આવા મહાન આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને જેઠ સુદ-૧૧ તા. ૩-૬-૦૯ ના શુભ દિને ૨૦૦ વર્ષ પૂર્ણ થવાથી જન્મ દ્વિશતાબ્દી ભવ્યતાથી ઉજવવા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો સંકલ્પ, વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો આદેશ અને ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઈચ્છાથી સમસ્ત સંતો અને હરિભક્તોએ આ આદેશને માથે ચડાવી સૌના સહિયારા પ્રયાસથી અકલ્પનીય ન ભૂતો ન ભવિષ્યતિ જેવો ત્રિદિનાત્મક ધર્મકુળ વંદના મહોત્સવ અમદાવાદના સોલા-થલતેજ વિસ્તારના શ્રી ગણેશ હાઉસીંગના ભવ્ય મેદાનમાં ધામધૂમથી સંપન્ન થયો. જેની સુંદર વ્યવસ્થા અત્યાર સુધીના ઉત્સવોમાં સર્વશ્રેષ્ઠ સાબિત થઈ.

આ ભવ્યાતિ ભવ્ય ઉત્સવમાં યજ્ઞનું આયોજન શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન મુજબ તેમની ટીમે સુંદર રીતે પૂર્ણ કર્યું. તેની રચના અને વ્યવસ્થા ખરેખર સંતોષકારક હતી. મહાપૂજા (સમૂહ) માં ૩૫૦૦ ભાવિકોએ લાભ લીધો છતાં પણ ક્યાંય કોઈ ખામી કચાશ જોવા ન મળી અને કર્મકાંડના તજજ્ઞ શાસ્ત્રીજીએ આગવી સૂઝથી સુંદર વિધિ કરાવી. સમસ્ત આયોજન સ્કીમ કમિટીના સભ્યો પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વામી વાસુદેવાનંદજી, સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (મહંતશ્રી નારણઘાટ) હજૂરી પાર્ષદ વનરાજ ભગત, પ.ભ. રતીભાઈ પટેલ, પ.ભ. દશરથભાઈ પટેલ, પ.ભ. જી.કે. પટેલ, પ.ભ. રમણભાઈ પટેલ અને પ.ભ. ડૉ. કે. કે. પટેલ અને સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર), બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી અને ગૃહસ્થ હરિભક્તોમાં શ્રી પ્રવિણભાઈ નસીત (એન્જીનીયર), શ્રી જયરામભાઈ કાનાણી, શ્રી ઈશ્વરભાઈ ગંગારામભાઈ, શ્રી મનોજભાઈ, શ્રી રતિભાઈ (દેવપુરા), શ્રી ગોવિંદભાઈ (કુંડાલ), શ્રી ઘનશ્યામભાઈ (વિહાર), આદિ કુશાગ્ર સંત-હરિભક્તોના અથાગ પ્રયત્નોથી ભવ્ય સભા મંડપ, યજ્ઞશાળા, ભોજન શાળા, અખંડ ધૂન મંડપ, પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન કવન પ્રદર્શન, સ્વયં સેવકો તથા ઉતારા ઓફિસ, કાર્યાલયો, તથા રસોડાના મંડળોનું બેનમૂન આયોજન હતું. જેમાં નામી અનામી સંત-હરિભક્તોએ સહયોગ આપ્યો હતો. લાખો ભક્તજનો માટે રસોડાની સેવામાં સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, મહંત સ્વા. દેવપ્રકાશદાસજી, સ્વા. શ્યામચરણદાસજી, સ્વા. ધર્મસ્વરુપદાસજી અને સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી અને નામી અનામી સંત હરિભક્તોએ ખૂબજ જહેમત ઉઠાવી કાર્યને દિપાવ્યું હતું. ૪૦૦૦ જેટલા સ્વયં સેવકોએ રાત્રિ દિવસ જોયા વિના આજ્ઞાનું પાલન કરવા સમર્પિત થઈ રસોડામાં પિરસવું, ઉતારામાં છાસ, ઠંડા પાણી, સભાની વ્યવસ્થા, આદિ દરેક જગ્યાએ અદ્‌ભુત સેવાનું યોગદાન આપ્યું હતું. સ્વયં સેવક સમિતિમાં શ્રી ઉદયનભાઈ મહારાજા, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ (વડુ) આદિ નામી અનામી હરિભક્તોએ ખડેપગે સેવા બજાવી હતી. વી.આઈ.પી. વિભાગમાં સંત-હરિભક્તોની ટીમે રાજકિય, ધાર્મિક, મહાનુભાવો, સામાજિક કાર્યકરો, ઉદ્યોગપતિઓ, શિક્ષણ શાસ્ત્રીઓ, પત્રકારો વગેરેને આમંત્રિત કરી, સન્માનિત કરાવવા વગેરે અદ્‌ભુત વ્યવસ્થા કરી હતી.

વચનામૃત સહિંતાપાઠમાં શા. અખિલેશ્વરદાસજી, શા. વ્રજવલ્લભદાસજી (મૂળી) અને ચૈતન્ય સ્વામીએ સ્ટેજ શણગારવામાં મહત્વની સેવા બજાવી હતી. અમદાવાદ નિજ મંદિરમાં ભવ્યાતિ ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ બનાવવામાં કોઠારી પાર્ષદ દિંગબર ભગત, સ્વામી હરિચરણદાસજી (કલોલ) સ્વામી સૂર્યપ્રકાશદાસજી, યોગી

સ્વામી તથા રાજકોટના નવિનભાઈ અને શ્રી કિરીટભાઈની સેવાને ક્યારેય નહીં ભૂલાય.

સાહિત્ય પ્રકાશન સમિતિ, ચા-નાસ્તા સમિતિ, વાહન વ્યવહાર સમિતિ, સફાઈ સમિતિ, આરોગ્ય રક્તદાન શિબિર સમિતિ ધર્મકુળ સેવા સમિતિની સેવા અદ્‌ભુત હતી. અખંડ મંત્રજાપમાં સ્વામી સ્વયંપ્રકાશદાસજી (જયદેવપુરા) અને સ્વામી રામકૃષ્ણદાસજી (ધ્રાંગધ્રા)ના માર્ગદર્શન મુજબ ખાખરીયા - ઝાલાવાડના સંત હરિભક્તોએ સતત ત્રણ દિવસ સુધી શ્રીહરિનું નામ સ્મરણ કરાવીને ઉત્સવની શોભા વધારી હતી. નાણાં સમિતિમાં શ્રી રસિકભાઈ દયાળજીભાઈ સોની, શ્રી ચંદ્રકાંતભાઈ પ્રભુદાસ પટેલ, શ્રી જયંતીભાઈ નરસીભાઈ પટેલ અને શ્રી જગજીવનભાઈ પટેલ આદિ હરિભક્તો અને સંતોએ વ્યવસ્થિત હિસાબ રાખી નિષ્ઠાનું સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. ઉતારા સમિતિમાં શ્રી ધનંજયભાઈ કે. ઠક્કર, પંકજભાઈ ભાવસાર, નટુભાઈ ગંગારામભાઈ, તુષારભાઈ દશરથભાઈ પટેલ (જમીયતપુરા), ધર્મેન્દ્રભાઈ દયાળજીભાઈ, અતુલભાઈ અને કૌશિકભાઈ આદિ યુવાન હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી.



શોભાયાત્રાના આયોજનમાં નાના પી.પી. સ્વામી (કોટેશ્વર ગુરુકુળ) સ્વા. રઘુવીરચરણદાસજી (શોકલી ગુરુકુળ), રણજીતસિંહ દરબાર (નારણઘાટ), અતુલભાઈ મણીલાલ, ડાહ્યાભાઈ સોમાભાઈ, હરિભાઈ, અમૃતભાઈ શિવરામભાઈ (કોશલેન્દ્ર એન્જી.) આદિ સૌ સંત-હરિભક્તોએ ખૂબજ જહેમત ઉઠાવીને શોભાયાત્રાને ચાર ચાંદ લગાવી દીધા. આખી શોભાયાત્રાની ઝલક જોતા નાના પી.પી. સ્વામી અને રણજીતસિંહ બાપૂની સીધી દેખરેખ અને માર્ગદર્શન થી કોઈ ખામી તો શું પણ સમગ્ર શોભાયાત્રામાં બધું જ અદ્‌ભુત અને અદ્‌ભુત હતું.

કાર્યવાહક સમિતિમાં પૂ. મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, શા.સ્વા. નિર્ગુણદાસજી, શા.સ્વામી નારાયણવલ્લભદાસજી, શા.સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, વલ્લભ સ્વામી તથા સ્કીમ કમિટીના સભ્યોમાં બ્ર.સ્વા. વાસુદેવાનંદજી, સ્વામી દેવપ્રકાશદાસજી, હુજરી પાર્ષદ વનરાજ ભગત, પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ, પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ, પ.ભ. રમણભાઈ પ્રાણભાઈ પટેલ, પ.ભ. ગણપતભાઈ કે. પટેલ અને પ.ભ. ડૉ. કાંતિભાઈ કે. પટેલ વગેરેનું સેવા માર્ગદર્શન સતત મળતું હતું.

ઉત્સવની મુખ્ય જરૂરીયાત નાણું જેના વિના કશું શક્ય નથી. આ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અમેરિકાનો પ્રોગ્રામ ગોઠવ્યો. જેમાં મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શા. સ્વા. રામકૃષ્ણદાસજી આદિ સંત મંડળને સાથે લઈ સૌ પ્રથમ આઈ.એસ.એસ.ઓ. ના ઈટાસ્કા શિકાગો મંદિરમાં જે.પી. સ્વામી, શા. હરિપ્રસાદદાસ સ્વામી, પ્રેસિ. જગદીશભાઈ પટેલ, ઘનશ્યામભાઈ ભગત (મોટા) વિષ્ણુભાઈ (ડાંગરવાવાળા) ઘનશ્યામભાઈ કવિ તથા વિષ્ણુભાઈ પટેલ વગેરે કમિટિના આગેવાન સત્સંગીઓના સહકારથી મોટું ફંડ કરી ને ઉત્સવમાં સારો સહકાર આપ્યો. આ ઉપરાંત આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાં મહત્વની સુંદર સેવા નીચેના સંતો હરિભક્તોની પ્રેરણાથી થઈ હતી. ડિટ્રોઈટમાં ડૉ. અરવિંદભાઈ, ડૉ. મનોજ બ્રહ્મભટ્ટ, હિંમતભાઈ, રાજુભાઈ આદિ સૌને બ્રહ્મવિહારી સ્વામી એ પ્રેરણા કરી સારો એવો ફાળો કરાવ્યો. કાલામજુમાં ડાહ્યાભાઈ પટેલ (ડી. એમ. પટેલ સાપડવાળા), કનુભાઈ પી. પટેલ, મણીભાઈ ઈશ્વરભાઈ પટેલે (વડુ) સારી સેવા કરી હતી. કલિવલેન્ડમાં શા. ધર્મવલ્લભદાસજી (મૂળી) ની પ્રેરણાથી પ્રકાશભાઈ પટેલ આદિ હરિભક્તોએ તેમજ ફલોરિડામાં વિવેકસાગરદાસજીની પ્રેરણાથી પ્રેસિ. નલીનભાઈ, દીલીપભાઈ શાહ, મણીભાઈ પટેલ તથા અહીં રહેતા વડુ, કરજીસણ, ડાંગરવા, મોખાસણ ગામના હરિભક્તોએ સેવા

કરી હતી.

ન્યુજર્સી મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં યુવાનોએ સારું એવું ફંડ એકઠું કરી આપ્યું હતું. જેમાં માધવ સ્વામી અને પ્રેસિ. ભક્તિભાઈ, માણેકલાલભાઈ અને કમિટીના સભ્યોનું સુંદર યોગદાન મળ્યું. ચેરિહીલ મંદિરમાં શા. વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શનથી પ્રેસિ. રાજુભાઈ, અશોકભાઈ તેમજ વડુ, ડાંગરવા, કરજીસણ અને મોખાસણગામના હરિભક્તોએ અને કમિટીના સભ્યોએ પ.પૂ. મહારાજશ્રી અને સંતોની હાજરીમાં મોટું ફંડ કરી આપ્યું હતું. બોસ્ટનમાં શા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી પ્રેસિ. અરવિંદભાઈ, આર. કે., જયંતીભાઈ વોરા સાહેબ, સંજયભાઈ રસિકભાઈ પટેલ, ચંદ્રેશભાઈ પટેલ, દશરથભાઈ અને કમિટીના સભ્યોએ મળી મોટી રકમ એકઠી કરી દીધી હતી. કોલોનીયા મંદિરમાં પ્રેસિ. શ્રી પ્રવિણભાઈ, નયનભાઈ પરીખ, મહેશભાઈ, ઉપેનભાઈ વગેરે કમિટી સભ્યોએ પોતાની શક્તિ મુજબ સારુ ફંડ કર્યું હતું. વોશિંગ્ટન ડી.સી.માં કનુભાઈ પટેલના માર્ગદર્શન થી આઈ.એસ.એસ.ઓ. મંડળ સુંદર ચાલે છે. જેમાં એક દિવસનો પ્રોગ્રામ કરી ખૂબજ સારો ફાળો કરી આપેલ. જેમાં કનુભાઈ, રીકીન ઠક્કર, મુન્નાભાઈ હરિકૃષ્ણભાઈ શાહ વગેરે એ પણ ખૂબજ સહકાર આપ્યો હતો.

આટલાન્ટા, જ્યોર્જીયા ચેપ્ટરોમાં ભરતભાઈ, રાજેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ, આત્મારામભાઈ પટેલ (ડાંગરવા), ભરતભાઈ (દેઉસણા), નવિનભાઈ, નરોત્તમભાઈ, ઘનશ્યામભાઈ, સુરેશભાઈ (મોખાસણ), છનાલાલભાઈ (ડિંગુચા) આદિ હરિભક્તોએ સારી સેવા કરી હતી. એલ.એ.માં દેવુભાઈ, પ્રેમજીભાઈ હીરાણી, જયંતીભાઈ પટેલ, ભક્તિભાઈ અને દશરથભાઈ ચૌધરીની સેવા સુંદર મળી હતી. બર્મિંગહામના ચિમનભાઈ (આણંદવાળા) જેઓએ ઉત્સવમાં બીજા દિવસના ભોજનના યજમાન બની દિવ્ય અલૌકિક લાભ લીધો. આમ અમેરિકાના દરેક હરિભક્તો આપણા ત્યાં મંદિરોમાં સેવાપૂજા કરતા સંતો આદિ સૌનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે.

ઈંગ્લેન્ડના આપણા મંદિરોમાં વિલ્સડન મંદિરના હરિભક્તોએ ખૂબજ મોટું યોગદાન આપ્યું હતું. જેમાં ઉત્સવના મુખ્ય યજમાન પદનો નારણભાઈ ખેતાણી પરિવારે પણ અલૌકિક લાભ લીધો હતો. વુલવીચ, કાર્ડિફ, ઈસ્ટ લંડન, ઓલ્ડહામ, હેરો, બોલ્ટન તથા આઈ.એસ.એસ.ઓ. ના લેસ્ટર, ગેટવિક, બ્રાઈટન અને સ્ટ્રેધામ આદિ મંદિરોમાં હરિભક્તોએ પણ પૂર્વ મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરુપદાસજી (અલ્હાબાદ મહંતશ્રી)ની પ્રેરણાથી સુંદર સારી અને મોટી રકમનો ફાળો કરીને શ્રીજી મહારાજ અને પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

સીડની (ઓસ્ટ્રેલીયા) મંદિરમાં મહંત સ્વામીના ફોન દ્વારા પ.ભ. વિસરામભાઈ લાલજીભાઈ ગોપાલ પિંડોરીયા (માધાપર કચ્છ હાલ પર્થ)એ શ્રીહરિયાગના મુખ્ય યજમાન બની મહા લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું. તથા રાઘવાણી પરિવારના પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી, કાનજીભાઈ પ્રેમજી કેશરા અને પ.ભ. કરશનભાઈ રાઘવાણી આદિ પરિવારે શ્રી નરનારાયણદેવના છપ્પન ભોગ અને મહાભિષેકના મુખ્ય યજમાન બનીને મહા લાભ લીધો.

ઉત્સવના ત્રણે દિવસ સવાર સાંજના વક્તા સંતો શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, શા. પી.પી. સ્વામી (જેતલપુર), શા.સ્વામી ગોલોકવિહારીદાસજી (ભુજ-કચ્છ), શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી આદિ વિદ્વાન સંતોએ વિદ્વતા પૂર્ણ અને મધુર અને રોચક સૌમ્ય વાણીમાં શ્રીમદ્ સત્સંગીભૂષણ ગ્રંથની પારાયણ વિવિધ દ્રષ્ટાંતો આપીને શ્રોતાઓના મન મોહી લીધા હતા. ત્રણે દિવસ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને છેલ્લા દિવસે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. રાકેશપ્રસાદજી મહારાજશ્રીના દર્શન કરી લાખો ભાવિકો આનંદ મગ્ન બન્યા હતા. સતત ત્રણે દિવસ આપણા ભુજ, મૂળી, વડતાલ, ગઢપુર, ધોલેરા અને જૂનાગઢ દેશના ૮૦૦ થી પણ વધારે સંતોએ પધારીને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. દરેક સંતોને ધોતી, ભાડા અને ગાડી ટેક્ષીભાડું વગેરે ઉત્સવના આયોજકોએ ચૂકવીને કોઈપણ નાના-મોટા સંત કુરાજી ન થાય તેનું સતત ધ્યાન રાખતા હતા. જો કે અહીં કુરાજી થવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નહતો. બધા જ રાજી રાજી અને રાજી જ થઈ ઉત્સવની પ્રશંસા કરતા થાકતા નહોતા.

બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા તથા પૂ. મોટા બહેનની શુભ ઉપસ્થિતિમાં સાંખ્યયોગી બહેનો, લાખો કર્મયોગી બહેનો અને લાખોની સંખ્યામાં હરિભક્તોથી સભા મંડપ ભરચક રહેતો. આટલી મોટી સંખ્યા છતાં શાંત વાતાવરણમાં ટાંકણી પડે તોય ખ્યાલ આવે તેવી દિવ્યતા ભાસતી હતી. ખરેખર

સભાની અલૌકિકતા અર્વણનીય અને અકલ્પનીય હતી.

આ પ્રસંગે ત્રણ દિવસ દરમ્યાન વિધાન સભાના અધ્યક્ષ અશોકભાઈ ભટ્ટ, ગુજરાત રાજ્યના પોલીસ વડા ખંડવાવાલા તથા મંત્રીશ્રીઓમાં શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી ફકીરભાઈ વાઘેલા તથા સંસદ સભ્યો, ધારા સભ્યો વિરોધ પક્ષના નેતાશ્રી સિધ્ધાર્થ પટેલ, શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી અર્જુન મોઢવાડીયા આદિ મહાનુભાવોએ ઉત્સવના દર્શન કરી ધન્યતા અનુભવી. આયોજકોએ તેમનું સુંદર સત્કાર કરી સન્માન કર્યું હતું.

તા. ૩-૬-૨૦૦૯ના પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદથી જેઓએ પોતાનું સમગ્ર ગ્રાઉન્ડ નિઃશુલ્ક વાપરવા આપેલ તેવા અગ્રગણ્ય બિલ્ડર્સ પ.ભ. ગોવિંદભાઈ સી. પટેલ તથા તેમના સુપુત્ર શ્રી શેખરભાઈ સતત ઉત્સવમાં ત્રણે દિવસ ઉપસ્થિત રહીને લાભ લેતા હતા. તેમનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ બહુમાન કરી તેમને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામીથી ખૂબ જ પ્રભાવિત થઈ તેઓશ્રીએ આ સુંદર સ્થળમાં આપણું મંદિર બાંધવા પોતાની કિંમતી ૨૫૦૦ મીટર જમીન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરી હતી.

ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ પ્રસંગે ખાસ પધારી દર્શન કરી ને પોતાની શુભ ભાવના વ્યક્ત કરીને પ્રસંગની શોભા વધારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, સંતો અને સ્કીમ કમિટીના સર્વે સભ્યોએ તેમનું પુષ્પહાર પહેરાવી સન્માન કર્યું હતું. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિલ્ડર્સ ગોવિંદભાઈની સેવાને બિરદાવી તેમનું શાલ ઓઢાડી સુંદર સ્વાગત કર્યું હતું. શહેરી વિકાસ મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સભામાં અમદાવાદના મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી, શા. આત્મપ્રકાશદાસજી, ભુજના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડતાલના કોઠારી બાપૂ સ્વામી આદિ સંતોએ પ્રેરક આશીર્વચન કરેલ. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, વડતાલના પ.પૂ. રાકેશપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઉત્સવમાં આદિથી અંત સુધી સભા સંચાલન યુવાન શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ વિદ્વતા સભર, સમયની પ્રતિ બધ્ધતા પ્રમાણે સફળ સભા સંચાલન કરી એક સફળ સભા સંચાલક તરીકેનો સુંદર દાખલો બેસાડ્યો હતો.

ઉત્સવ પૂર્વે વિજય સ્તંભ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉત્સવના સ્થળ પર પ.ભ. કે.કે. જેસાણી (લંડન) પરિવારના સંબંધીજનોએ પૂજન વિધિમાં મહા અલૌકિક લાભ લીધો હતો.

તા. ૧-૬-૦૯ ના ઉત્સવના પ્રથમ દિને પારાયણના યજમાન શ્રી સંજયભાઈ રસિકલાલ પટેલ (અમેરિકા)ના ઘેરથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પોથીયાત્રાનો વરઘોડો વિશાળ ભક્ત સમુદાય સાથે ધૂન-કીર્તન કરતા ધર્મકુળ વંદના મહોત્વના મુખ્ય ગેટ પર પહોંચ્યો ત્યારે મુખ્ય ગેટના યજમાનશ્રી અમરશીભાઈ લવજીભાઈ, વાસુદેવભાઈ, નાનજીભાઈ, રણછોડભાઈ, જયંતીભાઈ અને ધર્મેશભાઈ આદિ પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે મુખ્ય ગેટને વિધિવત ખુલ્લો મુક્યો હતો. ત્યારબાદ શ્રી નરનારાયણદેવ મંદિરનું સ્કીમ કમિટીના પાંચેય ગૃહસ્થ સભ્યોએ તથા શ્રી રમેશભાઈ તથા શ્રી ખીમજીબાપા (મેડાવાળા) એ પ.પૂ. મહારાજશ્રી સાથે આરતી ઉતારવાનો મહા લાભ લીધો હતો. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું જીવન કવન પ્રદર્શન દર્શનાર્થે ખુલ્લું મુકાયું હતું. અખંડ ધૂન મંત્રજાપનો પ્રારંભ શ્રી હરિકૃષ્ણભાઈ મગનલાલ (કડી) તથા દવે પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે આરતી ઉતારી લાભ લીધો હતો. યજ્ઞની શરૂઆત પ.પૂ. મોટા મહારાજશ્રી કરાવી હતી અને કથા પારાયણ પ્રારંભ પૂજન આરતી પ.પૂ. મહારાજશ્રી સાથે યજમાન શ્રી સંજયભાઈ રસિકલાલ પટેલે વ્યાસ પૂજન અને આરતીનો અલૌકિક લાભ લીધો હતો.

આ મહા મહોત્સવમાં દેશ અને પરદેશના જેમ કે, અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ અને મીડલ ઈસ્ટના હરિભક્તોની સેવાથી આ ઉત્સવ દીપી ઉઠ્યો જેથી તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. અમદાવાદના તમામ સંતો અને ૨૮ દેશના ગામોના હરિભક્તો તથા મૂળીના સંતો તથા મૂળી દેશના ગામોના હરિભક્તો, દરેક શિખર બધ્ધ મંદિરના સંતો, ભૂજ (કચ્છ)ના સંતો અને કચ્છના હરિભકતો, મારવાડ વાલી વગેરે ગામોના હરિભક્તો તથા વાલીના મહંત સ્વામી હરિપ્રસાદદાસજી

આદિ સંતો હરિભક્તોની સેવાથી આ ઉત્સવ શોભી ઉઠ્યો હતો. જેમને અનેકાનેક ધન્ય વાદ ઘટે છે.


આ મહોત્સવ પ્રસંગે અનેક રાજકિય, ધાર્મિક મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, શિક્ષણ વિદો વગેરેને ઉત્સવમાં આમંત્રિત કરી તેમનો સત્કાર કરીને તેમને વિદાય સુધીની સુંદર સરભરામાંશ્રી અરવિંદભાઈ પી. ઠક્કર, શ્રી રમેશભાઈ પી. પટેલ (જમીયતપુરા) શ્રી સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા), શ્રી શરદભાઈ ગોવિંદભાઈ પટેલ, ભૂપેન્દ્રભાઈ પી. પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ શીવાભાઈ પટેલ, શ્રી વાસુદેવભાઈ લવજીભાઈ પટેલ, શ્રી સાંકળચંદભાઈ છગનલાલ પટેલ (વિહારવાળા), પ.ભ. નારણભાઈ ઈશ્વરભાઈ પટેલ આદિ હરિભક્તોએ ખડેપગે પોતાના ધંધા ઉદ્યોગને ત્રણ દિવસ બંધ રાખીને શિસ્તબધ્ધ અને નિષ્ઠાપૂર્વક સેવા બજાવી હતી. ધન્ય છે આવા વિરલાઓને.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળની સેવામાં પ.ભ. દાસભાઈ, પ.ભ. અરવિંદભાઈ દોંગા આદિ આપુનગરના હરિભક્તોએ નિષ્ઠાપૂર્વક ખડે પગે સેવા બજાવી હતી. સફાઈની સેવામાં શ્રી ઝવેરભાઈ આદિ અનેક હરિભક્તોની મૂક સેવાને કેમ ભૂલાય ! તેમજ પ.ભ. જગદીશભાઈ શાહ (સેમીટ્રોનિક) પ્રફુલભાઈ ખરસાણી આદિ સૌ વિવિધ સેવામાં સતત જોડાયા હતા. અમદાવાદ દર્શન સીડીના સૌજન્ય પ.ભ. કરશનદાસ જેઠીદાસ પટેલ તથા અવધ કીર્તનાવલી સીડીના સૌજન્ય અ.નિ. શાંતિલાલ નાનલાલ દરજી હ. રસિલાબેન (સાદરાવાળા) સાહિત્ય પ્રકાશનમાં ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ, શિકાગો સ્વા.મંદિર તરફથી અને આઈ.એસ.એસ.ઓ., યુ.કે. પ્રેસિ. જીતુભાઈ તથા કે.કે. જેસાણીએ વાસુદેવ માહાત્મ્યના પ્રકાશનમાં અને અંગ્રેજી ટ્રાન્સલેશનમાં શ્રી જેઠાલાલ અને ગં.સ્વ. કુમુદબેન ભોગીલાલ પટેલ આદિ હરિભક્તોએ સત્સંગના સાહિત્ય પ્રકાશનને વેગ મળે તેવા હેતુથી સુંદર સેવા કરી હતી.

આપણા શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટીના તમામ ગૃહસ્થ સભ્યશ્રીઓ પ.ભ. રતિભાઈ, પ.ભ. દશરથભાઈ, પ.ભ. રમણભાઈ, પ.ભ. જી.કે. પટેલ, પ.ભ. ડૉ. કે. કે. પટેલ તથા કારભારીશ્રી મનીષભાઈ વોરા, હજુર કારભારી સંદિપભાઈ વોરા, ઓફિસ સ્ટાફગણ, ગલ્લા પેટીના તમામ સભ્યો, તથા આખો ખાસ પર્યન્ત સેવા બજાવનાર શ્રધ્ધા કેસેટ વાળાશ્રી પ્રવિણભાઈ પટેલ અને કાયદાકિય સમિતિમાં જોડાયેલા શ્રી ટી. કે. ઝાલાવાડિયા અને શ્રી નરસિંહભાઈ નસીત, હિસાબ કિતાબની સેવામાં એકાઉન્ટન્ટ શ્રી ઈશ્વરભાઈ પટેલ, કેશીયરશ્રી વિહુભા સિસોદીયા, ઘનશ્યામભાઈ મૂળજીભાઈ પટેલ (સાપાવાડા), શ્રી ઘનશ્યામભાઈ ચાવડા આદિ અનેક નામી અનામી હરિભક્તોની સેવાને ક્યારેય નહીં ભૂલાય. સ્થાનિક સંતોમાં ગામડાઓમાં જઈ રાત્રિ દિવસ ફરીને રોકડ તથા વસ્તુરૂપે ફંડ ઉઘરાવવામાં નાના પી.પી. સ્વામી (કોટેશ્વર), શા.સ્વા. આનંદજીવનદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી, શા. હરિસ્વરૂપદાસજી, શા. વિશ્વસ્વરૂપદાસજી, મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા), શા.સ્વા. અખિલેશ્વરદાસજી, કોઠારી જયકૃષ્ણદાસજી, ભક્તિ સ્વામી, શા. છપૈયાપ્રસાદદાસજી, ઈડર મહંત જગદીશપ્રસાદદાસજી, લાલોડા મહંત શા. સ્વા. ઘનશ્યામજીવનદાસજી, જેતલપુર મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, શા. પી.પી. સ્વામી, મહંત શા. હરિજીવનદાસજી (હિંમતનગર), નારણપુરા મહંત શા. શ્રીજીપ્રકાશદાસજી, સિધ્ધપુર મહંત શા. સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, જયદેવપુરાના સ્વામી સ્વયંપ્રકાશદાસજી, શા. આનંદ સ્વામી, બીલીયાના શા. ચંદ્રપ્રકાશદાસજી, કાંકરિયા મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજી, મથુરા મહંત આનંદ સ્વામી, ધોળકા મહંત શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી, મૂળીના સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી જગતપ્રકાશદાસજી, સાપાવાડા મહંત શા. નંદકિશોરદાસજી, ઉનાવા મહંત બાલુ સ્વામી તથા ઉત્સવમાં મોટી સેવા કરનાર પૂજ્ય ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ નામી અનામી સંતોએ ખૂબજ જહેમત ઉઠાવી સેવા કરી હતી. અમદાવાદ મંદિરના રસોડામાં સેવા કરનાર ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વા. હરિચરણદાસજી, કોઠારી ભક્તિ સ્વામી, જે.કે. સ્વામી, ધર્મજીવન સ્વામી (કથાકાર), બળદેવ સ્વામી (ધોલેરા), કોઠારી પાર્ષદ દિગંબર ભગત અને નિલેશ ભગત આદિ સંત પાર્ષદ મંડળે રાત દિવસ ખૂબજ સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો. શરત ચૂકથી કોઈનું નામ રહી ગયું હોય તો અમને ક્ષમ્ય ગણી અમારા પર રાજી રહેશો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમસ્ત ધર્મકુળના રાજીપા અને આશીર્વાદથી આવો મહાન ભવ્ય ધર્મકુળ વંદના મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. પુનઃ આવા ઉત્સવમાં (શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન) આપણે સૌએ ખભે ખભા મીલાવીને એક બીજાના સાથ સહકારથી કટિબધ્ધ બનીએ એજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના ચરણોમાં નત મસ્તકે પ્રાર્થના.

હું તમારી સાથે છું

લેખક - શાસ્ત્રી નિર્ગુણદાસજી



જગતમાં અને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ વાત છે કે જીવ માંગવામાં ભૂલ કરે પણ પરમાત્મા ક્યારેય આપવામાં ભૂલ કરતાં નથી જ. જીવ માગે એના કરતાં અનેક ગણું વધારે આપીને પ્રભુ રાજી થાય છે. વાત છે આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજના જીવનમાં બનેલી સત્ય આધારિત દિવ્ય ઘટનાની ! બન્યું એવું કે ઉધ્ધવ સંપ્રદાય જે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જ નામથી પ્રસિદ્ધ રીતે ઓળખાય છે. તેના પ્રવર્ત્તક અને સંસ્થાપક સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સંપ્રદાયની અનાદિ કાળ પર્યન્ત મોક્ષની પ્રવૃત્તિ અવિરત ચાલુ રહે તે માટે પોતાના દત્તક પુત્રો કરીને બે ગાદી સ્થાપી. જેમાં ઉત્તર વિભાગની ગાદી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન ઉપર આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને અભિષિક્ત કર્યા. દેશ વિભાગની સીમાઓ જોતા આદિ આચાર્ય મહારાજશ્રીને એવું લાગ્યું કે મારા ભાગમાં તો સુકો પ્રદેશ આવ્યો છે. (બસો વર્ષ પહેલાની સ્થિતિ પ્રમાણે) ત્યારે સ્વયં અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ વચન આપ્યું કે જાઓ અયોધ્યાપ્રસાદજી હું તમારી સાથે હમેશાં રહીશ. આ શ્રીજી મહારાજના આપેલાં વચનનો પ્રત્યક્ષ અનુભવ એટલે જ ઉત્તર વિભાગમાં ઉજવાતાં મોટા મોટા મહોત્સવો જેવા કે, દ્વિશતાબ્દી, રજત જયંતી, શતામૃત મહોત્સવ, ષષ્ઠી પૂર્તિ અને આ ધર્મકુળ વંદના મહોત્સવ તેના પ્રત્યક્ષ પ્રમાણ છે. આવી મહા મંદી અને મોંઘવારીની હાડમારી છતાં ધર્મકુળ વંદના મહોત્સવ અતિ ધામધૂમથી અને સુંદર ભવ્યતાથી ઉજવાયો. જેમાં કોઈ પણ પ્રકારની ખોટ કે ઉણપ કોઈનેય જોવા જ ન મળી. નાના મોટા સૌ કોઈ ભક્તોએ દાન ઓછું આપ્યું કે વધારે આપ્યું સૌને શ્રીજી મહારાજના પ્રત્યક્ષપણાનો જ સર્વત્ર અનુભવ થયો. દેશ-વિદેશથી આવેલ લાખો ભક્તોને જેવી જોઈએ તે પ્રકારની સુંદર વ્યવસ્થા વાળી સગવડો પ્રાપ્ત થઈ. ધર્મકુળ વંદના મહોત્સવમાં ભેદ ભાવ વગર એક સરખી વ્યવસ્થા દરેકને મળી રહી હતી. નહીં કોઈની ચીજ વસ્તુ ખોવાવાની કે ચોરાવાની ફરિયાદ. સૌ આનંદમાં મગ્ન હતા. કોણ રક્ષા કરે છે કોણ દેખભાળ કરે છે તે તો શ્રીજી મહારાજ સ્વયં પ્રત્યક્ષ વિચરણ કરતા હોય પછી શું ? કહેવાનું.

સર્વોપરિનું કામ સર્વોપરિ હોય

લેખક - પી.પી. સ્વામી (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપનું પ્રગટ અને પ્રત્યક્ષપણું અખંડ રાખવા સંવત ૧૮૮૨ ના કારતક સુદ-૧૧ પ્રબોધની એકાદશીના દિવસે વડતાલમાં બે દેશ વિભાગ કરી આચાર્ય પદે ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવની ગાદીના આચાર્ય પદે પ.પૂ. રામપ્રતાપભાઈ ધર્મદેવના પુત્ર અયોધ્યાપ્રસાદજીને નિયુક્ત કર્યા. તથા દક્ષિણ વિભાગના શ્રી લક્ષ્મીનારાયણદેવના આચાર્યપદે ઈચ્છારામ ધર્મદેવના પુત્ર રઘુવીરજીને નિયુક્ત કર્યા.



સ્વતંત્ર - અન્તર્યામી - અનંત આશ્ચર્યના કર્તા - એક માત્ર મૂળ સ્વરૂપ - કાળ કર્મ માયા અક્ષરાદિના નિયંતા - સ્વામી - સદા સત્ય - અનંત કળા સર્જક - અવતારોના ધરતલ - વ્યાપક - ચતુર્ધામુક્તિ દાયક, સર્વોપરિ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોતમ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના રામાનંદ સ્વામી પાસે કરાવીને ઉતરાધિકારીનો અમૂલ્ય અમર વારસનું દાયિત્વ પોતાની પાસે પાંચસો પરમહંસો - વિદ્વાનો -કવિઓ - જ્ઞાની - ધ્યાની જેવા અનંત સંતો ભક્તોની વિવિધતા હોવા છતાં સંપ્રદાયની યુગો પર્યન્ત આયુષ્ય રાખવાના સંકલ્પથી માયિક દૃષ્ટિથી સામાન્ય દેખાય અને દિવ્ય દૃષ્ટિથી સત્ય દેખાય એવો પરબ્રહ્મ પરમાત્માનો દીર્ષગામી સત્ય સનાતન વિચાર સંવત ૧૮૮૨ કારતક સુદ-૧૧ના દિવસે સત્ય હતો. વર્તમાન ૨૦૦૯ ૧૭૭ વર્ષ પણ એટલો જ સત્ય છે. અને યુગો પછી પણ એજ સત્ય રહેશે. સર્વોપરિના વિચારને અનંત કોટી બ્રહ્માંડમાં મિથ્યા કરવાની કોઈની તાકાત નથી. પણ માત્ર એટલું થઈ શકે, સૂર્યની સામે ધુડ નાખીને સૂર્યના પ્રકાશને રોકવાનો મૂર્ખ પ્રયાસ.

ઉત્તરાધિકારીની પસંદગીની વેળામાં પૂ. અયોધ્યાપ્રસાદજીની વય પ્રૌઢ હોત તો પાંચ સંતો ભક્તોએ કાર્યકુશળતા જોઈને ભલામણ કરી હોત. ચતુર્ધામુક્તિ અને આત્યન્તિક મોક્ષના દાયક એક માત્ર દાતા સ્વામિનારાયણ ભગવાનનું વચન જ પર્યાપ્ત છે. કોઈ જપ તપ વ્રત દાનાદિ જેવા સાધનો સમર્થ નથી. તેથી શ્રીહરિનું જે સમયે જે વચન આવે તે ત્રણેય અવસ્થા ત્રણેય ગુણમાં સર્વદા સર્વ શિરોમાન્ય માનવા વાળા આશ્રિતો હતા. એ આજે પણ તેવું માનવા વાળા વારસદારો સંપ્રદાયમાં છે. તમે સર્વોપરિ ખરા પણ તમારું વચન અમને માન્ય નથી તમે દેશ કાળને વશ વચન કહ્યું છે, તેવા પાખંડી લોકો તો હમણાં હમણાં પેદા થયા.

આપણી બુદ્ધિમાં આવે નહિ પણ સત્ય કથા છે કે જ્યારે શ્રીહરિએ સંપ્રદાયના ઉત્તરાધિકારી પદે આચાર્યને નિયુક્ત કર્યા ત્યારે તે બન્નેની વયઃ રઘુવીરજી મહારાજની માત્ર ૧૩ વર્ષ અને પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની વય ૧૬ વર્ષ હતી. રામપ્રતાપજી અને ઈચ્છારામભાઈના

અન્ય જેષ્ઠ પુત્રો હતા. તેમ છતાં બન્ને પુત્રોને દત્તક તરીકે લઈને પોતાના સ્થાને સ્થાપના કરી. ગાદિ અભિષેક કર્યા બાદ પૂજન આરતી કરી.

પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની નાની વયે નિયુક્તિ કરી અને પાંચસો પરમહંસો - બ્રહ્મચારી વર્ણી પાળા હરિભક્તોએ સહર્ષ વધાવી પૂજા કરી. અને જરા પણ સંકોચ ન થયો. કેમ કે તે વખતના આશ્રિતો અક્ષરધામથી શ્રીહરિની સાથે આવ્યા હતા અને પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની વય નાની હતી પણ અક્ષરધામમાંથી આવ્યા છે તે ભક્તો ઓળખતા હતા અને સ્થિતિ શક્તિ સામર્થ્યથી પરિચિત હતા. વળી જે પદ પર બેઠા છે તે સર્વોપરિનું પદ છે. મનોરથો પૂર્ણ કરવાનું કામ તો શ્રીહરિનું જ છે. અને વર્તમાન સમયમાં પણ આચાર્ય પદે બિરાજતા આચાર્ય મહારાજને શ્રીહરિ અક્ષરધામમાંથી જ મોકલે છે. તે સિવાય સર્વોપરિની ગાદી પર પામર જીવ બેસી શકે જ નહિ.

ધ.ધુ.પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ અન્તર્યામી હતા તેવા પ્રસંગો સંતોએ વાતોમાં લખ્યા છે.

એકવાર અયોધ્યાપ્રસાદજી મહારાજ મૂળીમાં વસંત પંચમીનો સમૈયો કરવા પધાર્યા. અસંખ્ય ભક્તો સમૈયામાં આવ્યા હતા. તેમાં મેમકાના રામજીશેઠ પ.પૂ. આચાર્ય મહારાજના નિવાસ સ્થાને જઈ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને પૂછ્યું કે, અમદાવાદ શહેરમાં હઠીભાઈ શેઠ મોટો મેળો કરવાના છે. તેમાં વઢવાણનો સંઘ જવાનો છે. મને સંઘવાળાએ નિમંત્રણ આપ્યું છે તો આપની આજ્ઞા હોય તો જાઉં. થોડીવાર નેત્ર મીચીને બોલ્યા અને મહારાજશ્રીએ કહ્યું કે શેઠ ! હઠીભાઈના મેળામાં આવશો નહિ. શેઠ કહે પણ મારે તો મેળાનો કોઈ મહિમા નથી પણ એ બહાને શ્રી નરનારાયણદેવનાં દર્શન થાય. મહારાજશ્રી કહે પણ શેઠ ! એ મેળામાં ટુટિયાનો રોગ બહુ ભારે થશે. હજારો માણસોનું મૃત્યુ થશે. માટે તમારે આવવું નહિ. જેથી રામજીશેઠ મેળામાં ગયા નહિ. પછી મેળામાં ટુટિયાનો મહામારી રોગ થયો તેમાં હજારો માણસો મરી ગયા. તેવા સમાચાર રામજીશેઠને મળ્યા. "રામજી શેઠ કહે અન્તર્યામીના અન્તર્યામી જ હોય." આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે મારી રક્ષા કરી. એવો પાકો નિશ્ચય થયો.

વળી એકવાર રામજીશેઠ અમદાવાદ શ્રી નરનારાયણદેવનાં તથા પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનાં દર્શન કરવા આવ્યા. કથાવાર્તા પુરી થયા પછી. પ.પૂ. મહારાજશ્રીએ કુશળ સમાચાર શેઠને પૂછ્યા. રામજી શેઠ કહે - બાપજી ! વઢવાણના રાજાનો દિવાન આપણા ઉપર ઘણી જ ઈર્ષ્યા કરે છે. સત્સંગીઓને વગર ગુનાએ દંડ કરે છે. સત્સંગનું ઘસાતું બોલે તેને આદર આપે છે. હમણાં સત્સંગીના બળદને જપ્ત કરીને ૧૨ રૂા દંડ વસૂલ કર્યો. ત્યારે મહારાજશ્રી બોલ્યા કે એ દિવાનને થોડા દિવસમાં જ મહારાજ પરચો બતાવશે. રામજી શેઠ કહે પરચામાં શું થશે ? અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે પંદર દિવસમાં રાજા તેને દિવાન પદેથી ઉતારી દેશે. વળી થોડા દિવસમાં તેના શરીરમાં ભારે મંદવાડ થશે તેમાં શરીરમાં મોટા મોટા જીવડાં પડશે અને તેની ચાકરી કરવા કોઈ પાસે જઈ શકશે નહિ. રામજી શેઠ મેમકા ગયા. ગામના હરિભક્તોને મહારાજશ્રીએ કહેલી વાત કરી અને પંદર દિવસમાં જ મહારાજશ્રીના વચન સત્ય થયાં. વઢવાણ વિસ્તારના લોકો વાતો કરવા લાગ્યા કે દિવાને સ્વામિનારાયણ ભગવાન અને સત્સંગીનો બહુંજ દ્રોહ કર્યો તેથી તેને પાપ લાગ્યું.

વળી એકવાર મૂળીમાં વસંત પંચમીના સમૈયામાં રામજી શેઠે પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને કુશળતાના સમાચાર પૂછ્યા ત્યારે મહારાજશ્રી કહે સુખી દુઃખી બેય છીએ. શેઠ કહે એટલે શું ? મહારાજશ્રી કહે રાત્રે ખબર પડશે. બરાબર વસંત પંચમીની રાત્રે પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ મંદવાદ ગ્રહણ કર્યો. મહારાજશ્રી કહે વસંત પંચમીના સમૈયા પહેલાં દેહમાં મંદવાડ આવવાનો હતો. પણ ભક્તોને સુખ આપવા અમે મંદવાડને રોકી રાખ્યો. સમૈયો પુરો થતાં મંદવાડ સ્વેચ્છાએ ગ્રહણ કર્યો. ત્યારે મૂળી દેશના ભક્તો વાતો કરવા લાગ્યા કે ભગવાનના દીકરા ભગવાન જેવા જ છે.

ધર્મકુળ વંદના મહોત્સવનો પુરૂષાર્થ અને તન, મન, ધનની સેવાનો પરમાર્થ

લેખક - સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર)



જુન મહિનાએ બારણે ટકોરા માર્યા છે, મનુષ્ય માત્રના દૈનિક જીવન ઉપર હજુ મે મહિનાના મિજાજની અસર છે. પરંતુ એ અસર નહિ ગણકારતાં જૂન મહિનાની પહેલી તારીખે સૂર્યનારાયણના ધરતી ઉપર પહેલા કિરણના આગમનની સાથે જ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને તેમજ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના મજબૂત સંકલ્પ બળે અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજની અમીમય દૃષ્ટિએ તેમજ અમદાવાદ મંદિરના વિદ્વાન અને વ્યવહાર કુશળ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સંતો-મહંતો અને હરિભક્તોના પરિશ્રમ બળે સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સંસ્થાપિત શ્રી નરનારાયણદેવ ગાદીના પીઠાધિપતિ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ૨૦૦ મી જન્મ જયંતી મહામહોત્સવ "ધર્મકુળ વંદના" નો ગરવી ગુજરાતના પવિત્ર અમદાવાદ શહેરના વિશાળ પ્રાંગણમાં લાખ્ખોની સંખ્યામાં ઉભરાતા હરિભક્તોના "જયઘોષ" થી મંગલ પ્રારંભ થયો.

આ "ધર્મકુળ વંદના મહોત્સવે" સત્સંગી માત્રને "ધર્મવંશી ધર્માચાર્ય"ની આગવી ઓળખ આપી છે.

ધર્મકુળ વંદના મહોત્સવનો પુરૂષાર્થ : શાસ્ત્રોનો મત છે કે કોઈપણ નાના મોટા કાર્યમાં પુરૂષાર્થ વિના સિદ્ધિ ક્યારેય મળતી નથી, હા' મનુષ્ય માત્ર પુરૂષાર્થ કરે તો તેના કાર્યમાં પરમ કૃપાળુ પરમાત્મા જરૂર ભળે છે. આવો જ અનુભવ "ધર્મકુળ વંદના" મહોત્સવમાં થયો. આપણા સૌના લાડીલા, વિશ્વવંદનીય શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશ જ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી નારાયણવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી વિગેરે સંત મંડળ

સાથે "ધર્મકુળ વંદના મહોત્સવ"ના પ્રચાર અને પ્રસાર માટે માર્ચ-૦૯ માં અમેરિકાના પ્રવાસે ગયા ત્યારે અમેરિકામાં વસતા સંખ્યાબંધ હરિભક્તોએ "પૂજ્ય શ્રી આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ"ના "ધર્મકુળ વંદના મહોત્સવ"ને શાનદાર રીતે ઉજવવા હૃદયની ઉર્મિઓ સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વચનને વધાવી પોતાની દૈવી લક્ષ્મી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં યથાશક્તિ સમર્પિત કરી ધન્યતા અનુભવી સાથે "ધર્મવંશી ધર્માચાર્ય"નો ધર્મકુળવંદના મહોત્સવ દબદબા પૂર્વક ઉજવાય તેવી ભાવભરી લાગણીઓ વ્યક્ત કરીને પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીની ઝોળી સૌ કોઈ યુવાન-વડીલ બાઈ-ભાઈએ છલકાવી દીધી. જેમાં અમેરિકાના આપણા તમામ મંદિરોના પ્રમુખશ્રીઓ તેમજ ટ્રસ્ટીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથે સાથે અમેરિકામાં આપણા મંદિરોમાં રહી સેવા પૂજા કરતાં સંતો. સ.ગુ. જે.પી. સ્વામી તથા હરિપ્રસાદ સ્વામી (શિકાગો), સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી (ચેરીહીલ), સ.ગુ. શાસ્ત્રી સિધ્ધેશ્વરદાસજી (બોસ્ટન), સ.ગુ. શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી (કલિવલેન્ડ), સ.ગુ. શાસ્ત્રી બ્રહ્મસ્વરૂપદાસજી (ડેટ્રોઈટ), સ.ગુ. સ્વામી વિવેકસાગરદાસજી (ફલોરિડા), સ.ગુ. શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી (એડીસન), સ.ગુ. કે.પી. સ્વામી (હ્યુસ્ટન), સ.ગુ. શા. સ્વામી માધવદાસજી (ન્યુજર્સી) વિગેરે સંતો-મહંતોએ "ધર્મકુળ વંદના મહોત્સવ" શાનદાર રીતે ઉજવવા તન, મન, ધનથી સમર્પિત થવા હરિભક્તોને ભાવભરી વાણીથી પ્રેરિત કર્યા હતા. એટલું જ નહિ પૂ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સત્સંગના માર્ગે વાળેલા અનેક નવ યુવાનોએ પોતાને મળતી સેલેરી "ધર્મકુળ વંદના મહોત્સવ"માં સમર્પિત કરી ગુરૂઋણમાંથી મુક્ત થવાનું એક અદ્વિતીય આવકારદાયક અને પ્રેરણાદાયી ઉદારહણ પુરૂં પાડ્યું હતું. અમેરિકામાં વસતા ભારતીય સત્સંગીઓ જેવા કે, ડાંગરવા, મોખાસણ, કરજીસણ, વડુ, રાજપુર, કોઠા, જોરણંગ, અમદાવાદ, કલોલ, દેઉસણા, કડી, આનંદપુરા, સાંકાપુરા, નારદીપુર, બાકરોલ, મીરોલી, ગામડી તેમજ કચ્છ પ્રદેશ અને હાલાર પ્રદેશના અનેક હરિભક્તોએ "આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ધર્મકુળ વંદના મહોત્સવ"ને સાકાર કરવા પૂ. આચાર્ય મહારાજશ્રી અને અમદાવાદ મંદિરના મહંત સ્વામીની પ્રેરણારૂપી તકને ઝડપી પોતાનું ગુરૂઋણ અદા કરવાનું કર્તવ્ય શ્રધ્ધા સભર નિભાવ્યું હતું.

આ સિવાય ઈંગ્લેન્ડ, આફ્રિકા, સ્વીડન, કેનેડા તેમજ ઓસ્ટ્રેલીયા, સિસલ્સ, ન્યુઝીલેન્ડ વસતા હજારો હરિભક્તોએ આ "ધર્મકુળ વંદના મહોત્સવ"માં સેવાનો પરમાર્થ સમજી સુવર્ણ તક ઝડપી હૃદયની ભાવનાઓ સાથે તન, મન, ધનની સેવા ન્યોછાવર કરી અમદાવાદના આંગણે "ધર્મકુળ વંદના મહામહોત્સવ"માં પધારી દેવ દુર્લભ અલભ્ય લાભ લઈ શ્રીજી મહારાજ, પૂ. મોટા મહારાજશ્રી, પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. લાલજી મહારાજ, સંતો-મહંતો અને હરિભક્તોનો રાજીપો પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

"ધર્મકુળ વંદના મહોત્સવ" આયોજીત ધરતી (ગણેશ હાઉસીંગ)નો પવિત્ર ધબકાર મારી દૃષ્ટિએ...

અમદાવાદના આંગણે "ધર્મકુળ વંદના મહામહોત્સવ" ઉજવવા માટે વિશાળ જગ્યા મેળવવાનો એક જટીલ પ્રશ્ન હતો, જે સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અને પૂ. મહંત સ્વામીના અથાગ પરિશ્રમથી આંખના પલકારાની જેમ ઉકેલાઈ ગયો, સામેથી જ ભગવાન શ્રીહરિના પરમ ભક્ત શ્રી ગોવિંદભાઈ સી. પટેલે (ગણેશ હાઉસીંગ પ્રા.લી.) આ મહોત્સવ પોતાની સરખેજ - ગાંધીનગર હાઈવે ઉપર થલતેજ ચાર રસ્તા ઉપર આવેલી જમીનમાં ઉજવવા મંજુરી આપીને સેવાની તક ઝડપી લીધી. અને ત્યારબાદ તે ધરતી ઉપર "ધર્મકુળ વંદના મહામહોત્સવ" પૂર્વે પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે હજારો સંતો હરિભક્તોની હાજરીમાં વૈશાખ સુદ-૩ (અખાત્રીજ)ન

મંગલ મૂહુર્તમાં વિધિવત વિજય સ્તંભની સ્થાપના કરવામાં આવી. વિજય સ્તંભની સ્થાપનાના શ્રી ગણેશથી તે ધરતી ઉપર "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર સતત ગુંજવા લાગ્યો. તા. ૩ જુન સુધી આ "સ્વામિનારાયણ" મહામંત્રનો ધબકાર સતત ચાલતો જ રહ્યો.

પૂ.આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન ચરિત્રના સાહિત્યની અદ્‌ભુત સેવા.

"ધર્મકુળ વંદના મહોત્સવ"ને અનુલક્ષી પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન ચરિત્રનો ચિતાર સત્સંગી માત્રને અનુભવાય તેવા હેતુથી સાહિત્ય સેવા જેવી કે, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રચિત કીર્તનાવલી, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું જીવનચરિત્ર પુસ્તક, તેમજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા થયેલા સત્સંગમાં અનેક સત્‌કાર્યો દર્શાવતું સચિત્ર પુસ્તક અને વિડીયો તેમજ ડી.વી.ડી. અનેક કેસેટો સંતો-હરિભક્તોના સાથ સહકારથી કાલુપુર મંદિર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવી. આ એક અદ્વિતીય "ધર્મકુળ વંદના મહોત્સવ"નું અલૌકિક સંભારણું બની રહેશે. આ કાર્યમાં શ્રી નરનારાયણદેવના પૂજારી સ.ગુ. બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી તથા નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીએ આગવી સૂઝ-બૂઝથી પૂ. આચાર્ય મહારાજશ્રીની પ્રેરણાથી અને પૂ. મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન મુજબ સાહિત્ય પ્રકાશન કાર્યની સેવામાં અથાગ પરિશ્રમ લઈ સફળતા પ્રાપ્ત કરી સત્સંગ સમક્ષ એ સાહિત્ય પ્રકાશન મૂકેલ છે.

તેમજ અન્ય યોગ્ય સેવાઓમાં જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર), સ.ગુ. શા.સ્વામી આનંદજીવનદાસજી, સ.ગુ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર), સ.ગુ. પી.પી સ્વામી (કોટેશ્વર), સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), સ.ગુ. મહંત સ્વા. કૃષ્ણવલ્લભદાસજી (સુરેન્દ્રનગર), સ.ગુ.સ્વા. રાજેન્દ્રપ્રસાદદાસજી, સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા), સ.ગુ. જે.કે સ્વામી કોઠારી, સ.ગુ. શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (કલોલ), સ.ગુ. શા.સ્વા. અખિલેશ્વરદાસજી, સ.ગુ. યોગી સ્વામી, પાર્ષદ દિગંબર ભગત, સ.ગુ. ભક્તિ સ્વામી, સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ.ગુ. સ્વા. જગદીશપ્રસાદદાસજી (ઈડર), સ.ગુ. શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર), મહંત સ્વામી નંદકિશોરદાસજી (સાપાવાડા), સ.ગુ. સ્વા. હરિસ્વરૂપદાસજી (પંચમહાલ), સ.ગુ. મહંત સ્વા. ગુરૂપ્રસાદદાસજી (કાંકરિયા) વિગેરે નામી અનામી સંતોએ આ મહોત્સવમાં ખૂબજ સેવા કરી શ્રીજી મહારાજ અને પૂ. મહારાજશ્રીનો રાજીપો પ્રાપ્ત કરેલ છે.

આ મહોત્સવની પૂર્વભૂમિકામાં શ્રી પ્રવિણભાઈ નસીત તથા પ.ભ. ઈશ્વરભાઈ ગંગારામભાઈ તથા પ.ભ. જયરામભાઈ કાનાણી, પ.ભ. મનોજભાઈ અમરતભાઈ તથા પ.ભ.શ્રી રતિભાઈ દેવપુરાવાળા, પ.ભ. અમિતભાઈ દશરથભાઈ પટેલ, પ.ભ. તુષારભાઈ દશરથભાઈ પટેલ, પ.ભ. ઉદયનભાઈ મહારાજા, પ.ભ. શરદભાઈ ગોવિંદભાઈ પટેલ, પ.ભ. ભરત ઠક્કર, પ.ભ. પ્રવિણભાઈ પટેલ (શ્રધ્ધા કેસેટ કું.), પ.ભ. ધર્મેન્દ્રભાઈ વિગેરે હરિભક્તોએ શ્રધ્ધાપૂર્વક ખૂબ જહેમત ઉઠાવી મહોત્સવને સફળ બનાવવા ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

અંતમાં "ધર્મકુળ વંદના મહામહોત્સવ"ને સફળ બનાવવા માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટીના તમામ સભ્યશ્રીઓ અને સંતો-મહંતો તેમજ હરિભક્તોએ સતત સક્રિય બની પોતાનું યોગદાન આપ્યું છે. તે પણ સત્સંગ સેવાનું એક અનોખું સંભારણું બની રહેશે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી. "ધર્મકુળ વંદના મહોત્સવ" એ લખવાનો કોઈ ઉત્સવ નહોતો પરંતુ દર્શનીય અને સેવા સમાગમનો ઉત્સવ હતો.

॥ અસ્તુ ॥

विजयस्तंभयात्रा




















पोथीयात्रा







"ધર્મકુળ વંદના મહોત્સવ" - ફળશ્રુતિ

- સાધુ રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)

સર્વાવતારી ભગવાન શ્રીહરિના પુત્ર એવા આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના જન્મ દ્વિશતાબ્દી એટલે કે "ધર્મકુળ વંદના મહોત્સવ" આપણે સૌએ ખૂબ ધામધૂમથી ઉજવ્યો. ત્રિદિનાત્મક એ મહા મહોત્સવ તો પૂર્ણ થયો પણ એની ફળશ્રુતિ શું ?

હિંદુ સનાતન સંસ્કૃતિનો આધારભૂત ગ્રંથ એટલે "શ્રીમદ્ ભાગવત ગીતા" ગીતાજીના ઉદ્ભવની ભૂમિકાને જો વિચારીએ તો જણાય કે કુરુક્ષેત્રના રણ મેદાનમાં લડાઈ માટે ભેગી થયેલી કૌરવ અને પાંડવો સેનામાં યુદ્ધ પ્રારંભની ઘડીઓ જ્યારે ગણાઈ રહી હતી ત્યારે અર્જુને પોતાનો રથ બન્ને સેનાની વચ્ચે લાવવા પ્રભુને કહ્યું ને પછી બન્ને સેનાઓ સામે જોયું. કૌરવ પક્ષે ગુરુદેવ દ્રોણાચાર્ય, પિતામહ ભીષ્મ અને કુલગુરુ કૃપાચાર્યને જોયા ને હાથમાંથી હથિયાર નીચે મુકી દીધા. હૃદયમાં ગ્લાનિ વ્યાપી. વિષાદ જાગ્યોને હાથ જોડી પ્રભુને વિનંતી કરી કે "હે નાથ ! મારાથી આ યુદ્ધ નહીં થાય. એક જમીનના ટુકડા માટે હું મારા સગા, સંબંધીઓની હત્યા ન કરી શકું. મારાથી આ કુકર્મ આ પાપ નહીં થાય." આમ અર્જુન જ્યારે યુદ્ધથી પાછા પડ્યા એ સમયે પ્રભુએ અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો અને એ પછી અર્જુન "કરિષ્યે વચનં તવં" (તમારા વચન પ્રમાણેજ કરીશ) કહીને યુદ્ધમાં જોડાયા. ઈતિહાસ એ યુદ્ધને આજે પણ ભૂલ્યો નથી. આ યુદ્ધના મૂળમાં જો કોઈ હોય તો પ્રભુ દ્વારા અપાયેલો ગીતાનો ઉપદેશ છે. જો પરમાત્માએ ત્યાં ગીતા ન પ્રબોધી હોત તો ઈતિહાસ જુદો પણ હોત. આજ વાતને બીજી દ્રષ્ટિથી વિચારીએ તો ગીતા પૂર્ણ થઈને યુદ્ધ શરૂ થયું. એક અર્થમાં ગીતાની ફળશ્રુતિ એટલે મહાભારતનું યુદ્ધ.

આજે પણ દુનિયામાં ઘણા લોકો એવું માને છે કે જો પ્રભુ શ્રી કૃષ્ણચંદ્રએ ગીતાજીનો ઉપદેશ ન આપ્યો હોત તો યુદ્ધ થયું જ ન હોત. અર્જુન તો યુદ્ધ કરવાના જ નહોતા પણ પ્રભુએ જ તેમને યુદ્ધમાં પ્રેર્યા. કંઈક અંશે આ વાત સત્ય પણ છે. પરંતુ મુલતઃ પ્રભુએ અર્જુનને બહારના યુદ્ધમાં ઉતારી અંદરના યુદ્ધથી બચાવ્યો છે. આ પોતાના-પારકા, જય-પરાજય, હિંસા, અહિંસા, પાપ, પુણ્ય, જીવન, મૃત્યુ, કર્મ, ફળના દ્વંદ્વમાંથી પ્રભુએ અર્જુનની મુક્તિ કરી છે. જગતની દ્રષ્ટિએ ગીતા પૂર્ણ થઈ એટલે યુધ્ધ શરૂ થયું એમ મનાય છે પણ ખરેખર તો યુદ્ધ જે અર્જુનની અંદર ચાલતુ હતું તે પૂર્ણ થયું છે. ગીતાની ફળશ્રુતિ એ યુદ્ધ નહીં પણ આપણા મનમાં આપણને માનેલી જે માન્યતાઓ એનો અંત.

આપણા મનમાં આપણે માનેલા ખ્યાલો એનો અંત અને અર્જુનની જેમ "કરિષ્યે વચનં તવં" એનો આરંભ એજ આ ઉત્સવની ફળશ્રુતિ છે. ઉત્સવ માણ્યા બાદ આપણા જીવનની પ્રત્યેક ક્ષણ પ્રભુ વચન મય બને અને તેથી જ બ્રહ્માનંદ સ્વામી કહે છે કે,

"મન ગમતું સર્વે મેલીને એક તમને રીજાવા રે,
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને ગુણ તમારા ગાવા રે."

એ ન્યાયે આપણું ગમતું કે માનેલું મુકી પ્રભુ આજ્ઞા પ્રમાણે આપણું જીવન જીવાય આપણામાં રહેલા દોષો દૂર થાય તો જ ઉત્સવની સાર્થકતા છે. તા. ૩-૬-૦૯ ને ભીમ એકાદશીના દિવસે ઉત્સવ પૂર્ણ થયો નથી. આપણા જીવનનો ઉત્સવ એજ દિવસથી આપણે શરૂ કરવાનો છે. સર્વાવતારી શ્રીહરિની આપણને પ્રાપ્તિ થઈ છે. આવા દેવ, આચાર્ય, સંતો, સત્સંગીઓની પ્રાપ્તિ થઈ છે. એનો કેફ રાખી આપણે જીવન જીવીએ તો જ આપણો આ ઉત્સવ સાર્થક થયો ગણાય. બાકી તો ઠીક મારા ભૈ.....



ધર્મકુળ વંદના મહોત્સવ

કાયમી સ્મૃતિ રૂપ સંપૂર્ણ અહેવાલ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

રંગ ઉત્સવ સમૈયા કરીને ગઢડું ઘેલું કીધું રે : નંદ સંતો પૈકી કોઈ સંતે લખેલી આ પંક્તિથી કહે છે કે શ્રીહરિએ ગઢપુરમાં સતત અને સતત રંગોત્સવ તથા ઉત્સવ સમૈયા કરીને ગઢડાને ઘેલું કર્યું એટલે કે ગઢપુરવાસીઓને ઉત્સવોનું ઘેલું લગાડી દીધું. ઉત્સવોમાં બ્રેક વાગે એ પાલવે નહિ. આ તો થઈ શ્રીજી મહારાજ અને ગઢપુર વાસીઓની વાત ! શ્રીજી મહારાજનું વિશેષ નિવાસ સ્થાન એ સમયે ગઢપુરમાં રહ્યું એટલે ગઢપુર વાસીઓને વિશેષ ઉત્સવ સમૈયાનો દિવ્યાનંદ પ્રાપ્ત થતો રહેતો, એ જ પરંપરા મુજબ આજે શ્રીજી મહારાજે સ્થાપન કરેલી ધર્મકુળ આચાર્ય પરંપરાના શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્યશ્રીઓ શ્રીનગર (અમદાવાદ)માં વિશેષે કરીને રહે છે. સતત વિચરણ કરતા રહે. પરંતુ સત્સંગ વિચરણના કાર્યક્રમો પૂરા કરીને પરત પધારવાનું શ્રીનગરમાં. તેથી જ આજે એવું લખી શકાય કે.....

રંગ ઉત્સવ સમૈયા કરીને શ્રીનગર ઘેલું કીધું રે : કારણ કે શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રાગટ્ય દ્વિશતાબ્દી મહા મહોત્સવ પછી આપણે કેટકેટલા મહા મહોત્સવો માણ્યા ! રજત સુવર્ણ જયંતી, શ્રી નરનારાયણદેવ શતામૃત મહોત્સવ, ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ, શ્રીનરનારાયણદેવ દેશના સાતમા આચાર્યશ્રીનો ગાદી અભિષેક મહોત્સવ વગેરે મોટા ઉત્સવો આપણા સ્મૃતિ પટ પર અંકિત થઈ ગયા છે, કાયમી ધોરણે સ્મૃતિ પર ચોંટી ગયા છે. કોઈ કાળે ભૂલાય જ નહિ ! પાટોત્સવો, રંગોત્સવો તેમજ પ્રાગટ્યોત્સવો તો અવિરત ચાલ્યા જ કરે. કારણ કે મંદિરો પણ કેટલા બધા ! વળી શ્રીહરિના ત્રણ ત્રણ અપર સ્વરૂપો તેથી આપણને ત્રણ ઘણો લાભ મળે છે ! પ.પૂ. મોટા મહારાજશ્રી પદ પરથી નિવૃત થયા છે અને આજે પણ મ્યુઝિયમ સિવાય બીજી બાબતમાં પોતાને નિવૃતિ આપવા માટે આપણને જાહેર સભામાં વિનંતી કરે છે. પરંતુ એવું જણાય છે કે તેઓશ્રીનો શ્રીજી મહારાજ શ્રી નરનારાયણદેવ પ્રત્યેનો પ્રેમ અને આપણા સૌનો તેઓશ્રી

(પ.પૂ. મોટા મહારાજશ્રી) પ્રત્યેનો પ્રેમ તેઓશ્રીને ક્યારેય આ સત્સંગ સાગરમાંથી નિવૃત્તિ નહીં લેવા દે !

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના અધ્યક્ષ સ્થાને તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સંકલ્પ અને ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી અને શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદના થલતેજ વિસ્તારમાં ગણેશ હાઉસીંગ કોર્પો.ના વિશાળ મેદાનમાં શ્રી સ્વામિનારાયણ નગરમાં આ મહા મહોત્સવ તા. ૧-૬-૦૯ થી તા. ૩-૬-૦૯ સુધી સમગ્ર સંપ્રદાયના વિદ્વાન સંતો, સાંખ્યયોગી બહેનો, સમસ્ત સત્સંગીઓ તેમજ લાખો ધર્મપ્રેમી જનતા વચ્ચે ગુરૂઋણ અદા કરવા માટે પૂર્ણ ભક્તિભાવથી અતિ ધામધૂમથી ઉજવાયો.



આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો જન્મ દ્વિશતાબ્દિ મહોત્સવ એ ખૂબજ નવીન અને મૂળ સંપ્રદાયનો એક અતિ મહત્વનો ઉત્સવ બની રહ્યો. શ્રીજી મહારાજ, શ્રી નરનારાયણદેવ તેમજ વિદ્યમાન આચાર્યશ્રીના નિમિત્તથી આપણે ઉત્સવો ઉજવ્યા. પરંતુ આ ઉત્સવમાં આ સમયે આપણે જગતને સ્વામિનારાયણ ભગવાને સ્થાપન કરેલી આપણી ધર્મવંશી આચાર્ય પરંપરાના મૂળનું દર્શન કરાવ્યું. ઘણા લોકો કહેતા હોય છે કે તમારા સંપ્રદાયમાં ઘણા ફાંટા પડ્યા છે. સજ્જનો ! હકીકતમાં આ સંપ્રદાયનો અન્ય કોઈ ફાંટો જ નથી ! જેમ પ્રતિષ્ઠિત દુકાનવાળા કહે છે કે અમારી અન્ય કોઈ શાખા નથી. છતાં કોઈ ડુપ્લીકેટ શાખાનું પાટિયું વાંચીને માલ ખરીદી લાવે તો અંતે રડવાનો કે પસ્તાવાનો વારો આવે. અહીં પણ એવું જ છે ! મૂળ સંપ્રદાયની જે નકલ કરતા હોય તેવા લોકોની માયાજાળમાં જો ફસાયા તો અંતે આ લોક અને પરલોકમાં રડવાનો વારો આવે !

અમારા ઈષ્ટદેવ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપન કરેલી ધર્મવંશી આચાર્ય પરંપારના બે મૂળ છે. એક છે અમદાવાદ ગાદી (શ્રી નરનારાયણદેવ દેશ) અને બીજી છે વડતાલ ગાદી (શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ). શ્રીહરિએ આ બે મૂળિયા બહુ ઉંડા પાતાળ સુધી નાંખ્યા છે. તેને કોઈ ઉખેડી શકે જ નહિ. મૂળ બે છે, પરંતુ પૃથ્વી પર આવીને બન્ને મૂળ ભેગા થઈને એક મોટા વડના વૃક્ષનું જાડું મજબુત થડિયું હોય તે રીતે એક જબરજસ્ત મોટા થડ સ્વરૂપે બની જાય છે. આ પરંપરાવાળો જ મૂળ સંપ્રદાય કહેવાય છે. જે પક્ષીઓ મોટા વૃક્ષની ડાળીઓ પર બેઠા હોય છે તે કિલ્લોલ કરતા જોવામાં આવે છે એ કાયમ કિલ્લોલ કર્યા કરે છે. દેહ છોડે ત્યારે પણ કિલ્લોલ ચાલુ જ ! કલ્યાણકારી ગેરંટી ! શ્રીજી મહારાજ તરફથી ! હવે હે સજ્જનો ! તમે આ મૂળ સંપ્રદાયની બહાર જે આભાસ ઉભો કરવામાં આવે છે તેને ક્યારેક જઈને પૂછશો કે અલ્યા ભાઈઓ ! તમારા આ ઝાડનું ક્યાંય મૂળ ખરું ? અને જો હા કહે તો તુરત જ પ્રશ્ન કરવો કે એ મૂળ કોણે નાંખ્યું ! તુરત જ પોલ પકડાઈ જશે !

કાલુપુર મંદિરે તો આ વખતે દેશ વિદેશના ધાર્મિક જનોને આ સંપ્રદાયનું મૂળ બતાવી દીધું. આ ઉત્સવે આ

વખતે જગતમાં કંઈક અનોખી ભાત પાડી દીધી ! સર્વાવતારી શ્રીહરિએ આદિ આચાર્યશ્રીનું કાંડું ઝાલીને સત્સંગની ગાદી પર બેસાડીને ધર્મધુરા - સંપ્રદાયનું સુકાન સોંપ્યુ છે. એ નિર્માણ કરેલી પરંપરા આ પૃથ્વી રહે ત્યાં સુધી ચાલ્યા જ કરવાની. વાવાઝોડામાં વેલ ક્યાય ઉડી જાય ! પરંતુ મૂળ, થડ અને વડવાઈઓ વાળો વડ કોઈ દિવસ ઉખડે !

આ ઉત્સવ ઉજવવા માટે પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા થઈ. તેમાં આશીર્વાદ ભળ્યા, શ્રી નરનારાયણદેવ, શ્રીજીમહારાજની કૃપા થઈ એટલે તુરત જ અમદાવાદ દેશના સંત-હરિભક્તો **Stand by** થઈ ગયા. મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી અને સ્કીમ કમિટીના સભ્ય આદિની પ્રેરણાથી આ મહોત્સવ ઉજવવા માટે પ.ભ. શ્રી ગોવિંદભાઈ સી. પટેલે સરખેજ ગાંધીનગર હાઈવે ઉપર પોતાના ગણેશ હાઉસીંગ કોર્પો.નું અતિ વિશાળ મેદાન મંદિરને આપ્યુ. તા. ૨૭-૪-૦૯ ના રોજ ધામધૂમથી વિજય સ્તંભની સ્થાપના કરવામાં આવી. પ.પૂ. મહારાજશ્રીએ આ ઉત્સવ નિર્વિઘ્ને અને ખૂબજ ધામધૂમથી થશે એવા આશીર્વાદ આપ્યા. અને થયું પણ એમ જ ! સાથે સાથે એવું પણ કહેલું કે, આ ઉત્સવના નિમિત્તથી આપણે અનેક મનુષ્યોને શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમણે સ્થાપેલા મુળભૂત સિદ્ધાંતોની ઓળખાણ કરાવવાની છે, સમૈયાની ફળશ્રુતિ રૂપ એ મુજબ જ બધું થયું !

વિજય સ્તંભ સ્થાપન બાદ તુરત જ કાળુપુર મંદિરના મહંત સ્વામીશ્રી સહિત અગ્રગણ્ય સંત હરિભક્તો, સ્કીમ કમિટીના સભ્યો આયોજનના કાર્યમાં વ્યસ્ત બન્યા. તા. ૨૧-૫-૦૯ થી જ સ્વયં સેવકો માટે રસોડું શરૂ કરી દેવામાં આવ્યું. કેટલાક સંત-હરિભક્તો ફુલ ટાઈમ તો કેટલાક પાર્ટ ટાઈમ સેવા કરવા લાગ્યા. દરેકને હૃદયમાં એક જ ભાવના હતી કે આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી જન્મ જયંતિ નિમિત્તે આપણે કંઈક સેવા કરીને શ્રીજી મહારાજ અને ધર્મકુળને રાજી કરવું છે. તન, મન અને ધનથી સેવા થવા લાગી. મહોત્સવની સફળતા માટે દેશ વિદેશમાં તથા અમદાવાદ દેશના ગામોમાં પ.પૂ. મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોનું વિચરણ થયું. નિમંત્રણની મોટી પત્રિકા દેશ-વિદેશના નાના-મોટા મંદિરોમાં, વિશેષ મહાનુભાવોને મોકલવામાં આવી. તેમજ મે મહિનાના શ્રી સ્વામિનારાયણ માસિકના અંકમાં પણ સામેલ કરવામાં આવી. ઠેર ઠેર શહેરના રાજમાર્ગો પર સુશોભિત કમાનો ઉભી કરીને



તથા માર્ગના ચાર રસ્તા પર મોટા મોટા હોર્ડિંગ ગોઠવીને, મંદિરોમાં બેનરો લગાવીને તેમજ કેલેન્ડર, પત્રિકાઓ અને હરિભક્તોના વાહનો પર સ્ટીકર લગાવીને તથા અગ્રગણ્ય અખબારોના માધ્યમથી ધાર્મિક જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું.


પ.પૂ. મહારાજશ્રીના નામમાત્રથી, સંતોની પ્રેરણાથી, સત્સંગ સભાઓના માધ્યમથી દાનનો અસ્ખલિત ધોધ શરૂ થયો અને મહોત્સવની પૂર્ણાહુતિ સુધી ચાલતો જ રહ્યો. હજારો અને લાખો રૂપિયાનું દાન કરીને હરિભક્તો પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા. પ.પૂ. મહારાજશ્રીએ કાર્યકુશળ અનુભવી સંત-હરિભક્તોને સાથે રાખીને ૩૬ મુખ્ય અને ૬૪ નાના પ્રકારની એમ કુલ ૧૦૦ કાર્યકારી સમિતિઓની રચના કરી અને કાર્યભારની યથાયોગ્ય વહેંચણી કરી. દરેક સમિતિમાં સરેરાશ ૫ થી ૭ સભ્યો નિયુક્ત કરીને તેની નીચે ૧૦,૦૦૦ સ્વયં સેવકોની નામાવલી થઈ.


સ્વયં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દરરોજ સીધા જ માર્ગદર્શન નીચે કાલુપુર મંદિર મહંત, શા.શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, નારણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી સ્વામી, બ્ર. શ્રી રાજેશ્વરાનંદજી સ્વામી, શા. સ્વામી નિર્ગુણદાસજી, શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી જેતલપુર, સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી વડનગર, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી સુરેન્દ્રનગર, નાના પી.પી. સ્વામી તથા શા. સ્વામી રામકૃષ્ણદાસજી તેમજ અમદાવાદ મંદિરના ટ્રસ્ટી બોર્ડના સભ્યોની સતત દેખરેખ નીચે, આર્કિટેક એન્જીનીયર શ્રી પ્રવિણભાઈ વી. નસીતના પ્લાન મુજબ નારણપુરા, નારાયણઘાટ, બાપુનગર, વાડજ, રાણીપ, ઘાટલોડીયા, જીવરાજપાર્ક, બોપલ વગેરે અમદાવાદના ઘણાં વિસ્તારોમાંથી સ્વયંસેવક ભાઈઓ તથા બહેનો મોટા વાહનો લઈને સ્થળ પર આવવા લાગ્યા. યજ્ઞના કુંડ બનાવવા લીંપણ કરવું, વાળવું, સાફ સફાઈ કરવી, માટી ફેરવીને જમીનનું લેવલ સરખું કરવું, અનાજ સાફ કરવું આદિક અનેક પ્રકારની સેવાઓ કરવા લાગ્યા.

ઉત્સવ આવ્યો એ પહેલા મહોત્સવની સફળતા માટે તથા શ્રીહરિ અને ધર્મકુળને રાજી કરવા માટે અસંખ્ય ભક્તજનોએ 'સ્વામિનારાયણ' નામની વિશેષ માળા કરી, શ્રીહરિની પ્રદક્ષિણા કરી, ભાઈઓએ દંડવત્ તથા બહેનોએ પંચાગ પ્રણામ કર્યા, જનમંગલના પાઠ કર્યા, મંત્ર લેખન કર્યું, વચનામૃત, ભક્ત ચિંતામણી તથા બાલ ચરિત્રના પાઠ કર્યા, કીર્તન બોલ્યા, વંદુના પદ બોલ્યા, સત્સંગ સભાઓ કરી, સમૂહ કીર્તન ભક્તિ કરી, ઠાકોરજી, પ.પૂ. મહારાજશ્રી તથા સંતોની પધરામણી કરાવી.

તા. ૨૯-૪-૦૯ ના રોજ તમામ સ્વયં સેવકો ગ્રાઉન્ડ પર આવીને સેવામાં લાગી ગયા. નિયત ડ્રેસ, માથે મહોત્સવની સ્મૃતિ રૂપ ટોપી અને ગળામાં ભરાવેલું છાતી પર લટકતું ઓળખપત્ર એમ શ્રી સહજાનંદ સ્વામીની આ ફોજનો કોઈ ગુણ લે તો તે જીવાત્માનું પણ રૂડું થાય તેવી આ ફોજ ગ્રાઉન્ડ પર સેવામાં લાગી ગઈ, જેના ફળ સ્વરૂપે ઉત્સવના આગલા દિવસે કોઈ વ્યક્તિ ફક્ત ફરવા માટે આવે તો પણ તેને આનંદ થાય તેવું મહોત્સવ માટે એક અતિ રમણીય અને દર્શનીય સ્વામિનારાયણ નગર ઉભું થઈ ગયું.

આ નગરમાં ૬૦ X ૩૦ ફૂટનું વિશાળ 'શ્રી અયોધ્યાપ્રસાદજી દ્વાર' હતું. જેની બન્ને બાજુ છત્રીઓની રચના કરી હતી. બન્ને બાજુ શરણાઈઓ તથા ઢોલવાળા સુમધુર સુર રેલાવી ને મહોત્સવ પૂર્ણ થતા સુધી





દર્શનાર્થીઓનું સ્વાગત કરતા હતા. નગરમાં પ્રવેશતા જ પાકા ફલોરીંગ સાથે શ્રી નરનારાયણદેવનું મંદિર ઉભું કરવામાં આવ્યું. જેમાં પૂર્વાભિમુખે અર્ચાસ્વરૂપ શ્રી નરનારાયણદેવ દર્શન આપતા હતા. મંદિરથી પાછળ ૨૦૦ ફૂટ ગોળાકાર જેવા આકારનું પાણીથી ભરેલા એક સુંદર સરોવરના દર્શન થતા હતા. આ સરોવરની ઉપર એક સાઈડના ભાગમાં ૨૦ X ૧૫ ફૂટનો બ્રીજ બનાવીને, સરોવરની ફરતે નાના પ્રકારની વનરાજી ઉગાડીને તેમજ પાણીમાં કૃત્રિમ કાચબા અને હંસો મૂકીને સાચા સરોવરનો અહેસાસ કરાવવામાં આવ્યો હતો. સરોવરની આજુબાજુ ડુંગરની જૂદી જૂદી ત્રણ ટેકરીઓની રચના કરીને, તેના ઢોલાવ પર વિવિધ ધાન્ય તથા નાના પ્રકારની ખૂબ ઘાટી વનસ્પતિ તથા ઘાસ ઉગાડીને તેમજ ટેકરીઓ પર કૃત્રિમ હરણો મૂકીને તે ટેકરીઓને અસલ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ટેકરીઓની પાસે પાણીના બે વોટર ફોલ-ફુવારા ચાલુ રાખીને તેમજ સમગ્ર મેદાનમાં પાણીના બંબા દ્વારા પાણીનો સતત છંટકાવ કરીને ઉનાળાના પ્રખર તાપમાં પણ વાતાવરણ તથા જમીનને ઠંડી રાખવામાં આવતી હતી.


મંદિરથી જમણી બાજુ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું જીવન કવન પ્રદર્શન ઉભું કરવામાં આવ્યું હતું. જેમાં પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન આધારિત ચિત્રો તથા વાક્યોથી તેમજ નાના પ્રકારની વનસ્પતિ-ફુલ છોડ, કુંડા, રંગોળીઓથી યુક્ત કરીને સમગ્ર પ્રદર્શનને દર્શનીય બનાવવામાં આવ્યું હતું. વનસ્પતિના કુંડા તથા રંગોળીનો જ્યાં શોભનીય લાગે તેવા ઘણા વિભાગમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંદિરથી ડાબીબાજુ ૧૬૨ X ૧૦૮ ફુટની જગ્યામાં સુશોભિત યજ્ઞશાળા બનાવવામાં આવી હતી. જેમાં ૧ મુખ્ય કમળકુંડની રચના સાથે બીજા ૪૫ યજ્ઞકુંડો બનાવવામાં આવ્યું હતા. યજ્ઞ શાળાની બાજુમાં ૧૦ X ૩૦, ફૂટ જગ્યામાં અખંડ ધૂન મંડપની રચના કરવામાં આવી હતી. ધૂન મંડપ થતા યજ્ઞશાળા તેમજ સભા મંડપ સ્ટેજ વિભાગમાં રંગ મહોલના શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ તથા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની અર્ચા સ્વરૂપની મૂર્તિઓ સ્થાપન કરવામાં આવી હતી.

સ્વામિનારાયણ નગરની મધ્યમાં ૩૦ X ૧૦ ફૂટના મોટા હોડીંગ પર ઉદ્ધવજી તથા નારદજીથી યુક્ત શ્રી નરનારાયણદેવની પ્રસાદી સ્વરૂપની મૂર્તિ સાથે ગઢડા પ્રથમ ૪૮ મું વચનામૃત મોટા અક્ષરે લખવામાં આવ્યું હતું. આ વચનામૃત સંપ્રદાયના આશ્રિત માત્રે ખૂબ મનન અને નિદિધ્યાસ કરવા યોગ્ય છે.

દર્શનાર્થીઓને સભામંડપનું ખૂબ આકર્ષણ રહ્યું. કારણ કે તે ૪૫૦ X ૧૩૧ ફૂટનો તેમજ ૩૫ ફૂટની ઉંચાઈ વાળો જર્મન બનાવટનો હતો. સમગ્ર સભા મંડપ વચ્ચે એક પણ સ્તંભ વિનાનો અને એલ્યુમિનિયમ બનાવટનો હતો. બહારના વાતાવરણ કરતા ૪ ડીગ્રી તાપમાન ઓછું રહે તેવું તેનું ફીનીસીંગ અને કાપડ હતું. સમગ્ર સભામંડપ તથા ધૂન મંડપમાં પાણીની ઝીણી ઝરમર વરસતી હતી. સભામંડપમાં ૧૩૧ X ૮૦ ફૂટનું સ્ટેજ બનાવી તે સ્ટેજની પશ્ચાદ ભૂમિકામાં શ્રી નરનારાયણદેવના મંદિરના એલિવેશનમાં વચ્ચે શ્રી નરનારાયણદેવની તેજસ્વી મૂર્તિ દર્શન આપતી હતી. દર્શન તથા મુલાકાતે આવનારને મહાપ્રસાદની વ્યવસ્થા માટે શ્રી રામપ્રતાપજી ભોજનાલય, શ્રી ભક્તિમાતા ભોજનાલય, સુવાસિની ભોજનાલય વગેરે ધર્મકુળના નામોથી કુલ ૫ વિશાળ ભોજન ખંડ ઉભા

કરવામાં આવ્યા હતા. અને ૨૦૦ X ૧૦૦ ફૂટનું રસોડું બનાવવામાં આવ્યું હતું. મુલાકાતીઓને વિશ્રામ માટે વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો.

જોત જોતામાં તા. ૧-૬-૦૯ નો સૂર્યોદય થયો. ભક્તજનોનો આનંદ સમાતો નહોતો. સવારે ૭ કલાકે પારાયણના મુખ્ય યજમાન પ.ભ. શ્રી રસિકલાલ અંબાલાલ પટેલના નિવાસ સ્થાન મદાર બંગ્લોઝ, થલતેજથી પોથીયાત્રા ખૂબ ધામધૂમથી નીકળી. ઘોડા જોડેલી ૨ શણગારેલી બગીઓ પૈકી પ્રથમ બગીમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણના વક્તા સંતો દર્શન આપતા હતા. પાછળ બીજી બગીમાં પોથી ધારણ કરીને યજમાન પરિવારના બહેનો બેઠા હતા. બગીની આગળ ઢોલ તથા મ્યુઝિક બેન્ડ સાથે તેમજ ધજાઓ સાથે હરિભક્તો સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલતા હતા. સાથે સંતો પણ જોડાયા હતા. બગીની સૌથી પાછળ બહેનો ધૂન બોલતા હતા. સવારે ૭-૩૦ કલાકે પોથીયાત્રા મહોત્સવ સ્થળના મુખ્ય પ્રવેશ દ્વાર પર પહોંચી ત્યારે ધર્મકુળનું પણ આગમન થઈ ચૂક્યું હતું. મુખ્ય પ્રવેશ દ્વાર પર શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોએ પ્રવેશદ્વારના યજમાનો સાથે રહીને શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન કર્યા બાદ પોતાના પિતાશ્રી અને દાદાશ્રી સાથે રહીને પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ખૂબ મોટી સંખ્યામાં સંત હરિભક્તોની ભીડ વચ્ચે દબાદબા ભર્યા દિવ્ય વાતાવરણમાં મુખ્ય પ્રવેશ દ્વારનું ઉદ્ઘાટન કર્યું.




પછી શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો સાથે રહીને મહોત્સવ સ્થળ પરના નિજ મંદિરના યજમાન સથે રહીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવનું પૂજન-અર્ચન-આરતી કરીને મંદિરને ખુલ્લુ મુક્યું.

સવારે ૮-૩૦ કલાકે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો ત્રણ અલગ અલગ વિભાગમાં પધાર્યા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ યજ્ઞ શાળામાં શ્રીહરિયાગનો શુભ પ્રારંભ પોતાના વરદ્ હસ્તે કરાવ્યો. હરિયાગની સંપૂર્ણ વિધિ વેદ પુરુષ શ્રી રમેશભાઈ શુકલ ઉમરેઠવાળા (હાલ નડિયાદ) દ્વારા કરાવવામાં આવી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન આધારિત ચિત્રોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીએ અખંડ ધૂન વિભાગમાં પધારીને શ્રીહરિનું પૂજન આરતી કર્યા બાદ આર્શીવચનમાં જણાવ્યું કે, મૂર્તિ સંભારીને ધૂન કરશો એટલે આ ધૂન મંડપમાં શ્રીજી મહારાજ અખંડ બિરાજમાન રહેવાના છે. આશીર્વચન આપીને પછી સ્વયં પોતે થોડી ક્ષણો માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલાવીને ધૂનનો શુભારંભ કરાવ્યો હતો. જેથી પૂર્ણાહુતિ સુધી રાત્રિ-દિવસ હરિભક્તોએ એક જ સરખા ઉત્સાહથી મનુષ્યના પાપોને પ્રજળાવનાર સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પ્રદર્શન વિભાગ નિહાળીને ત્રણે સ્વરૂપો સવારે ૮-૪૫ કલાકે, સભામંડપના સ્ટેજ પર પધાર્યા હતા. મોટેરા સંતો સાથે રહી મહોત્સવનું દીપ પ્રાગટ્ય કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વ્યાસ પીઠનું પૂજન આરતી, પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વચનામૃત સંહિતા પાઠની પૂજન આરતી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીએ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની આરતી મહોત્સવ તથા પારાયણના મુખ્ય યજમાન સાથે રહીને કરી હતી.

મહોત્સવના શુભારંભમાં જ શ્રીહરિના ત્રણે અપ

સ્વરૂપોએ સાથે બિરાજમાન થઈ મહોત્સવની સ્મૃતિ રૂપે અમદાવાદ મંદિર દ્વારા પ્રકાશિત નવા પુસ્તકો તથા કેસેટની વિમોચન વિધિ કરી હતી. જેમાં પ.ભ. શ્રી ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક દ્વારા લખાયેલ પુસ્તક આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી, અમદાવાદ મંદિર દ્વારા તૈયાર થયેલ આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સચિત્ર (પ્રદર્શન), સંસ્કૃત અંગ્રેજી ભાષામાં પ્રકાશિત પુસ્તક શ્રી વાસુદેવ માહાત્મ્ય તથા શ્રી અવધ કીર્તનાવલિ એમ ચાર પુસ્તકો તથા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રચિત "અવધ કીર્તનાવલિ"ની એમ.પી.-૩ સીડી, પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રચિત કીર્તન "સહજાનંદ સુખદાયી" તેમજ "ધર્મકુળ વંદના" પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રચિત કીર્તનની ઓડીયો સીડી, તેમજ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના સ્થળોનું દર્શન અમદાવાદ દર્શન, જેનું દિગ્દર્શન સુપ્રસિદ્ધ આર્ટિસ્ટ શ્રી પ્રફુલ ખરસાણીએ કર્યું છે. તેવી વિડિયો ડી.વી.ડી. ચન્દ્રેશ વરૂ, જીરાગઢ દ્વારા બનેલી પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન કવન આધારિત ડી.વી.ડી. વિડિયો ટેલિફિલ્મનું વિમોચન કર્યું હતું. તેમજ તેના સૌજન્ય દાતાઓ, દિગ્દર્શક અને લેખકોનું સન્માન કર્યું હતું.



પ.પૂ. મોટા મહારાજશ્રીએ કથા પ્રારંભના આશીર્વચનમાં ટૂંકાગાળના સમયમાં આવું મોટું આયોજન કર્યું તેમાં સહભાગી તમામ સંત હરિભક્તોને ધન્યવાદ આપીને કહ્યું હતું કે, "સ્વામિનારાયણ ભગવાન આપણા સૌના મહારાજ છે, પરંતુ અમારા તો મહારાજ છે અને દાદા પણ છે. સત્સંગમાં અમે મહારાજ કહીએ છીએ અને અમારા ઘરે અમે દાદા કહીએ છીએ. કુટુંબમાં બેસીને મહારાજની વાત થાય ત્યારે અમારા બાપુજી પણ દાદા શબ્દ જ વાપરતા. દાદાને થાળ કર્યો ? આરતી કરી ? એવી રીતે બોલતા. શ્રીજી મહારાજની સાથે સાથે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહરાજશ્રી પણ અમારા દાદા છે. શ્રીજી મહારાજે સ્થાપેલી આચાર્ય પરંપરામાં પોતાના સ્થાને સૌ પ્રથમ તેઓની પસંદગી કરી. તેઓશ્રીએ ધર્મ પાળ્યો અને આશ્રિતો પાસે પળાવ્યો. તેઓનો એક એક જીવન પ્રસંગ પ્રેરણાદાયી છે. સાચો ભક્ત તેને કહેવાય કે જે આ પરંપરામાં પોતાના જીવને જોડી રાખે છે. એ વખતે આપણા મંદિરના નામ-ધર્માદાના ચોપડામાં ૧ લાખ હરિભક્તોના નામ હતા. આપણે જે સત્સંગનું સુખ લઈએ છીએ તેના મૂળમાં, આદિ આચાર્યશ્રીએ સુખ-દુ:ખ, ટાઢ-તડકો અવગણીને સત્સંગના મૂળ ઉંડા કર્યા છે. તેનું આ પરિણામ છે. સર્વોપરીનો આ મહોત્સવ પણ સર્વોપરી રીતે પૂર્ણ થાય એવી પ્રાર્થના.

જે સ્ટેજ પર બેસીને ૭૫ સંતો, ૫૦ ભૂદેવો તથા ૭૫ અન્ય ગૃહસ્થ હરિભક્તો મળીને કુલ ૨૦૦ સંહિતા પાઠીઓ વચનામૃતનો પાઠ કરતા હતા. તેવા સ્ટેજ પર પ્રથમ દિવસના પ્રથમ છત્રમાં વ્યાસપીઠ પર વે.વ્યા. આચાર્ય સ.ગુ. શાસ્ત્રી નિર્ગુણદાસજી સ્વામી, બીજા છત્રમાં નારણપુરા મંદિરના મહંત સ.ગુ. શા. શ્રીજીપ્રકાશદાસજી સ્વામી, બીજા દિવસની પ્રથમ છત્રની કથામાં જેતલપુરધામના સ.ગુ.શા. પી.પી. સ્વામી, બીજા છત્રની કથામાં કચ્છ-ભૂજના સ.ગુ.શા. ગોલોકવિહારીદાસજી સ્વામી તથા ત્રીજા દિવસની કથામાં વડનગર મંદિરના મહંત સ.ગુ.શા. નારાયણવલ્લભદાસજી સ્વામીએ

उद्घाटन

समूह महापूजा


महाविष्णुयाग यज्ञ








प्रदर्शन





નારાયણ સરોવરની પ્રતિકૃતિ



સાહિત્ય કેન્દ્ર



હરિભક્તોની ભીડ



શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય







વ્યાસાસને બિરાજીને સંગીત સુરાવલી સાથે પોતાની વિદ્વતા ભરી મધુર વાણીમાં રોચક શૈલીમાં સંગીતની સુમધુર સુરાવલીઓ સાથે શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની પારાયણ કરી હતી. સભા મંડપ તથા વિશ્રામ મંડપ બન્નેમાં કુલ ૨૦ જેટલા એલ.સી.ડી. સેટ મુકવામાં આવ્યા હોવાથી સ્ટેજથી દૂર દૂર સુધી કથા તથા સ્ટેજ પરના પ્રસંગોનું જીવંત પ્રસારણ થતું હતું. વળી કથા પારાયણમાં આવતા શ્રીહરિના ચરિત્રો-પ્રસંગોનું ચિત્રરૂપે પણ પ્રસારણ થતું હતું. સ્ટેજ પરના દરેક પ્રસંગો તથા સભાનું વિડિયો રેકોર્ડીંગ થતું હતું. તથા ઈ.-ટી.વી. પર તેનું જીવન પ્રસારણ થતું હતું. જેથી સમાજના સંપ્રદાયના ગુણગ્રાહી સામાન્ય મનુષ્યો પણ એવું કહેતા હતા કે, "અમે ટી.વી. પર તમારો ઉત્સવ જોયેલો. ત્રણે મહારાજશ્રીને એક જ ગાદી પર બેઠેલા જોયેલા. એક લાલ પાઘ વાળા હતા, બીજા નાના મહારાજે ટોપી પહેરેલી અને પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સુંદર શ્વેત વસ્ત્રોમાં દર્શન આપતા હતા." જેને જેને આ ધર્મવંશી આચાર્યશ્રીનો ગુણ આવ્યો છે તેના તેના જીવના કલ્યાણના માર્ગમા શ્રીજી મહારાજ નિશ્ચે સહાય કરવાના છે.

પ્રથમ દિવસની કથામાં સવારના ૧૧-૧૫ કલાકે કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય થયું ત્યારે મહોત્સવ તથા પારાયણના મુખ્ય યજમાન પરિવારે સોનાના પારણામાં ઝુલતા બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારી. પછી ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામ કી..... એ પદના નારા સાથે જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-બાપુનગરના યુવાનો એ રાસ રજૂ કર્યો. સભાજનો પર પુષ્પો તથા ચોકલેટની વર્ષા કરવામાં આવી. ફટાકડા ફોડીને તથા ફુગ્ગાઓ ઉડાડીને આનંદોત્સવ મનાવવામાં આવ્યો.

પ્રથમ દિવસે રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન ગુજરાતના સુપ્રસિદ્ધ ભજનિક શ્રી નિરંજન પંડ્યા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર અને ગાયક શ્રી હસમુખ પાટડીયા, શ્રી જયેશ સોની, દિનેશ વધાસીયા, પૂરવ પટેલ તથા કલાકાર શ્રી વિક્રમ ગઢવી દ્વારા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ભજન સંધ્યાનો કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમની વચ્ચે બાપુનગર એપ્રોચ, હર્ષદ અને કર્મશક્તિ મંદિરના શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા સુંદર ગોપવેશમાં સૌરાષ્ટ્રનો પરંપરાગત મણિયારો રાસ રજુ કરવામાં આવ્યો. દરેક કલાકારોનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું.

તા. ૨-૬-૦૯ ના બીજા દિવસે સવારના ૮-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમૂહ મહાપૂજાનો શુભારંભ કરાવ્યો. જેમાં મુખ્ય યજમાનશ્રીના પાટલા સાથે બીજા ૩૫૦૦ ઉપરાંત યજમાનોએ સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ પ્રાપ્ત કરી ધન્ય ભાગી બન્યા. બીજા દિવસની સવારથી જ શ્રી સ્વામિનારાયણ નગર માનવ મેદનીથી સંપૂર્ણ ભરાઈ ગયું હતું. વિશાળ સભા મંડપની શ્રોતાજનોને સમાવવાની કેપેસીટી પુરી થતાં સભામંડપની સમાંતર બન્ને બાજુ ૨૦-૨૦ ફૂટના મંડપનો વિસ્તાર કર્યો તે ઉપરાંત વિશ્રામ ગૃહના વિશાળ મંડપની નીચે બેસીને પણ શ્રોતાજનોએ કથા શ્રવણ કર્યું.

સાંજના ૫ થી ૭ સુધી પ.પૂ. મહારાજશ્રીના નિવાસ સ્થાન 'શ્રી સ્વામિનારાયણ બાગ' થી મહોત્સવ સ્થળ શ્રી સ્વામિનારાયણ નગર સુધી એક અદ્ભુત શોભાયાત્રાનું આયોજન થયું હતું. શોભાયાત્રામાં પ્રારંભથી જ એટલી ભીડ હતી કે શ્રી સ્વામિનારાયણ બાગમાં તથા ૧ કિ.મી. સુધી લાંબા રોડમાં ભક્તજનો ક્યાંય માતા નહોતા. સાંજના ૪ કલાકથી જ ભક્તજનો એ સ્વામિનારાયણ બાગમાં બેસીને ધૂન-કીર્તનની રમઝટ બોલાવી હતી. સાંજના ૫ કલાકે પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી ભક્તોની ભીડ પર અમીદ્રષ્ટિ કરતા કરતા કૃત્રિમ બે હાથી જોડેલા તથા કૃત્રિમ ફુલવેલીથી શોભાયમાન, કલાકોતરણીયુક્ત રથમાં બિરાજ્યા. પ.પૂ.

મોટા મહારાજશ્રી સીધા જ મહોત્સવ સ્થળ પર પધાર્યા. પાર્ષદોએ પાછળ ઉભા રહી શ્રીહરિના બન્ને અપર સ્વરૂપો પર રંગીન છત્ર ધારણ કર્યા. બન્ને હાથીઓ સૂંઢમાં કમળ પુષ્પ લઈને તેમાંથી નીકળતી પાણીની બે ધારાઓ સતત રોડ પર છોડતા હતા.


આ શોભાયાત્રામાં સૌથી આગળ ગણપતિનો ફલોટ, બીજા નંબરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને છત્ર ધારણ કરેલી મોટર કાર, ત્રીજા નંબરના સચિત્ર સદાચારરૂપી શિક્ષાપત્રીના શ્લોકો લખેલ ફલોટ કે જેમાં ધજાઓથી યુક્ત સત્સંગી બાળકો બેઠા હતા. ચોથા નંબરમાં હોડી આકારના ફલોટમાં હિંડોળામાં ઝુલતા શ્રી સહજાનંદ સ્વામી બિરાજમાન હતા. જેના ચરણોમાં સંતો તથા પાર્ષદો બિરાજ્યા હતા. પાંચમાં નંબરનો ફલોટ રાષ્ટ્ર પ્રેમને વધારનાર ચિત્રો તથા રાષ્ટ્ર ધ્વજ, એશોકચક્ર વગેરે રંગીન ચિન્હો વાળો હતો. જેના પર મોટા સ્પીકર રાખવામાં આવ્યા હતા. આ ફલોટમાં મ્યુઝીક બેન્ડ પાર્ટી સાથે હરિભક્તો તથા બાળકો ધૂન-કીર્તનની રમઝટ બોલાવતા હતા. છઠ્ઠા નંબરના ફલોટમાં અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદી પીઠ સ્થાનની આચાર્ય પરંપરાના આચાર્યશ્રીની તસવીરો મુકવામાં આવી હતી. જેમાં મુખ્ય સ્થાન પર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી વિરાજમાન હતા. આ ફલોટમાં સંતો બિરાજ્યા હતા. સાતમાં નંબરનો ફલોટ નિર્વ્યસની જીવન જીવતા શીખવાડે તેવા સૂત્રો તથા ચિત્રોથી યુક્ત હતો જેના પર સંતો અને હરિભક્તોએ સ્થાન ગ્રહણ કર્યુ હતું. આઠમાં નંબરના રથમાં ભરતખંડના ઉપાસ્ય દેવ શ્રી નરનારાયણદેવ બિરાજમાન હતા. આ ફલોટમાં સાફા પહેરેલા શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળના ઉચ્છવીયા હરિભક્તો કીર્તન-ઓચ્છવ કરી રહ્યા હતા. નવમાં નંબરના ફલોટમાં વૃક્ષો તથા પર્યાવરણની રક્ષા થાય, તેનું જતન થાય તેવા ચિત્રોથી યુક્ત હતો. જેમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પણ વૃક્ષારોપણની તસવીર સામેલ હતી. દશમાં નંબરના ફલોટમાં અગ્રગણ્ય સંતો સાથે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા અગિયારમાં નંબરના રથમાં મોટેરા સંતો મહંતો અને બ્રહ્મચારી સ્વામી સાથે ઉંચા સ્થાન પર શ્રીહરિના બન્ને અપર સ્વરૂપો દર્શન આપતા હતા. પ.પૂ. મહારાજશ્રીના રથની આગળ દરેક ફલોટની વચ્ચે વચ્ચે જુદા જુદા કલરની ધજાઓથી યુક્ત યુવાનો તથા જુદા જુદા મંદિરોની હરિભક્તોની ભજન મંડળીઓ ધૂન-કીર્તનની રમઝટ બોલાવતા હતા. બાપુનગરનું મંડળ ઉચ્છવ ડ્રેસમાં રાસ સાથે કીર્તન કરી સૌનું ધ્યાન ખેંચતું હતું. ઢોલ શરણાઈ તથા મ્યુઝીક બેન્ડ પાર્ટી. એમ ત્રણ સંગીત રેલાવતી મંડળીઓ હતી. પ.પૂ. મહારાજશ્રીના રથની પાછળ થોડા સમય માટે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળાની ગાડી પણ શોભાયાત્રામાં સામેલ થઈ હતી. તેની પાછળ ૧૦૦ થી ૧૨૫ જેટલી બાલિકાઓ માથા પર શ્રીફળ વાળા કળશ મૂકીને ચાલતી હતી અને શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી. તેની પાછળ તેટલી જ સંખ્યામાં સત્સંગી બહેનો ધૂન કરતી ચાલતી હતી. રસ્તાની બાજુમાં, મકાનોની ગેલેરીમાં તથા અટારીઓ પર એમ સર્વત્ર ઉભેલા દર્શનાર્થીઓ પર શ્રીહરિના બન્ને અપર સ્વરૂપો પોતાની અમીદૃષ્ટિ કરીને દર્શન આપતા હતા. દર્શનાર્થીઓ કોઈ બે હાથ જોડે, કોઈ ફુલના હાર લાવે તો કોઈ આરતી કરવા દીપ લાવે તો કોઈ વળી સાકરથી યુક્ત કાજુ, બદામ, દ્રાક્ષ વગેરે સુકામેવાનો થાળ લાવે કે કોઈ ચોકલેટની થાળી ભરીને લાવે તે સર્વે પર આશીર્વાદાત્મક દ્રષ્ટિ કરીને તે તમામનો ભાવ સ્વીકારતા હતા, પરંતુ પદાર્થ તો પોતાના વરદ્ હસ્તનો સ્પર્શ કરીને પ્રસાદીરૂપે જ પરત આપતા હતા. શહેરના દર્શન કરવા આવેલા અસંખ્ય સ્ત્રી-પુરુષોએ શ્રીહરિના તે બન્ને અપર સ્વરૂપોને પોતાના મોબાઈલ કેમેરામાં ઝીલીને પછી હૃદયરૂપી કેમેરામાં ફીટ કરી લીધા.

કરશે દર્શન ને ગુણ લેશે રે,
વળી પો'ચ્ય પ્રમાણે કાંઈ દેશે રે ।
શ્રધ્ધા સહિત સેવા કરે સોઈ રે,
વળી રાજી થાશે એને જોઈ રે ॥

એવો જન જે જે જગમાંય રે,
તેની કરવી મારે સહાય રે ॥

પુરૂષોત્તમપ્રકાશમાં શ્રીજી મહારાજનું આ વચન છે. અને અનંત જીવાત્મા તેનો લાભ લઈ શકે તેના માટે તો આવા આયોજનો મૂળ મંદિરો દ્વારા થાય છે.

અનેક સેવાભાવી મંડળોએ તથા વ્યક્તિઓએ શીતળ જળ, રસના તથા સરબતથી શોભાયાત્રામા સામેલ ભક્તજનોની સેવા કરી. શોભાયાત્રા સ્વામિનારાયણ બાગથી નીકળી વાયા સુભાષ ચોક, ડ્રાઈવ ઈન રોડ, થલતેજ ચાર રસ્તા થઈને સાંજના ૭ કલાકે મહોત્સવ સ્થળ પર પહોંચી ત્યારે અપાર માનવ મેદનીએ સામે આવીને શોભાયાત્રા ને વધાવી હતી. ફટાકડાની આતશબાજી કરી હતી. યુવાનો તો આજે એટલા હર્ષઘેલા બન્યા હતા કે શોભાયાત્રા વિરામ પામ્યા બાદ પણ કીર્તન-ધૂન, નાચ-ગાન વિરામ જ નહોતુ પામતું.



રાત્રીના ૯ થી ૧૨ ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક કલાકાર શ્રી હેમંત ચૌહાણ તથા સાથીદારોએ સૌને ભજન સંધ્યાના આનંદ સાગરમાં તરબોળ કર્યા. ધર્મકુળના હજુરી પાર્ષદ શૈલેષ ભગતે પ.પૂ. અવધપ્રસાદજી મહારાજશ્રી રચિત એક સુંદર કીર્તન વાજિંત્ર-સંગીત સાથે ગાયું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દરેક કલાકારોનું સન્માન કર્યું.

તા. ૩-૬-૦૯ના રોજ સવારે ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવની મંગળા આરતી બાદ યજમાનશ્રી દ્વારા શ્રી નરનારાયણદેવ મહાભિષેકનું પૂજન થયું. સવારના ૬-૦૦ થી ૬-૩૦ કલાક દરમિયાન શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો મહાભિષેક અમદાવાદ તથા વડતાલ એમ બન્ને ગાદીના આચાર્યશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સંપન્ન થયો. ત્યારબાદ અમદાવાદ ગાદીના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી મહોત્સવ સ્થળ પર પધાર્યા. સવારના ૮-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો ભવ્યાતિ ભવ્ય છપ્પન ભોગ-અન્નકૂટ તથા શણગાર આરતી વડતાલ ગાદીના આચાર્ય પ.પૂ. રાકેશપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવી.

સવારે ૯-૧૫ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રીહરિ મહાયજ્ઞની પૂર્ણાહુતિ કરવામા આવી. શ્રીહરિના ચારેય અપર સ્વરૂપો સ્ટેજ પર બિરાજમાન થયા. પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી, પૂ. લાલીરાજાશ્રી સહિત સમગ્ર ધર્મકુળ ત્રણે દિવસ સમય સમયે કથા શ્રવણ કરવા પધારતા અને શ્રોતાજનોને પોતાના સાનિધ્યનું સુખ આપતા. વ્યાસ સ્વરૂપ વક્તાશ્રીને પુષ્પમાળા પહેરાવીને પોતાનું સ્થાન ગ્રહણ કરતા ત્યારે સંતોએ પહેરાવેલી સફેદ પુષ્પ માળાને ધારણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાક્ષાત્ શ્રી ઘનશ્યામ મહારાજ સ્વરૂપે તેમજ પ.પૂ. મહારાજશ્રી પ્રત્યક્ષ શ્રીહરિ સ્વરૂપે દર્શન આપતા હોય તેવું સર્વેને સુખ આવતું. પારાયણના દરેક વક્તાશ્રીની વિશેષતા એ હતી કે, તેઓ દરેક શ્રીમદ્ સત્સંગિભૂષણની કથાનું રસપાન કરાવતા કરાવતા જ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના ઘણા પ્રસંગો પણ શ્રવણ કરાવતા હતા.

સવારે ૧૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી. તેમજ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી પ્રાગટ્ય જન્મ જયંતી પ્રસંગનું

પૂજન-આરતી મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી સહિત વડિલ સંતો તથા મુખ્ય યજમાનશ્રી દ્વારા થયું. સવારે ૧૦-૧૫ કલાકે સમગ્ર ધર્મકુળનું પૂજન આરતી ધર્મકુળના પૂજનના મુખ્ય યજમાન પ.ભ. શ્રી ગંગારામભાઈ એમ. પટેલ પરિવારે કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત પૂ. બિન્દુરાજાના સસરાશ્રી દ્વિવેદી સાહેબનું સન્માન અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા પ.પૂ. રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

મહોત્સવના ત્રણે દિવસ દરમિયાન સમય સમયે સેંકડોની સંખ્યામાં આમંત્રિત ધાર્મિક, સામાજિક, રાજકિય, સરકારી, ઉદ્યોગપતિ, સાયન્ટીક વગેરે મહાનુભાવો પધારતા હતા. અંતિમ દિવસે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ પધાર્યા. સંપ્રદાયમાં શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આપણને શીખવાડેલા વિવેક મુજબ દરેક મહાનુભાવોનું શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના વરદ્ હસ્તે પુષ્પમાળા, શાલ, મૂર્તિ અથવા પુસ્તક આપીને સન્માન કરવામાં આવતું હતું. તથા અગ્રગણ્ય મહાનુભાવોના પ્રસંગોચિત વક્તવ્ય દ્વારા તેમના હૃદયની શુભ ભાવનાઓ, ઉર્મિઓને સાંભળવામાં આવતી હતી.



તે જ રીતે આપણા સંપ્રદાયના ભુજ, મૂળી, અમદાવાદ શહેરના દરેક મંદિરો, ધોળકા, ધોલેરા, વડતાલ, જુનાગઢ, જેતલપુર, છપૈયાધામ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ઈડર, માણસા, મહેસાણા, ચરાડવા, શોકલી, વિરમગામ, વાલી, બામરોલી, વહેલાલ, વડનગર, ઉનાવા, મથુરા, કલોલ, બદ્રિનારાયણ, સાપાવાડા, લીંબડી, હિંમતનગર, હળવદ, અલ્હાબાદ, નાથદ્વારા, હરિદ્વાર, જમીયતપુરા, ટોરડા, પ્રાંતીજ, લાલોડા, ધરિયાવદ, નેપાલ, જયદેવપુરા, ધ્રાંગધ્રા વગેરે અનેક ધામો ધામથી ત્રણે દિવસ સેંકડો બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતો-મહંતો પધાર્યા હતા. જેઓનું સન્માન શ્રીહરિના અપર સ્વરૂપોના વરદ્ હસ્તે પુષ્પમાળા પહેરાવીને કરવામાં આવ્યું. તેમજ અગ્રગણ્ય વિદ્વાન સંતો-મહંતોની પ્રાસંગિક વાણીનો લાભ લેવામાં આવ્યો. સંપ્રદાયની સાહિત્ય સેવામાં જેઓનો સિંહ ફાળો છે તેવા સંપ્રદાયના વિદ્વાન સ.ગુ.શા. હરિકેશવદાસજી સ્વામી (ગાંધીનગર) એ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના ખૂબ વિશેષ ગોપનીય પ્રસંગો તેમજ ધર્મકુળ વંદના એટલે શું ? તેનું સુંદર વિવેચન કરીને સભાને મંત્રમુગ્ધ કરી હતી, તેવી જ રીતે જેતલપુર મહંત સ.ગુ.શા. આત્મપ્રકાશદાસજી સ્વામી કે જેઓ સંપ્રદાયના સિદ્ધાંતોની નિષ્ઠામાં સિંહ સમાન છે તેઓએ જણાવ્યું હતું કે, જે સભા સ્વામિનારાયણ નામથી થતી હોય પરંતુ ત્યાં જો સંપ્રદાયના આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-ઉપસ્થિતિ ન હોય તો તે સભામાં સ્વામિનારાયણ ભગવાનની પણ ઉપસ્થિતિ નથી હોતી. જે વ્યવસ્થા શ્રીજી મહારાજે કરી હોય છે તેના મૂળ પાતાળ સુધી ઉંડા હોય છે. તેવી જ રીતે વડતાલના મુખ્ય કોઠારી બાપુ સ્વામી - ધર્મપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે શ્રીજી મહારાજે સ્થાપેલી સત્સંગની આ બે ગાદી પર જે બેસી શકે એ જ આ સંપ્રદાયના આચાર્યશ્રી છે.

આ મહામહોત્સવ જેઓના આર્થિક યોગદાનથી આપણે સૌ માણી શક્યા છીએ તેવા મહોત્સવના મુખ્ય યજમાનશ્રી અ.નિ. નારણભાઈ જાદવા ખેતાણી પરિવાર (ઉગમણું સુખપર-કચ્છ) હાલ વિલ્સડન (લંડન), મહોત્સવના સહ યજમાન, પારાયણના મુખ્ય યજમાન અ.નિ. ચંચળબા અંબાલાલ માધવદાસ પરિવાર, શ્રી હરિયાગના મુખ્ય

યજમાન પ.ભ. વિશરામભાઈ લાલજીભાઈ ગોપાળ પીંડોરીયા, માધાપર કચ્છ (હાલ ઓસ્ટ્રેલીયા - પર્થ) શ્રી નરનારાયણદેવ આદિ દેવોના મહાભિષેક અન્નકૂટના યજમાનશ્રી લક્ષ્મણભાઈ કન્સ્ટ્રકશન કું. લી. (નાઈરોબી), સિસલ્સ, યુ.કે. તથા ઈન્ડિયા) રાઘવાણી પરિવાર, ધર્મકુળ પરિવારના મુખ્ય યજમાન પ.ભ. શ્રી ગંગારામભાઈ મહાદેવભાઈ (પંઢરપુરવાળા), ધર્મકુળ પૂજનના સહયજમાનશ્રી સ.ગુ. પુરણી સ્વામી શ્રીહરિદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી પતિત પાવનદાસજીની પ્રેરણાથી પ.ભ. કાંતિભાઈ માવજી વિશ્રામ ખીમાણી પરિવાર, પ્રથમ દિવસના મહાપ્રસાદ, બીજા દિવસના મહાપ્રસાદ અને ત્રીજા દિવસના ફળાહારના યજમાનશ્રી અનુક્રમે અ.નિ.પ.ભ. રામદાસ અમથાભાઈ પટેલ પરિવાર ઈટાદરાવાળા (હાલ વિકટર પરિવાર, શિકાગો યુ.એસ.એ.), પ.ભ. ચીમનભાઈ સોમાભાઈ પટેલ પરિવાર આણંદવાળા (હાલ યુ.એસ.એ.) તથા અ.નિ. કંકુબેન કચરદાસ તથા અ.નિ. કચરદાસ શંકરદાસ પટેલ પરિવાર (જતનબાનું ગામ ડાંગરવાવાળા) સહિત બીજા જુદા જુદા ૫૦ વિભાગોમાં સેંકડો યજમાનો અને સહ યજમાનોનું ત્રણ દિવસ સુધી સમય સમયે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોએ પુષ્પમાળા, શાલ તથા મૂર્તિ આપીને સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. તેમજ અનેક પ્રકારના સૌજન્ય દાતાશ્રીઓનું પણ સન્માન કર્યું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ નગર ભૂમિના સૌજન્ય પ.ભ. શેઠ શ્રી ગોવિંદભાઈ સી. પટેલ (ગણેશ હાઉસીંગ પ્રા.લી.) અમદાવાદ મુખ્ય સ્થાને છે.

શ્રી નરનારાયણદેવ ધાર્મિક વિભાગ દ્વારા લેવાતી પરીક્ષામાં જુદા જુદા કેન્દ્રોમાંથી પ્રથમ ત્રણ ક્રમાંકમાં પાસ થનાર કુલ ૧૬૦ બાળકોને પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તેમજ બહેનોના વિભાગમાં બાલિકાઓને પૂ. લાલી રાજાશ્રીના શુભ વરદ્ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના ૨ બાળ મિત્રોનું પણ આ પ્રસંગે સન્માન કર્યું હતું. કાલુપુર નિજમંદિર જીર્ણોદ્ધાર, બહુમાળી પાર્કિંગ, મ.પ્ર.ના બામરોલી મંદિરનો તથા નારણપુરા ગામમાં પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ પધરાવેલા હનુમાનજી મહારાજના મંદિરનો જીર્ણોધ્ધાર કરવા માટે જે જે દાતાશ્રીઓએ મોટી રકમ જાહેર કરી હતી તે દરેકની નામાવલી જાહેર કરીને દરેકનું સન્માન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ મંદિર સ્કીમ કમિટીના સભ્યશ્રીઓ, મુખ્ય કારભારીશ્રી, પ.ભ. નરસિંહભાઈ વી. નસીત તથા પ.ભ. પ્રવિણભાઈ વી. નસીત વગેરે અગ્રગણ્ય બિલ્ડર્સ એન્જીનીયર, ઓડીટરશ્રી તથા મહોત્સવનું વિડિયો રેકોર્ડીંગ કરનાર એમ જુદી જુદી વિશેષ સેવા આપનાર દરેકનું પણ સન્માન કરવામાં આવ્યું. આ મહોત્સવમાં અમદાવાદના પરા વિસ્તારો નારણપુરા, નારાયણઘાટ, નવા વાડજ, ઘાટલોડીયા, જીવરાજપાર્ક, બાપુનગર, એપ્રોચ, હર્ષદ કોલોની, મેઘાણીનગર, સોજા, વિહાર, મોખાસણ, કલોલ (પૂર્વ), કલોલ (શ્રીનગર), બળોલ (ભાલ) કાલિયાણા, ભાઉપુરા, વડુ, કનીપુર વગેરે વગેરે ૯૦ ઉપરાંત ગામોએ સેવા આપી હતી.

આ મહોત્સવમાં સ્થળ પર ખોલવામાં આવેલ આપણા શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલયમાં જુદા જુદા દાતાઓએ આપેલ રૂા. ૨૦૦/- ના સૌજન્યથી ફક્ત રૂા. ૩૦૦/- લવાજમ ભરીને કુલ ૫૦૦ જેટલા આજીવન સભ્યો નોંધાયા હતા જે આ સમૈયાની ફુલશ્રુતિનું એક આગવું સોપાન કહી શકાય. મહોત્સવ સ્થળ પર પ્રથમ બે દિવસ માટે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાનું અનુસંધાન રાખીને જરૂરિયાતવાળા દર્દીઓની સેવા કરવાના એકમાત્ર આશયથી કુલ ૪૦૨ રક્તદાતાઓએ રક્તદાન દાન કર્યું હતું. કુલ ૧૨૦૦ દર્દીઓએ લાભ લીધો હતો. ૨૫૬ વ્યસનીઓને દવા આપીને વ્યસન છોડાવેલ. મણીનગરના આપણા અતિ નિષ્ઠાવાન ધર્મકુળ પ્રેમી ડૉ. જયેન્દ્ર દવે (ચામડીના સ્પેશ્યાલીસ્ટ) જેઓ 'બી' નેગેટીવ બ્લડ ધરાવે

છે. ૨૧૨ વખત બ્લડ આપીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. આપણા મહેસાણના ડૉ. જી. કે. પટેલ 'એ/બી' પોઝીટીવ બ્લડ ધરાવે છે. તેમણે ૧૫૩ વખત બ્લડ આપેલ છે. રેડક્રોસના આસિ. ડાયરેકટરશ્રી સૂર્યકાન્ત નાયક 'એ/બી' પોઝીટીવ બ્લડ ધરાવે છે તેમણે ૧૦૦ વખત બ્લડ ડોનેશન કર્યું છે. સમગ્ર સેવામાં આપણા ડૉ. રમેશભાઈ



પરીખ અને તેમની ટીમે સેવા આપી હતી. આ મહોત્સવમાં ત્રણ દ્વિસ પર્યંત લાખો મુલાકાતીઓ પધાર્યા હતા. જે પૈકી ઘણાને સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનું તથા ધર્મવંશી આચાર્ય પરંપરાનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. મુલાકાતીઓ પૈકી હજારો લોકોએ સ્થળ પર ચુરમાના લાડુ, મૈસુબ, જલેબી, ભજિયા, ખમણ, શાક, દાળ, ભાત, પુરી, રોટલી, શાક તથા છાસ વગેરે મેનુ વાળો મહાપ્રસાદ આરોગ્યો, સાંજના ક્રમમાં ખીચડી-કઢી વગેરે હળવું ભોજન તથા એકાદશીના ઉપવાસના દિવસે ઉત્તમ ફળાહાર કર્યું. ઉત્સવ સમૈયામાં પધારેલ તમામને એક જ સમયે એક સાથે જમાડવા એ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપથી જ શક્ય બને છે.

આ મહોત્સવમાં ત્રણે દિવસ કોટેશ્વર ગુરુકુળના શા. સ્વા. રામકૃષ્ણદાસજીએ સફળ સભા સંચાલન કર્યું હતું. મહામહોત્સવના અંતમાં શ્રીહરિના ચારેય અપર સ્વરૂપોએ અપાર રાજીપા સાથે સર્વેને આશીર્વચન કહ્યા હતા. શ્રીજી મહારાજ જેમ નિમ્ન કક્ષાની સેવા કરનાર પર અંતરથી રાજી થતા, તેમ શ્રીહરિના આ અપર સ્વરૂપો પણ સ્વયં સેવકો ઉપર અઢળક ઢળ્યા. જે રાજીપો દર્શાવવા માટે પ.પૂ. મહારાજશ્રીએ ફરીથી બપોરના ૨ કલાકે સ્વયં સેવકોની સ્પેશીયલ સભા બોલાવીને વિશેષ આશીર્વચન આપ્યા તેવી જ રીતે બહેનોના વિભાગમાં પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પણ સ્વયં સેવક બહેનોને વિશેષ આશીર્વચનો કહ્યા. સભા વિસર્જન બાદ પણ સેવાભાવી સ્વયં સેવકો જરૂરી તમામ સેવા આટોપીને પછી જ સ્વસ્થાને જવા વિદાય થયા હતા. આવી રીતે આ મહામહોત્સવ દરેક દર્શનાર્થીના માનસપટ પર ચિરઃસ્મરણીય બની રહેશે અંતમાં, પારાયણના પાંચ વિદ્વાન સંતોના મુખેથી સાંભળેલા ૧૫ સુવાક્યો લખીને અહેવાલને વિરામ આપુ છું.

● પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ચાલતા હોય ત્યારે ચરણ સ્પર્શ કરવા માટે ભીડ ન કરાય, તેઓશ્રી બેઠા હોય ત્યારે ચરણ સ્પર્શ કરાય. પોતાના ગુરુ કે ઈષ્ટદેવ બેઠા હોય ત્યારે બેસીએ. પરંતુ તેઓ ઉભા હોય ત્યારે બેઠું ન રહેવાય.

● શિક્ષાપત્રી વાંચન કર્યા પછી વિચારવું કે હું આ શ્લોક પાળુ છું કે નહિ તેને મનન કહેવાય, મનન કર્યા પછી આચરણમાં મૂકીએ તેને નિદિધ્યાસ કહેવાય.

● શિક્ષાપત્રીમાં વ્યસનનો શ્લોક વાંચીએ, પછી ઉઠીને તરત પાછા વ્યસન કરીએ તેને શિક્ષાપત્રી વાંચી નાંખી કહેવાય ! આચરણમાં આવે તો વાંચ્યું કહેવાય. આચરણમાં ન આવે તો વાંચી નાંખ્યું કહેવાય.

● ભગવાન જેના ઉપર રાજી થાય તેના ઉપર આખી દુનિયા રાજી થાય છે. એક એક મનુષ્યને રાજી કરવા જઈએ તો બધાને રાજી ન કરી શકાય.

● ભગવાને હાથ આપ્યા હોય તો દાન કરજો, કોઈનું ઝૂંટવી ન લેતા. દાન કરે, કોઈનું રક્ષણ કરે એ હાથ છે. કોઈનું ઝૂંટવી લે તે હાથો છે.

● વિંછીના પૂંછડે ઝેર હોય તથા પ્રેમના પૂંછડે ક્રોધ હોય. પ્રેમમાં પાગલ થવાય છે. પછી વિસ્ફોટ થાય છે. વિસ્ફોટ થાય ત્યારે ક્રોધ થાય છે અને ભાષા બગડે છે.

● મોક્ષ જોઈતો હોય તો ધર્મવંશીને દ્વાર મળશે. બીજે તો ધક્કા મળશે.

● ભગવાને જે વસ્તુને સ્પર્શ કર્યો હોય તેને તોલે બીજું કંઈ ન આવે, એવી પ્રસાદીની વસ્તુની કિંમત છે.

● કળિયુગમાં ભક્તના ઘેર ભગવાન જાય છે. બાકીના ત્રણ યુગમાં ભક્તને ભગવાન પાસે જવું પડે છે. સ્વામિનારાયણ ભગવાન પોતાના પ્રેમી ભક્ત જ્યાં જ્યાં રહેતા હતા, ત્યાં સામે ચાલીને પધાર્યા છે.

● પૂજા અને પુસ્તક બન્નેની આવશ્યકતા છે. પુસ્તકનું અનુસંધાન ન હોય તેને દુઃખનો કે માન હાનિનો કે એવો કોઈ ધક્કો લાગે તો પૂજા છોડી દે છે, સત્સંગમાંથી પડી જાય છે. પૂજા છે તો પુસ્તક છે અને પુસ્તક છે તો પૂજા છે.

● બજારમાંથી બધી વસ્તુ લઈ આવે, પરંતુ કોઈ દિવસ શાસ્ત્ર વસાવવાનું મન ન થાય. ઘરમાં સત્શાસ્ત્રોની એક લાયબ્રેરી બનાવવી જોઈએ.

● ભગવાનના થઈને રહેવું, ભગવાન કહે તેમ કરવ બહુ કઠણ છે. જે પદાર્થથી પ્રભાવિત થાય છે તે ભગવાન પાસે પદાર્થ માંગે છે.

● જે બીજાને મોટાઈ આપે છે, માન આપે છે, તેન જીવનમાં ક્યારેય મોટપ ખૂટતી નથી.

● સ્વામિનારાયણ સંપ્રદાય મુક્તિનો સંપ્રદાય છે સ્વામિનારાયણ ભગવાને મુક્તિને સરળ કરી છે, સહજ કરી છે.

શ્રી ધર્મકુળ વંદના મહોત્સવ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ માસિકમાં જાહેર થયેલ આજ્ઞા અનુસાર ધર્મકુળવંદના મહોત્સવના દિવ્ય પ્રસંગે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના જ અપર સ્વરુપ ધર્મવંશી આદિ આચાર્ય મહારાશ્રીને રાજી કરવા ગામે ગામ હરિભક્તોએ ભજન ભક્તિના નિયમો લીધેલા.

આ આજ્ઞા અનુસાર નીચે દર્શાવેલ શહેર અને ગામોમાં ભજન થયેલ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, બાપુનગર એપ્રોચ મંદિર, મેમનગર વિસ્તાર, બોપલ મંદિર તેમજ વાડજ મંદિરના ભક્તિ મહિલા મંડળો દ્વારા થયેલ ભજન ૧,૨૫,૦૦૦ માળા ● ૧,૨૫,૦૦૦ જનમંગલ પાઠ ● ૩૦૧ ઘનશ્યામ બાલચરિત્રના પાઠ ● ૧૦૮ ભક્તચિંતામણીના પાઠ ● ૫૧ વચનામૃત પાઠ ● ૨૦૦ હરિસ્મૃતિ પાઠ ● ૧,૨૫,૦૦૦ વંદુના પાઠ ● ૧,૨૫,૦૦૦ પંચાગ પ્રણામ ● ૫૧,૦૦૦ પ્રદિક્ષણા ● ૨૦૦ હોમાત્મક મહાપૂજા.

મુળી દેશ તાબાના સુરેન્દ્રનગરના ભક્તિ મહિલા મંડળ દ્વારા થયેલ ભજન -

૧,૨૫,૦૦૦ માળા ● ૧,૨૫,૦૦૦ જનમંગલ પાઠ ● ૧૧,૦૦૦ વંદના પાઠ ● ૧૧,૦૦૦ પંચાગ પ્રણામ ● ૨૦૧ ઘનશ્યામ બાલ ચરિત્ર પારાયણ.

આ પ્રમાણે અસંખ્ય ગામોમાં ભજન થયેલ છે.

શ્રી નરનારાયણ મહિલા મંડળ રાણીપના સત્સંગી બહેનોએ પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી જન્મ જયંતી દ્વિશતાબ્દી ધર્મકુળ વંદના મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા કરી હતી અને તેમાં જે ભેટ આવી તે ધર્મકુળ વંદના મહોત્સવમાં અર્પણ કરી દીધી. "ધન્ય છે બહેનોને "

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના અદ્‌ભુત પરચા

- કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (સુરેન્દ્રનગર)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને છપૈયાપુરમાં જન્મ ધારણ કરી અનેક અદ્‌ભુત લીલા ચરિત્રો કર્યા. સુવાસીની ભાભીને કાંટો કાઢવાના બહાને પગમાં સોળ ચિન્હો બતાવ્યા. ભાભી આ ચિન્હોનાં દર્શન કરી વિસ્મય પામી ગયા. પરમાત્મા સિવાય કોઈના પગમાં સોળ ચિન્હ હોય નહી. એટલે ભાભીએ ઘનશ્યામને કહ્યું કે આપના ચરણારવિંદમાં ૧૬ ચિન્હો છે. એટલે આપ પરમાત્માના સ્વરૂપ છો. જેથી બહુ મોટા સંપ્રદાયની સ્થાપના કરશો. ત્યારે ઘનશ્યામે વચન આપ્યું કે જાવ અમો જે સંપ્રદાયની સ્થાપના કરશું તે ગાદી અમો તમારા દીકરાને સોપીશું. પછી ઘનશ્યામ મહારાજ માતા-પિતાને સ્વધામ ગમન કરાવ્યા બાદ વનવિચરણ કરીને ગુજરાતમાં આવી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી અનેક જગ્યાએ વિચારણ કરી અનેક મુમુક્ષુ જીવાત્માને સુખ આપી મોક્ષભાગી બનાવ્યા અને ૯ મંદિરોની સ્થાપના કરી. શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ ગ્રંથોની રચનાઓ કરાવી અને છેલ્લે શ્રી સ્વામિનારાયણ ભગવાને બે દેશની ગાદીના વિભાગ કરી ઉત્તર વિભાગમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્ય તરીકે સ્થાપના કરી સૌ સંત-હરિભક્તોને આજ્ઞા કરી કે આજથી આ અયોધ્યાપ્રસાદજીને મારા સ્થાને નીમું છું. તમો સૌ હવે તેમની આજ્ઞામાં રહીને સર્વે કાર્યો કરશો. અને અયોધ્યાપ્રસાદજીને વચન આપ્યું કે ભલે ઉત્તર વિભાગ સુકો પ્રદેશ હોય પણ હું કાયમી તમારી સાથે રહીશ. આ વચન માની પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ, અમદાવાદ - મૂળી - કચ્છ પ્રદેશમાં ખૂબજ વિચરણ કરીને સત્સંગને ખૂબજ પ્રચલિત કર્યો. ગામો ગામ ઘરે-ઘરે પધરામણી કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ મહિમા સમજાવ્યો. તેમાં ખાસ કરીને મુળી મંદિર પ્રત્યે તેઓશ્રીને ખૂબજ પ્રેમભાવ લાગણી હતી જેથી મુળીમાં ખૂબજ રોકાતા અને મુળી દેશના ગામડામાં ખૂબજ વિચરણ કરતાં. મુળી મંદિરમાં તેમના માતુશ્રી સુવાસનીબા એ પોતાના હાથના કડા અને પગના ઝાંઝર ચાંદીના ૫ કિલો વજનના સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને મંદિરના કાર્યમાં વાપરવા આપેલ જે હાલમાં પણ મંદિરમાં છે. પ.પૂ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના મુળી દેશના અદ્‌ભુત અનેક પરચાઓ તેઓએ આપેલ છે. તે પૈકી થોડાક લખું છું.



મુળીના રાજા રામાભાઈને દીકરા નહોતા. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના વચનથી બે દીકરા થયા. તેમાં

अभिवादन

दिव्य सभा

दिव्य सभा








Be human first
Then Religious











પ.પૂ.આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદ
ધર્મકુળ વંદ
શોભા
આયોજક : શ્રી સ્વામિનારાયણ

જી મહારાજશ્રી જન્મ દ્વિશતાબ્દી

ઢા મહોત્સવ

યાત્રા

ંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

भोजनशाळा



















भोजनशाळा

सांस्कृतिक कार्यक्रम







વખતસિંહજીને અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે ખૂબજ હેતુ હતું. તેઓશ્રીની ખૂબજ સેવા કરતાં. જેથી અયોધ્યાપ્રસાદજી મહારાજે ચાર માસ અગાઉ વખતસિંહજીને કહ્યું કે તમારૂ આયુષ્ય ચાર માસમાં પુરૂ થશે તો તમો દાન-પુણ્ય કરવું હોય તે કરી લો. તે મુજબ તેઓએ ઠાકોરજીના થાળ કરીને, આચાર્યશ્રી, સંતો, હરિભક્તોને ખૂબજ જમાડ્યા. અને ચાર માસ પુરા થયા. વચન મુજબ શ્રીજી મહારાજને સાથે લઈને અયોધ્યાપ્રસાદજી મહારાજ વિમાન લઈને વખતસિંહજીને તેડવા આવ્યા તે સર્વેને દર્શન થયા.... (તદ્રુપાનંદ સ્વામીની વાર્તા-૨૫.)

સાયલાના રાજા કેશરીસિંહજી મુળીમાં અયોધ્યાપ્રસાદજીના દર્શને આવ્યા અને પ્રાર્થના કરી મહારાજ મારે ખૂબજ મોટું દુઃખ છે. કોઈ કાળે આ ઉપાધિ મટતી નથી. હવે આપના શરણે આવ્યો છું. આપના વગર આ દુઃખ મટે તેમ નથી. મારા દરબારમાં ગરાસ સારૂ એક ભાઈ મરી ગયેલા જે ભૂત થયો છે. તે અમો જ્યારે દરબારમાં જમવા બેસીએ ત્યારે સર્વ અન્ન ઈયળો થઈ જાય છે. સૂવા-બેસવા નથી દેતો. મહારાજશ્રી કહે ભલે અમો આવીશું. અને અયોધ્યાપ્રસાદજી મહારાજ દરબારમાં પધાર્યા રાત્રી રોકાણ કર્યું. રાત્રે બારોટ જીન થયો હતો તે રાડો પાડવા મંડ્યો કે હું બળુ છું. તમે આવા ધર્મના વડા થઈને મને કેમ દુઃખ આપો છો. હું હવે ક્યાં જઈશ. ખૂબજ રોવા લાગ્યો. હવે મને માર્ગ બતાવો આપ કહો ત્યાં જાઉ. મહારાજશ્રી કહે બદ્રીકાશ્રમમાં જાવ ત્યાં તમારો મોક્ષ કરશું. એટલે તે મેડી ઉપરથી નીચે પડ્યો. તેજનો મોટો પ્રકાશ થયો તે દરબાર સહિત સૌએ જોયો. મહારાજને પગે લાગીને રોયો તે રીતે દરબારનું દુઃખ દૂર કરી બારોટનો મોક્ષ કર્યો. (તદ્રુરૂપાનંદ સ્વામીની વાતો-૩૨.)

મુળીમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે ગણપતિ ચોથના દિવસે મોટો ગણપતિ ઉત્સવ કરવાનું સર્વેને કહ્યું. ઉત્સવ ખૂબજ ધામધૂમથી થયો. તેમાં લાધા ઠક્કરને શંકા થઈ કે પુરૂષોત્તમનારાયણના દીકરા થઈને ગણતિજીનું પૂજન શા કારણથી કરતાં હશે ? તેજ વખતે ગણપતિજીની મૂર્તિમાંથી તેજ નીકળ્યું. તેમાં ગણપતિજીની મૂર્તિમાં સાક્ષાત્ શ્રીજી મહારાજના દર્શન થયા અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પૂજન કરતાં તેવા દર્શન સૌ સંત હરિભક્તોને થયા. (તદ્રુરૂપાનંદ સ્વામીની વાતો-૬૪.)

મુળીમાં એકવાર અયોધ્યાપ્રસાદજી મહારાજ ભા.સુદી ૨ના દિવસે જનોઈનો વિધિ ભોગાવા નદીના કાંઠે કરતાં હતાં તેમાં તાવીના અખાભાઈ તથા સુરાવાવના વિભાજી આદિને શંકા થઈ કે અ પુરૂષોત્તમનારાયણના ઉપાસક છે. અ તેમના પુત્ર છે તેમને શા માટે તર્પણ કરવું પડતું હશે. તે સમયે અને ઋષિમુનિઓની મધ્યે શ્રીજી મહારાજના સર્વને દર્શન થય અને જનોઈ અયોધ્યાપ્રસાદજીને શ્રીજી મહારાજ ધારા કરાવે છે તેવા દર્શન સર્વ સંતો-હરિભક્તોને થયા.




દરબાર સતાજીનો હજુરી વશરામ ખવાસ ખૂબ માંદો પડ્યો. (કાળમુખ) હાથ ધોણું નાડીયો તુટી જા એવો ખૂબજ માંદો પડ્યો. એવામાં કોઈ અયોધ્યાપ્રસાદજીને વાત કરી કે દરબારનો હજુરી વશરા

માંદો પડ્યો છે. કોઈ કાળે સાજો થાય તેમ નથી એટલે મહારાજશ્રી તેને દર્શન દેવા પધારતાં હતાં ત્યાં વચમાં સમાચાર મળ્યા કે તેણે દેહ છોડી દીધો છે. છતાં મહારાજશ્રી ગયા. સર્વ કહે હવે અડશો નહીં. આપ અભડાશો તે મરણ પામ્યો છે. મહારાજે ખેસ લઈને કહ્યું આને કાંઈ નથી. ગરમી ચડી ગઈ છે. માટે દહીં લાવો. મહારાજે તેને દહી પાયું અને તે તુરંત બેઠો થયો અને મહારાજશ્રીને પગે લાગ્યો એટલે સર્વ દરબારો આશ્ચર્ય પામ્યા અને આતો સાક્ષાત્ શ્રીજી મહારાજનું સ્વરૂપ છે. તેમ સર્વ માનવા લાગ્યા.

અમદાવાદના નાગર બ્રાહ્મણ બાપુજી અને લક્ષ્મણરાવ મુળીમાં અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના દર્શને આવ્યા. બાપુજી ખૂબજ માંદા પડ્યા એટલે મહારાજશ્રી જોવા પધાર્યા અને કહ્યું કે હવે તમારો દેહ રહે તેમ નથી તો અમદાવાદ ધામમાં જવું છે કે અહીં મૂળી દેહ મુકવો છે. એટલે બાપુજી કહે આપની ઈચ્છા હોય તેમ કરો. મારે અમદાવાદ જવાની જરૂર નથી. મહારાજશ્રી કહે જાવ હું શ્રીજી મહારાજને સાથે લઈને ધામમાં તેડવા આવીશ. તેવામાં મહારાજશ્રી સભામાં બિરાજમાન હતા અને ત્યાં શ્રીજી મહારાજ પધાર્યા અને કહ્યું કે ચાલો બાપુજીને તેડવા આવ્યો છું. તો સાથે આવો અને મહારાજશ્રીને સાથે લઈને શ્રીજી મહારાજ જ્યાં બાપુજી હતા ત્યાં પધાર્યા અને કહ્યું કે આ અયોધ્યાપ્રસાદજીના વચન મુજબ તમને સાથે લઈને તેડવા આવ્યા છીએ એટલે બાપુજીએ તેમના પત્નીને કહ્યું કે મારી પેટી લાવો તેમાંથી ચાંદીનું કડું અયોધ્યાપ્રસાદજીને આપ્યું. પછી મહારાજે પ્રત્યક્ષ સર્વને દર્શન આપી સર્વની હાજરીમાં બાપુજી બ્રાહ્મણને મહારાજ તેડી ગયા તે સર્વને દર્શન થયા. (તદ્રુરૂપાનંદ સ્વામીની વાતો-૬૯.)

મુળીમાં શ્રાવણ સુદી પૂનમનું ગ્રહણ હતું. ગ્રહણ પુરુ થયા પછી સૌ ભોગાવા નદીમાં સ્નાન કરવા ગયા એટલે જગજીવનદાસ સ્વામીએ મહારાજશ્રીને કહ્યું કે નદીમાં પાણી નથી. તો ક્યાં સ્નાન કરશું. મહારાજશ્રી કહે મલ્હાર રાગનું કીર્તન બોલો. જીષ્ણુદાસજી કીર્તન બોલ્યા અને નદીમાં પાણી આવ્યું તે દિવસે રાત્રે ચોકમાં મોટી વિશાળ સભા થઈ તેમાં મહારાજશ્રીની બાજુમાં શ્રીજી મહારાજ સાક્ષાત્ બિરાજમાન છે તેવા એક કલાક સુધી સર્વને દર્શન થયા. સૌએ ચરણ સ્પર્શ કર્યા તેવાં અલૌકિક દર્શન થયા. (તદ્રુરૂપાનંદ સ્વામીની વાતો-૭૨.)

આવા તો અનેક પરચાઓ આદિ આચાર્ય મહારાજશ્રીના છે. તેઓ બાવન દિવસ સુધી ખાધા-પીધા વગર સમાધિમાં રહી અનેક લોકોના કષ્ટો દૂર કર્યા છે. અનેક મુમુક્ષુ-જીવાત્માઓને મોક્ષભાગી બનાવ્યા છે. આવા સમર્થ શ્રી નરનારાયણદેવ ગાદીના પ્રથમ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ૨૦૦ વર્ષ



પૂર્ણ થતાં તેઓશ્રીની ૨૦૦ મી જન્મ જયંતી ખૂબજ ધામ ધૂમથી ઉજવવાનો સંકલ્પ પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્ય મહારાજશ્રીને થયો. જે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવવાનો સૌએ સંકલ્પ કર્યો. થોડા સમયમાં તા. ૧-૬-૦૯ થી તા. ૩-૬-૦૯ સુધી ભવ્યતાથી ભવ્ય રીતે ૩ દિવસનો ઉત્સવ ઉજવાયો. તેમાં ૩ દિવસની કથા, ૩ દિવસનો યજ્ઞ વિગેરે કાર્યો થયા. આ ઉત્સવ એક યાદગાર ઉત્સવ થયો. તેમાં સભામંડપની રચના, કથાના ૫ વિદ્વાન વક્તા દ્વારા કથાશ્રવણ, સંતો, હરિભક્તોનું યોગ્ય સન્માન, શ્રીહરિયાગમાં ૫૧ કુંડીની રચના અને વિદ્વાન પંડિતો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક પૂજન. અયોધ્યાપ્રસાદજીના લીલાચરિત્રોના સચિત્ર દર્શન, પ્રદર્શન, કલાત્મક મુખ્ય

(અનુસંધાન પાના નં. ૫૩ ઉપર)

હૃદયે કરુણા અપાર

- અતુલભાઇ ભાનુપ્રસાદ પોથીવાલા



આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સત્તર વર્ષે શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદ પીઠ સ્થાનના આચાર્ય બન્યા હતા. તેઓ શ્રીહરિના પુત્ર હતા. ત્રિગુણાત્મક માયાથી પરાભવ પામે તેવા ન હતા. આચાર્યની ફરજો પ્રત્યે સભાન હતા. શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર નિરંજનદાસજી સ્વામીને સાથમાં રાખી દેવ મંદિરોની દેખભાળ રાખતા.

પ્રવૃત્તિમય જીવન હોવા છતાં પોતાના ઈષ્ટદેવની સેવા-પૂજા આરાધનામાં જે સમય ગાળતા તે કદી ઓછો કર્યો નથી. આત્મનિષ્ઠા અને સ્થિતપ્રજ્ઞતા આ બે ગુણો તેમનામાં દૃઢ હતા. તેઓ અંતર્મુખી હતા, પ્રબળ ધ્યાનયોગી હતા. શ્રીહરિ સાથે અખંડ અનુવૃત્તિમાં રહેતા. સત્સંગના પ્રચાર અને પ્રસાર માટે શ્રીજી મહારાજની જેમ જ ગામોગામ વિચરણ કરીને અનેક મુમુક્ષુજનોને શ્રીહરિ તથા શ્રીહરિનો મૂળ સત્સંગ ઓળખાવ્યો છે. જ્યાં જ્યાં દૃષ્ટિ કરતા ત્યાં એમનો અલૌકિક ભાવ રહેતો. ત્રણેય અવસ્થામાં શ્રીહરિને સાક્ષાત્કાર પામતા. સંતો હરિભક્તો પ્રત્યે આત્મીયતા રાખતા. સમાનતા એમનો સવિશેષ ગુણ હતો. આર્થિક રીતે ગરીબ હરિભક્ત હોય કે ધનિક હોય તેમાં કોઈ પક્ષપાત નહિ. સત્સંગમાં વિચરણ અર્થે નીકળે, ગામડાઓમાં ફરે, સત્સંગીઓ ઘેર ઘેર પધરામણી કરાવે ત્યારે કોઈનું ઘર બાકી ન રાખતા. ગરીબ હોય કે તવંગર, સૌ હરિભક્ત ને સમાન ભાવથી મળતા. દૃષ્ટિ માત્રથી પ્રત્યેકને પોતાના કરી લેતા.

અને સરળતા તો
આભૂષણ હતા. તેઓ સ્પષ્ટપણે માન
જીવન સંયમથી શોભે છે. કોઈ રજોગુણી ઠાઠમાઠ
સાદી સફેદ પાઘડી, સફેદ કેડિયું અને હંમેશા સ્વચ્છ
આ એમનો નિત્યનો પોષાક રહેતો. બ્રહ્માનંદ સ્વ
એક કીર્તનમાં ગાયુ છે કે -

"કાન તારો કંઠ કહ્યામાં ન આવે,
હાં રે એ તો કૌસ્તુભમણિને શોભાવે

એવી જ રીતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ
દિવ્ય વ્યક્તિત્વને લીધે એમનો પહેરેલો પોષાક
શોભી ઉઠતો.

ગામડે જાય ત્યારે જે જે હરિભક્તો દર્શન કરવ
તે સૌની સાથે આત્મીય ભાવથી વાત કરતા. કે
કુશળતા-સુખ સમાચાર પૂછતા જેમને પોતે ઓ
હોય તેવા કોઈ હરિભક્ત ન આવ્યા હોય તો
હરિભક્ત પાસેથી તેમની ક્ષેમકુશળતા જાણી લેતા.
માત્ર મારો આત્મીયજન છે - કુટુંબીજન છે એવી
હંમેશા રાખતા. કોઈ સુખદુઃખની વાત કરે તો
સાંભળતા. યોગ્ય એવું માર્ગદર્શન પણ આપતા.

આદિ આચાર્યશ્રી પોતાના વર્તનમાં ક્યારે


રની મોટપ દર્શાવતા નહિ. સામાન્ય મનુષ્યની
જ વર્તતા. આથી સત્સંગીઓ તેમની સાથે
કરવામાં સંકોચ અનુભવતા નહિ. એક
ન સંપ્રદાયના વડા ધર્મધુરંધર પોતાની વાત
મળે તેનાથી આશ્રિત અનુયાયીઓને સમાશ્રય
અને અનહદ આનંદ ઉપજતો. જાણે શ્રીજી
રાજ જ પોતાને ગામ આવ્યા હોય તેવી
ક્ષ અનુભૂતિ થતી. તેઓ ઓળખાણને કાયમ
ાવતા. સાવ સામાન્ય સ્થિતિનો સત્સંગી હોય
પણ તેનો આદરભાવ કરતા. તેમના બોલેલા
ાબ્દો સુખદુઃખમાં સમાશ્રિતોને આધ્યાત્મિક
પ્રદાન કરતા.

અયોધ્યાપ્રસાદજી મહારાજની કરુણા સાગરના
ોની જેમ છલકાતી હતી. એ જ રીતે તેમનો
રતાનો ગુણ પણ પ્રબળ હતો. શ્રીહરિએ
ખે કહ્યું છે કે "અમે અમારું દૈવત આચાર્યોમાં
ું છે." "અયોધ્યાપ્રસાદજી મહારાજ
ોપાંગ શ્રીજી મહારાજ જેવા જ ગુણો ધરાવતા
તેઓ દાતાર દિલના હતા. ઉદારતાની
ન ભાવના અને કરુણાનો સમન્વય. પાત્રની
ના પણ જોતા નહિ. જીવ પ્રાણી માત્ર ઉપર
ી દૃષ્ટિ પડી એટલે બસ !"

ંપ્રદાયના ધર્મધુરંધર તરીકે સંપ્રદાયના
ત્ત સત્સંગીજનોની સંભાવના કેમ કરીને
ી એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા.
ધર્મ જ નહિ પરંતુ દેશકાળ વિપરિત ચાલી
હોય ત્યારે માનવ ધર્મ જ મુખ્ય ધર્મ બની
છે, અને એનું રક્ષણ કરવું અને એવા
ત્કાળમાં દુઃખી ભક્તજનોની સંભાવના કેમ
ી રાખવી. એ માટે તેઓ હરહંમેશા
નશીલ રહેતા, એમના આવા મહાન ગુણનો
ન પુરાવો હાલ આપણી પાસે મોજુદ છે.
વત ૧૮૮૯ ના ભાદરવા માસમાં દેશકાળ

॥श्री॥

॥स्वस्तिश्री नरनारायण महाराजना च
रणारविंद समीप श्रीजस्थान सेहेर श्री
अमदावाद थि लखवा वितं आचार्य श्री
अयोध्याप्रसादजी महाराज हरिकृष्ण
जी महाराज तथा अमारा श्री नरनारा
यणना देशना सत्संगि बाई भाई सम
स्त अमारा जय श्री स्वामीनारायण वां
चज्यो॥ बिजुं लखवा कारण एम छे जे
हमणां आ देशकाळ कठण छे ते माटे
बाई भाई समस्त धर्ममां रहिने श्रीजी
महाराजने भजजो ने श्रीजि महाराजने
निरंतर संभारजो अने आपणा सर्वनि
खबर ते श्रीजि महाराज राखस्ये बिजुं
आपणा सत्संगमां कोइ हरिभक्त अन्ने
करिने दुखिया तो होय एम जणातो
होय तो ते गामना हरिभक्ते पोचवा
लाहोय ते ते सर्वे मलिने जे पोतपोता
ना गाममां बाई भाई हरिभक्त अन्ने क
रिने दुखिया ताहोय तो ते निअन्ने करि
ने ते हरिभक्तनि बिजा सर्वे हरिभक्त म
लिने खबर राखज्यो अने दुखि तेने था
वा देस्यो मां अने जो कदापि ते दुखि हरि
भक्त होय ने बिजा हरिभक्त ते निअन्ने
करिने खबर राखि सके एम नोय तो अ
मारे नामे अन्न मांडि ने ते नि खबर राख
वि अने अमारे नामे अन्न मांडुं हस्ये ते
अन्न नो अमे सर्वे हसाब मजरे आपस्युं
अने जो कोपि अमारे नामे अन्न ने करिने ख



સારો નહોતો. ચારેય બાજુ દુષ્કાળ ડોકાતો હ
આવા કપરા દેશકાળમાં અમદાવાદ દેશમાં વસતા
સત્સંગી બાઈ-ભાઈની રક્ષા કરવા અને માર્ગદ
પુરુ પાડવા એમણે તત્કાળ એક આજ્ઞાપત્ર ગામો
મોકલાવ્યો હતો. પ્રસાદીનો એ પત્ર પ.પૂ.ધ.ધુ.
તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસે જેવો છે
જળવાયેલો છે. એ પ્રસાદીપત્ર નો અભ્યાસ જો કરી
તો જણાય છે કે આદિ આચાર્યશ્રીનું હૃદય કરુણ
સાગર હતું. આ લેખ સાથે શ્રી અયોધ્યાપ્રસા
મહારાજના એ પત્રની ફોટોકોપી રજુ કરી છે. અ
પત્રની રજુઆત અને કપરા કાળમાં થોડાંક નિયમ
બાજુએ મૂકીને પણ જીવનની રક્ષા કેમ કરવી - એ
એક ધર્મ બની રહે છે - આવી એમની આગવી
સમજીએ છીએ ત્યારે મનોમન આપણા આવા આ
આચાર્યશ્રીને દંડવત્ કરવાનું મન થઈ આવે છે !

(૧) "સ્વસ્તિ શ્રી નરનારાયણ મહારાજ
ચરણારવિંદ સમીપ પશ્ચિમ સ્થાન શહેર
અમદાવાદથી લખાવિંત આચાર્યશ્રી અયોધ્યાપ્રસા
મહારાજ હરિકૃષ્ણ મહારાજ જત અમારા
નરનારાયણદેશના સત્સંગી બાઈ-ભાઈ સમસ્ત અ
જયશ્રી સ્વામિનારાયણ વાંચજ્યો."

(૨) "બીજું લખવા કારણ એમ છે જે હમણાં
દેશકાળ કપરા છે તે માટે બાઈ-ભાઈ સમસ્ત ધ
રહીને શ્રીજી મહારાજને ભજજોને શ્રીજી મહારા
નિરંતર સંભારજો ને આપણા સર્વેની ખબર તો શ્ર
મહારાજ રાખશે."

પત્રના પ્રથમ ચરણમાં સમસ્ત બાઈ-ભાઈ ને જ
સ્વામિનારાયણ પાઠવી, બીજા ચરણમાં કપરા
કાળમાં પણ ધર્મ જાળવવો જોઈએ અને શ્રીજી મહા
તો આપણા બાપ છે સર્વોપરિ બાપ છે - એ
નિરંતર સંભારી રાખવા ને સર્વેની ખબર તો શ્ર
મહારાજ રાખશે એવો દૃઢ વિશ્વાસ જગાવે છે.

(૩) "બીજું આપણા સત્સંગમાં કોઈ હરિભક્ત અન્ને
ને દુઃખી થાતો હોય એમ જણાતો હોય તો તે ગામના
ભક્ત જે પહોંચવાળા હોય તે સર્વે મળીને જે પોત
ાના ગામમાં બાઈ-ભાઈ હરિભક્ત અન્ને કરીને દુઃખી
ા હોય તેમની અન્ને કરીને તે હરિભક્તની બીજા સર્વે
ભક્ત મળીને ખબર રાખજ્યો અને દુઃખી તેને થાવા
ામાં."

પત્રના આ ત્રીજા ચરણમાં પહોંચવાળા હરિભક્તો એ
ી હરિભક્તોની કેમ કરીને સંભાવના રાખવી તે
જાવ્યું છે.

(૪) "..... અને જો કદાપિ તે દુઃખી હરિભક્ત
ા ને બીજા હરિભક્ત તેની અન્ને કરીને ખબર રાખી
એમ ના હોય તો અમારે નામે અન્ન માંગીને તેની
ાર રાખવી. અને અમારે નામે જે અન્ન માંગ્યું હોય તે
નો અમે સર્વે હિસાબ મજરે આપશું અને જો કદાપિ
ારે નામે અન્ને કરીને ખબર રખાય એવું ના હોય તો
હરિભક્ત બાઈ તથા ભાઈ તેને અમારી પાસે શ્રી
દાવાદ મોકલજો ..... અને અમે તેની અન્ને કરીને
ાર રાખશું અને તે હરિભક્તને દુઃખી થાવા નહીં
એ....."

પત્રના આ મધ્ય-ચરણમાં શ્રી અયોધ્યાપ્રસાદજી
ારાજની - દુઃખીજન માત્ર પ્રત્યેની ભારોભાર કરુણા
કાતી જોવા મળે છે. પોતે તો સંપ્રદાયના વડા ધર્મધુરંધર
તેથી "અમારે નામે પણ અન્ન માંગીને દુઃખી
ક્તજનની સંભાવના રાખવી અને એ અન્નનો હિસાબ
ો મજરે આપશું." આવા દયાળુ મહારાજશ્રીને સાષ્ટાંગ
વત્ આપો આપ થઈ જાય ! અત્રે નોંધવું ઘટે કે - શ્રી
ોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના અંગત હિસાબમાંથી
હિસાબ મજરે આપવાની વાત કરી છે નહીં કે
ંદરની આવકમાંથી. વળી એ પણ શક્ય ન બને તો
ા દુઃખી હરિભક્તને શ્રી અમદાવાદ પોતાની પાસે
વવાનું કહે છે અને પોતે સ્વયં એ હરિભક્તની અન્ને
કરીને સંભાવના કરશે."

સંપ્રદાય આવા ચક્રવર્તી સમ્રાટ જેવા આચાર્યશ્રીઓથી જ શોભી રહ્યો છે. મૂળ સંપ્રદાયના અને અમદાવાદ દેશ પીઠ સ્થાનના છઠ્ઠા આચાર્યશ્રી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજનું વ્યક્તિત્વ, એમની જીવન શૈલી સત્સંગી માત્ર પ્રત્યેની એમની આત્મીયતા અને ઉદારતા - બરોબર એમનાં દાદા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જેવાં જ છે. જેનો આપણ સૌને વારંવાર અનુભવ થતો રહ્યો છે.

(૫) "..... અને કદાપિ કોઈ હરિભક્તને એમ જણાતું હોય જે આચાર્યજીનું તથા શ્રી નરનારાયણદેવનું અન્ન કેમ ખવાય ? તો તેનું તો એમ છે જે આ તો આપત્કાળ કહેવાય છે. માટે અમારી આજ્ઞાએ કરીને અમારું તથા દેવનું અન્ન ખવાય તેનો બાધ નથી - એમ અમારી સર્વને આજ્ઞા છે અને એમ નહીં રાખો તો અમારો તેથી ઉપર ઠપકો આવશે. માટે આવી રીત્યે શ્રી નરનારાયણ દેશના હરિભક્ત બાઈ-ભાઈ ગામો ગામના સમસ્તને આમ અમારી આજ્ઞા છે તે સર્વે જાણજો અને હિંમત રાખજો અને ખરા ખોટાનું પારખું તે તો કામ પડે ત્યારે જ જાણ્યામાં આવે છે....."

પત્રના આ અંતિમ ચરણમાં સંપ્રદાયના વડા શ્રી આજ્ઞા આપીને - થોડાંક નિયમોમાંથી વિચલિત થઈને પણ આપત્કાળને ઉલંઘવાનું કહે છે.

મહેસાણામાં કુશળબા (કડવીબાઈ)ના અતિ સ્નેહને વશ થઈ વહેલી સવારે સર્વે સંતો-ભક્તોને ટાઢી હેમ જેવી ખીચડી ખાવાની જેમ શ્રીહરિએ આજ્ઞા કરેલી દાતણ પાણી કે સવારની પૂજા કર્યા સિવાય - અહીં બાઈ ભક્તનો નિર્વ્યાજ સ્નેહ હતો - જ્યારે અત્રે આપત્કાળમાં ભક્તજનની રક્ષા એ જ પ્રથમ ધર્મ છે. તેથી આદિ આચાર્યશ્રી - આજ્ઞારૂપે કરીને પણ આચાર્યશ્રીનું કે દેવનું અન્ન ખાવાનું કહે છે.

આ પ્રસાદીનો પત્ર પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજ પાસે છે જેને દિવ્ય સંકલ્પરૂપ શ્રી સ્વામિનારાયણ

મ્યુઝિયમમાં સર્વે મુમુક્ષુ મુલાકાતીઓ માટે દર્શન અર્થે રજુ કરવામાં આવનાર છે.

અત્રે એ નોંધવું ખાસ ઘટે છે કે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રીહરિની પરંપરાગત પ્રસાદીની સર્વે વસ્તુઓને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રજુ કરવાનો જે દિવ્ય સંકલ્પ દર્શાવ્યો છે તે અમથું નથી કર્યું. આવા પ્રસાદીના પત્રોને વાંચવા જાણવા ને માણવા મળે અને એ દ્વારા આપણા આદિ આચાર્યશ્રી, અયોધ્યાપ્રસાદજી મહારાજની કરુણા સભરતા ના ગુણોની જો ઓળખાણ કરુણા સભરતા નાં ગુણોની જો ઓળખાણ થઈ આવે તો આપોઆપ ધર્મવંશના આચાર્યશ્રીઓ અને એમની દિવ્ય પરંપરા માટે અતિ ભાવ ઉપજી આવે.

ધર્મવંશના આચાર્યશ્રીઓ પોતે ગૃહસ્થ છે. તેથી ગૃહસ્થના ધર્મો તો પાળવા આમેય કઠણ હોય છે. તેને લઈને આપણાં જ મૂળ સંપ્રદાયને વફાદાર સમાશ્રિતો ને પણ જો કંઈક આચાર્ય મહારાજશ્રી અને ધર્મકુળ પ્રત્યે લેશમાત્ર અંતરાય રહી ગયો હોય તો તે આપો આપ નાબુદ થઈ જાય અને છેવટે એ જીવ મોટી પદવીનો અધિકારી બની રહે.

બસ આ જ આશય અને આ જ એક માત્ર હેતુ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિમયની સ્થાપનાનો છે. શ્રીહરિની પ્રસાદીની દિવ્ય વસ્તુઓને જગત સમક્ષ દર્શનાર્થે મૂકવાના આ દિવ્ય સંકલ્પમાં નાનું સરખું યોગદાન આપીએ અને શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરી લઈએ. ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ અર્પણ કરીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમને મહેકાવીએ.

નોંધ : શ્રી સ્વામિનારાયણ માસિક પ્રસ્તુત પ્રસાદીના પત્રની ફોટો કોપી - સમસ્ત સત્સંગીજનોના દર્શન માટે આપવા બદલ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો ખૂબ ખૂબ આભાર માને છે.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના અદ્‌ભુત પરચા (અનુસંધાન પાના નં. ૪૮ ઉપર)

પ્રવેશ દ્વાર, શ્રી નરનારાયણદેવનું ખૂબજ કલાત્મક મંદિરના દર્શન વગેરે દર્શન જીવનમાં જોવા અને માણવા જેવા હતા. તેમાંય સૌને ભજન કરવા માટે અખંડ મહામંત્રની ધૂન-ભજન અને ભોજન સારા તો સર્વ કાર્યો દીપી ઉઠે. સંપ્રદાયમાં સૌ પ્રથમ મારી દ્રષ્ટિએ ઉત્સવ હશે કે થાંભલા વગરના ડોમમાં જમવાની વ્યવસ્થા થઈ હોય. દરેક સંતો, હરિભક્તો, વી.આઈ.પી.ઓ, એન.આર.આઈ. માટે અલગ-અલગ સુંદર બેઠકની વ્યવસ્થા. દરરોજ સવારે નાસ્તો, બપોરે ૧૧ થી વિવિધ ૧૨ વાનગી. સૌ સાંજે અલગ ચા-પાણીની વ્યવસ્થા. જ્યાં જાવ ત્યાં ઠંડી-છાસ અને ઠંડુ પાણી મળે. આખો વિસ્તાર પાણીથી તરબોળ કરી દેતાં જેથી આટલી ગરમીમાં પણ કોઈને ગરમી ન લાગે તેવી વ્યવસ્થા-બેસવા માટે છાંયાની સગવડતા, ઉતારા માટે વાડીઓ- બોર્ડિંગ, બંગલા, હોટલો રાખીને સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉત્સવ એક યાદગાર ઉત્સવ બની રહ્યો. કોઈ જાતની ક્યાંય ખામી જ નહિ. જે જોઈએ તે પુરતું મળી રહે, કોઈ પણ ખર્ચમાં કાપ નહિ, ખોટો વધારાનો બગાડ નહિ. સૌના મનમાં આનંદ-આનંદ વર્તાતો હતો અને સંતો-હરિભક્તોના મોઢે એક જ વાત થતી કે આવો ઉત્સવનો આનંદ અને વ્યવસ્થા અમોએ ક્યાંય જોઈ નથી. આ સૌના અંતઃકરણના ઉદ્‌ગારો હતાં. એટલે મારી દ્રષ્ટિએ આ ધર્મકુળ વંદના મહોત્સવ અત્યાર સુધીમાં થયેલ તમામ ઉત્સવ કરતાં સર્વોપરિ ઉત્સવ હતો. આ ઉત્સવનો આનંદ અનેરો હતો. તેનો યશ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સીધી દેખરેખ અને અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા કમિટીની ઉદારતા અને સતત હાજરી તથા સહયોગી સંતોની સખત મહેનત અને દરેક નાના-મોટા હરિભક્તોની તન, મન, ધનથી સેવા અને સ્વયંસેવકોની સેવાશ્રમથી આ ઉત્સવ ભવ્યતાથી ભવ્ય રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી ઉજવાયો. તો આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી જન્મ જયંતી ધર્મકુળ વંદના પ્રસંગે મારા કોટી કોટી દંડવત પ્રણામ, સમગ્ર ધર્મકુળને કરૂ છું. તેમના અંતઃકરણના આશીર્વાદ મળતા રહે એજ અભ્યર્થના સહ.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનું જીવન કવન (પ્રદર્શન આધારિત)

સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રી સ્વામિનારાયણ નગરમાં પ્રવેશતા જ જમણી બાજુ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનું સચિત્ર પ્રદર્શન હતું. દરેક ચિત્રોની નીચે તે અંગેનું લખાણ હતું. તેમજ આપણા અમદાવાદ મંદિરે તેનું એક પુસ્તક પણ પ્રકાશન કર્યું. શ્રી સ્વામિનારાયણ માસિકના દરેક સભ્ય મહોત્સવનું દર્શન કરવા ન આવ્યા હોય, તેમજ દરેક પાસે તે પુસ્તક પણ નહિ આવે, તેવા દરેક સભ્યના ઘેર આ માસિક જશે અને તેના માધ્યમથી આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન પ્રસંગોની કંઈક વિશેષ સ્મૃતિ રહે તે હેતુ થી આ લેખ લખું છું. જેનો આધાર સચિત્ર પ્રદર્શન છે.

(૧) માતા સુવાસિનીબાની ગોદમાં આનંદ કિલ્લો - સુવાસિનીબા કે જેને શ્રીહરિમાં અત્યંત પ્રેમ ભક્તિ અને શ્રીહરિની અખંડ સેવાનો ગુણ હતો તેમની જ કુખે પ્રાગટ્ય અને તેમની જ ગોદમાં આનંદ કિલ્લોલ.

(૨) નામ સંસ્કાર - માર્કંડેય ઋષિદ્વારા - અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જેમણે નામ સંસ્કરણ કર્યું હતું તે જ માર્કંડેય ઋષિએ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનું પણ નામ સંસ્કરણ કર્યું.

(૩) ચરણમાં પદમનું ચિન્હ નિહાળી ધન્યતા અનુભવતા સુવાસિનીબાઈ. શ્રીહરિના જમણા ચરણમાં પદમનું ચિહન છે, તે જ રીતે ભગવાનના આ પુત્રના ચરણમાં પણ પદમ કહેતા કમળનું ચિન્હ છે. પદમનું ચિન્હ નિરખીને સુવાસિનીબા પુત્રના ભાવિનો વિચાર કરે છે.

(૪) આઠમાં વર્ષે અયોધ્યામાં વિધિપૂર્વક યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યો હતો.

(૫) બાલ્યાવસ્થામાં પિતાશ્રી રામપ્રતાપજી મહારાજની સેવા - શ્રીહરિએ પણ બાલ્યાવસ્થામાં પિતાશ્રી ધર્મદેવની સેવા કરી, વળી અત્રે પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાનું યથાર્થ પાલન કરી રહ્યા છે.

(૬) વિદ્વાન પંડિત પાસે ચાર વેદ, પુરાણો સહિત સંસ્કૃત ભાષાનો અભ્યાસ - શ્રીહરિની પણ એ જ રૂચિ હતી.

(૭) બાળપણમાં સ્વરચિત કીર્તનો પૂ. પિતાશ્રી રામપ્રતાપજી મહારાજને શ્રવણ કરાવી રહ્યા છે. બાળપણથી જ પોતે એક સારા કવિ, શ્રીહરિ પ્રત્યે કીર્તન ભક્તિના પ્રેમવાળા અને સાથે સાથે પિતાશ્રીને પણ કીર્તનો સંભળાવીને રાજી કરી રહ્યા છે.

(૮) પૂ. માતા સુવાસિનીબાઈ પોતાના પ્રિય પુત્રને ભોજન જમાડી રહ્યા છે. જે શ્રીહરિને સુવાસિનીબાએ ભોજન જમાડ્યા તે જ સુવાસિનીબાએ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને પણ બાળપણમાં ભોજન જમાડ્યા.

(૯) શ્રી હનુમાનગઢી અયોધ્યામાં દરરોજ દર્શન તેમજ કથા શ્રવણ કરવા જતા હતા અને એકાગ્ર ચિત્તથી કથા શ્રવણ કરતા - શ્રીહરિએ પણ અયોધ્યામાં આ જ ક્રમ રાખ્યો હતો.

(૧૦) ચૌલ સંસ્કાર વિધિ છપૈયા ધામમાં પવિત્ર નારાયણ સરોવરના કિનારે. શ્રીહરિનો ચૌલ સંસ્કાર વિધિ છપૈયામાં થયો હતો.


(૧૧) પૂ. રામપ્રતાપજી મહારાજ તથા શ્રી ધર્મકુળ સાથે છપૈયાથી લોયા શાકોત્સવ પ્રસંગે પધાર્યા અને શ્રીહરિને મળી દર્શન કર્યા - શ્રીહરિ સાથે સત્સંગમાં પ્રથમ મિલાપ, શ્રીહરિનું પ્રથમ દર્શન.

(૧૨) વડતાલ ધામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ બન્ને ગાદી અમદાવાદ (ઉત્તર વિભાગ) અને વડતાલ (દક્ષિણ વિભાગ)ના બન્ને ધર્મવંશી આચાર્યોની સ્થાપના કરી રહ્યા છે. અબૂધ અજ્ઞાની મનુષ્યોને ઉંધે પાટે ચડાવનાર હે વિમુખો ! મૂળ સંપ્રદાયની આચાર્ય પરંપરાનું આ મૂળ છે, તમારે આવું મૂળ ખરૂં ક્યાંય ?

(૧૩) અમદાવાદ શ્રી નરનારાયણદેશની તપસ્વી

स्वयंसेवक सभा





શ્રી સ્વામિનારાયણ નગર ખાતે પૂર્વ તૈયારી નિહાળતા પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



ધર્મકુળના મહેમાનો



સાંખ્યયોગી બહેનો



પૂ.ગાદીવાળાશ્રીના દર્શન માટેની કતાર

श्री स्वामिनारायणनगर



રોશનીથી ઝળહળતું મંદિર

આમંત્રિત મહેમાનો



વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભટ્ટ



શ્રી જયનારાયણ વ્યાસ તથા શ્રી ફકીરભાઈ વાઘેલા



શ્રી સિધ્ધાર્થ પટેલ, શ્રી અર્જુન મોઢવાડીયા તથા શ્રી સુરેન્દ્ર બક્ષી
અને અન્ય કોંગ્રેસના મહાનુભાવો



ગુજરાત પોલીસ મહાનિર્દેશક
શ્રી ખંડવાવાલા સાહેબ



ગણેશ કોર્પોરેશનવાળા શ્રી ગોવિંદભાઈ પટેલ





વિસ્તારની ગાદીથી ઉદાસીન થયેલ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને શ્રીહરિએ કહ્યું કે - **હું તમારી સાથે છું** - શ્રીહરિના આ વચનની પરંપરાથી આજ સુધી આ દેશમાં પ્રતિતી થતી આવી છે.

(૧૪) બન્ને દેશની ગાદી ઉપર આચાર્યોનો ગાદી અભિષેક થયા બાદ વડોદરામાં સયાજીરાવ ગાયકવાડ સરકાર તરફથી ભવ્ય સ્વાગત સામૈયુ - રાજા મહારાજાઓ જેવું સ્વાગત સામૈયુ શ્રીહરિનું કરે છે તેવું જ શ્રીહરિના અપર સ્વરૂપનું પણ ! વળી શ્રીહરિનું પણ આ શહેરમાં સયાજીરાવ ગાયકવાડ સરકાર તરફથી આ જ રીતે ભવ્ય સ્વાગત સામૈયું.

(૧૫) છપૈયા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા સમયે લખનૌના કુબેરસિંહ નામના છોકરાનો પગ ઘોડાના પેગડામાં ભરાઈ જવાથી મૃત્યુ પામેલો. પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી જીવનદાન આપીને સજીવન કર્યા - શ્રીહરિના જેવી સામર્થી, દયાળુતા તેમજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો પ્રભાવ-મહિમા.

(૧૬) વિશ્વના સૌ પ્રથમ મંદિર કાલુપુરમાં સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મહાવિદ્યાલયની સ્થાપના કરી અને શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક નં. ૧૩૨માં કરેલી આજ્ઞા સાર્થક કરી - આ સંસ્કૃત પાઠશાળાનો આજે પણ વિદ્યાપ્રેમી સંતો - બ્રાહ્મણો જેતલપુર વાડીમાં લાભ લઈ રહ્યા છે.

(૧૭) સાબરકાંઠાના ઈડર શહેરમાં જાતે દેખરેખ રાખી નૂતન શિખરબધ્ધ મંદિરનું નિર્માણ કરાવ્યું - શ્રીહરિની પરંપરા.

(૧૮) નંદપંક્તિના મોટેરા સંતો પૂજન અર્ચન કરી આરતી કરી રહ્યા છે. આજે પણ સંતો મૂળ સંપ્રદાયની આ પરંપરાને અનુસરી રહ્યા છે. જે સંતો આ પરંપરાને અનુસરે છે તે જ શ્રીહરિના સાચા સંતો કહેવાય છે.

(૧૯) મુમુક્ષુજનોને વર્તમાન ધરાવી તુલસીની બેવડી કંઠી ધારણ કરાવી રહ્યા છે. - મુમુક્ષુજનોને શ્રીહરિના ચરણનો આશ્રય કરાવી કલ્યાણ કરવાની ભાવના.

(૨૦) અમદાવાદ સાબરમતી કિનારે નારણઘાટે વિધિપૂર્વક શ્રી હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા - ધર્મકુળના કુળદેવ હનુમાનજી છે. નારણઘાટના હનુમાનજીના દર્શનથી ભાગ્યે જ કોઈ વંચિત હશે !

(૨૧) ઈડરના રાજા સુંદર નૂતન મંદિર નિર્માણ થયા બાદ મંદિરનો દસ્તાવેજ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કરી રહ્યા છે. - આ રીતને સદાય અનુસરવું જોઈએ.

(૨૨) અસારવામાં પ.પૂ. મહારાજશ્રીએ હનુમાનજી મહારાજની વિધિસર પ્રાણ પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી - કુળદેવ હનુમાનજી પ્રત્યેનો વિશેષ પ્રેમ.

(૨૩) રાજસ્થાન રાજ્યના ડુંગરપુર ગામે મુમુક્ષુ જીવાત્માઓને ધર્મોપદેશ આપી રહ્યા છે - શ્રીજી મહારાજે સોંપેલી ધર્મધુરાનું વહન કરે છે.

(૨૪) સંતો હરિભક્તો સાથે મધ્ય પ્રદેશના શિવપુરી પધારતા ત્યારે નદીના ઢાળમાં ગાડું પાછુ પડતા શ્રીહરિએ રક્ષા કરી, બાજુમાં પુલ બનાવી નદી પાર કરાવી બાલસ્વરૂપનું દર્શન કરાવ્યું - હરપળ શ્રીજી મહારાજ સાથે હોય એવી પ્રતિતી થાય છે.

(૨૫) જેતલપુરના ગંગાબા શ્રીહરિની જેમ પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ભાવથી ભોજન જમાડી રહ્યા છે - જે શ્રીજી મહારાજને ઓળખે છે તે ધર્મવંશ આચાર્યશ્રીનો મહિમા પણ જાણે છે.

(૨૬) ઉત્તર ગુજરાતના જમીયતપુરા ગામે શ્રીહરિની પ્રસાદીની જગ્યા પ્રભા તળાવડીના કિનારે વિધિપૂર્વક શ્રી પ્રભા હનુમાનજીની પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી - આ સ્થળ હાલમાં યાત્રા કરવા યોગ્ય દર્શનીય બન્યુ છે.

(૨૭) ધન્ય છે ધર્મકુળને ..... મૂળી મંદિરના નિર્માણ માટે પૂ. સુવાસિની માતાના પગના તોડા (દાગીના) પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મંદિરના બાંધકામને વેગ આપવા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને અર્પણ કરી રહ્યા છે. - ધર્મકુળના શ્રીહરિ સાથે એકાત્મતાનું અહીં દર્શન થાય છે.

(૨૮) અમદાવાદમાં શ્રી નરનારાયણદેવનો મહાભિષેક કરી પાટોત્સવ ઉજવી રહ્યા છે - જે દેવની શ્રીહરિએ પ્રતિષ્ઠા કરી એ જ દેવનો પાટોત્સવ આદિ આચાર્યશ્રીના વરદ્ હસ્તે

(૨૯) ગુજરાતના કચ્છમાં આવેલ માંડવી શહેરમાં શિખરબધ્ધ મંદિરમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી

વર્તમાન કાળે આ મંદિર ભક્તોની અતિશય ભીડથી નાનુ પડતા તે મંદિર ચાલુ રાખીને અન્યત્ર વિશાળ જગ્યામાં નવું મંદિર નિર્માણ પામ્યું.

(૩૦) જેતલપુર ધામમાં બોરસલીની છાયાની નીચે ભગવાન શ્રીહરિને "હરિ મિલે બોરસલી કી છાયા" કીર્તન મધુર કંઠે શ્રવણ કરાવી રહ્યા છે-પોતાની શીધ્ર કવિત્વ શક્તિનો ઉપયોગ શ્રીહરિને રાજી કરવામાં જ કરે છે.

(૩૧) મૂળી ધામમાં સંતો - હરિભક્તો સાથે વસંત પંચમીનો રંગોત્સવ. જે આજે પણ પરંપરાથી ઉજવાય છે.

(૩૨) સંતોને કાવ્યો તેમજ શ્રીહરિના કીર્તનો શીખવાડી રહ્યા છે - સંતો પ્રત્યેના પ્રેમનું અહીં દર્શન થાય છે.

(૩૩) અમદાવાદ નારણપુરામાં વિધિપૂર્વક શ્રી હનુમાનજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી. - આ મંદિરનો જીર્ણોધ્ધાર હવે થશે.

(૩૪) શ્રીહરિના ધ્યાનમાં એકાગ્ર હતા ત્યારે વિંછીના ડંશની અસહ્ય વેદના જેમને સ્પર્શી શકી નથી તેવા આત્મનિષ્ઠાવાળા.

(૩૫) પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ગામ બામરોલી (મ.પ્ર.) ના હરિભક્તોએ સ્નાન કરાવ્યું. જેની જલધારા ગામની ભાગોળે પહોંચી, સ્નાન કર્યા બાદ ગામની ફરતે દૂધની ધારાવાડી આપી આશીર્વાદ આપ્યા કે, આજથી આ ગામમાં જે કોઈનું મૃત્યુ થશે તેને ભગવાન શ્રીહરિ પોતાના ધામમાં તેડી જશે. શ્રીહરિની સાથે હું પણ આવીશ. શ્રીહરિના સાક્ષાત અપર સ્વરૂપ સિવાય આવું વરદાન કોણ આપી શકે !

(૩૬) પવિત્ર શ્રીહરિના જન્મ સ્થાન છપૈયા ધામમાં પ.પૂ. મહારાજશ્રી જાતે સેવા કરી પોતાની દેખરેખ નીચે શિખરબધ્ધ નૂતન ભવ્ય મહામંદિર નિર્માણ કરાવી રહ્યા છે. - શ્રીહરિની જન્મ ભૂમિ પ્રત્યે અદ્‌ભૂત પ્રેમ !

(૩૭) ચંબલ નામ ડાકુઓથી મશહુર છે, પરંતુ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ ચંબલ પ્રદેશના બામરોલી (મ.પ્ર.) ગામે એ વખતે સુંદર સત્સંગ કરાવેલ, એટલું જ નહિ પરંતુ ગામમાં કોઈપણ વ્યક્તિ મૃત્યુ પામે તો પોતે શ્રીજી મહારાજને લઈ તેડવા આવશે અને અક્ષરધામમાં લઈ જશે તેવું વરાદન આપેલ છે. તેની ખાત્રી રૂપે જે તે વ્યક્તિના મૃત્યુના એકાદ બે દિવસ પહેલા કોઈના સ્વપ્નમાં આવી પ્રમાણ પણ આપે છે. જે પ્રક્રિયા આજ દિન સુધી અવિરત ચાલુ છે. ગામના મંદિરમાં આવેલ જે હનુમાનજીની પ્રતિષ્ઠા પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ કરેલી તે પણ એટલા જ ચમત્કારી છે. બામરોલી ગામ તથા આસપાસના લોકો બીમાર પડતા ભાગ્યે જ ડોક્ટર પાસે જાય છે. મંદિરમાં રહેલા તે હનુમાનજી બધાના મનોરથ પૂર્ણ કરે છે. પ.પૂ. મહારાજશ્રીને આ બામરોલી પ્રત્યે ખૂબ લગાવ હતો. છપૈયા જતા આવતા અચૂક બામરોલીની મુલાકાત લેતા. ગામ આખું અને આસપાસના વિસ્તારના લોક ચોરી જેવા નિમ્ન વ્યવસાય સાથે જોડાયેલ હોવા છતાં પણ આજ દિન સુધી તેમનામાં દેવ, મંદિર અને મહારાજશ્રી પ્રત્યેનો અહોભાવ આજે પણ અકબંધ જોવા મળે છે.

(૩૮) છપૈયા ધામમાં પવિત્ર નારાયણ સરોવરના કિનારે ભક્તજનોની વિશાળ સભામાં શ્રી ઘનશ્યામ મહારાજ લીલામૃતની કથાનું રસપાન કરાવતા - શ્રીહરિના ચરિત્રોમાં પ્રેમ દર્શાવે છે.

(૩૯) દરરોજ સંતવૃંદ સાથે કીર્તન ભક્તિ દ્વારા શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરતા.

(૪૦) સંતો હરિભક્તોની વિશાળ સભામાં શ્રી દલપતરામ કવિને કવિત્વ પ્રદાન કરતા.

(૪૧) મુમુક્ષુ જીવાત્માને ત્યાગી (સંત)ની વેદોક્ત વિધિસર મહાદીક્ષા આપતા.

(૪૨) સંતોને ધ્યાન અને અષ્ટાંગયોગ શિખવાડતા.

(૪૩) સંતો હરિભક્તો સાથે સત્સંગ વિચરણ.

(૪૪) સંતો હરિભક્તોની વિશાળ સભામાં એકાગ્ર ચિત્તે શ્રીમદ્‌ ભાગવત કથા શ્રવણ કરતા.

(૪૫) સંતોને પંક્તિમાં સ્વહસ્તે પીરસતા. - સંતો પ્રત્યે કેટલો પ્રેમ દર્શાવે છે !

(૪૬) જેતલપુર ધામમાં પ્રસાદીના દેવ સરોવરમાં સંતો સાથે સ્નાન કરી રહ્યા છે. દરેક પ્રસંગો પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન કવન આધારિત છે.

ગુરુમાં ગોવિંદ દેખાયા

શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આપણા સંપ્રદાયના આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વચન સિધ્ધ હતા. પરમ સિધ્ધ હતાં. ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિને અખંડ દેખતાં. બહુમુખી પ્રતિભા ધારક હતા. ભક્તહૃદયી કવિ હતા. સંપ્રદાયની સર્વોચ્ચ પદવી ઉપર વિરાજમાન હોવા છતાં નાનાં-મોટાં પ્રત્યેક સત્સંગી ઉપર ખૂબજ દયાળુ પણે વર્તતા. સ્વામિનારાયણ ભગવાનના ભક્તોને જોઈને જાણે પોતાનાં સંબંધી મળ્યા કે કુટુંબી મળ્યા હોય એવો મહારાજશ્રીને આનંદ થતો.

આપણે જે વાત કરીએ છીએ એ માણસા ગામની વાત છે. માણસાનો સત્સંગ બહુ સારો. માણસા ગામમાં સ્વામિનારાયણ ભગવાનના પાવન પગલાં થયાં છે. એ માણસાના વતની પિથુભાઈ દરબાર અને આણદોભાઈ દરબાર બહુ ઉત્તમ કોટિના હરિભક્તો હતાં અને શૂરવીર તે કેવાં ?

"મોટા પિથુભાઈ ભલા ભક્ત,
બીજા આણદોભાઈ જાણે જકત,
ભજે શ્રીહરિને ભલી પેર,
રાખી ઉઘાડી કરસમ શેર."

આવા શૂરવીર ભક્ત આણદાભાઈ માંદગી પટકાયા. શરીર સાવ શિથીલ થઈ ગયું. સગા-સંબંધી સૌએ ધારી લીધું કે આણદાભાઈ હવે પથારીમાંથી બે નહીં થાય. આગેવાન હરિભક્ત હતાં તેનાં માંદગી સમાચાર સત્સંગમાં કહી વળ્યાં. મોટા મોટા નંદ સં આણદાભાઈને ઘેર આવવા લાગ્યા.

પછી આ માંદગીના સમાચાર જ્યારે અયોધ્યાપ્રસાદ મહારાજે સાંભળ્યા કે તર્તજ રથમાં બેસીને માણસા આ પહોંચ્યા. "વાત સાંભળી આવ્યા મહારાજ, અવધપ્રસાદ અધિરાજ" આણદાભાઈ તો બેઠાં થઈ એમ નહોતાં. અયોધ્યાપ્રસાદજી મહારાજ આણદાભાઈ પથારી પાસે જઈને ઉભા રહ્યાં. આણદાભાઈને તો આનંદ થયો. આજે તો એમને ગુરુમાં ગોવિંદ દેખા ભારે ભારે સામગ્રીથી આચાર્ય મહારાજશ્રીનું પૂજન કર અને વંદન કર્યા. આચાર્ય મહારાજશ્રીએ પૂ



ાણદાભાઈ બોલો હવે શી ઈચ્છા છે. જીવવું છે કે હારાજનાં ધામમાં જવું છે. હાથ જોડીને આણદાભાઈ ોલ્યા, હે આદિ આચાર્ય મહારાજ ! હવે જીવવાની કોઈ ચ્છા નથી. મને એવાં આશીર્વાદ આપો કે હું અત્યારે જ ક્ષરધામમાં જાઉં. અયોધ્યાપ્રસાદજી મહારાજે તથાસ્તુ ુું અને એ જ વખતે મહા મોટો ચમત્કાર થયો. ાકાશમાંથી દિવ્ય વાંજિંત્રોનાં અવાજ સંભળાવા લાગ્યા ને સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષપણે ત્યાં પધાર્યા. ોને દર્શન થયા. અને આણદાભાઈનાં આત્માને વિમાનમાં સારીને પોતાના ધામમાં લઈ ગયાં. આવા પ્રતાપી હતાં ાપણા આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ. આ ાખીએ ઘટના અમદાવાદ મંદિરમાં બેઠેલા કૃષ્ણાનંદ ામીએ દિવ્ય દૃષ્ટિથી જોઈ. અને અમદાવાદમાં બધા ો અને હરિભક્તોને કહી સંભળાવી. એટલું જ નહિ રચિત શ્રીહરિચરિત્રામૃત ગ્રંથમાં આ ઘટનાનો ગૌરવભેર લેખ કર્યો.

મહાપ્રતાપી અયોધ્યાપ્રસાદજી મહારાજની બીજી પણ ક વાત બહુ ચમત્કારી છે. માણસા ગામમાં એક ભૂદેવ ક્ત નરસિંહભાઈ હતાં. તે મુક્તાત્મા હતાં. અખંડ જનમાં તન્મય રહેતા. સંતોની સેવા કરતાં. અને રાત્રિ-વસ મંદિરમાં જ રહેતાં.

"વળી ભજન ભક્તિમાં પુરા,
સાધુ સંતની સેવામાં સૂરા,
નામ નરસિંહ સહુજન કહે,
આઠે પહોર મંદિરમાં રહે."

કોઈ સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજ છપૈયાથી જરાત તરફ આવી રહ્યા હતા. માર્ગમાં આવતાં મડાઓમાં ભક્તજનોને દર્શન દેતાં દેતાં પૂજ્ય ારાજશ્રી લસુંદ્રા પાસેના ચિખલોડ ગામે પધાર્યા. આચાર્ય ારાજશ્રીને આમંત્રણ આપવા શ્રી નરસિંહ ભાઈ પણ ણસાથી ચિખલોડ પહોંચી ગયા. રાત્રિનો સમય હતો. ો કથાવાર્તા કરતાં હતાં. આદિ આચાર્ય મહારાજશ્રી સભામાં વિરાજમાન હતા. અને નરસિંહભાઈ સભામાંથી ઉભા થઈને અંધારામાં લશુશંકા કરવા ગયા. તે સ્થળે એક ઝેરી નાગ રહેતો હતો. તેણે ઘણાને દંશ દીધેલા. કેટલાય માણસોના જીવન પૂરા થઈ ગયેલા. નરસિંહભાઈને આ વાતની ખબર નહિ અને એ જ જગ્યાએ લઘુશંકા કરવા ગયા અને આ ઝેરી નાગ કરડ્યો. નરસિંહભાઈ એ બૂમ પાડી. માણસોનાં ટોળાં ભેગા થઈ ગયાં. અને સૌ કોઈ જાત જાતનાં મંત્ર તંત્રના ઉપાયો કરવા લાગ્યા. ત્યારે નિષ્ઠાવાન નરસિંહભાઈ બોલ્યાં કોઈ કાંઈ ઉપાય કરશો નહિ. મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની મરજી પ્રમાણે જ બધું થાય છે અને નરસિંહભાઈ એટલું બોલતાં ઢળી પડ્યાં.

"હરિ ઈચ્છા હોય એમ થાય,
બીજો કોઈ ન કરશો ઉપાય.
એમ કહેતાં વિષ ચડી ગયું,
દેહભાન લેશ નવ રહ્યું."

નરસિંહભાઈનો શ્વાસ તૂટવા લાગ્યો. ત્યાં તો સભામાંથી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને સંતો ત્યાં આવી પહોંચ્યા. સંતોએ અને આચાર્ય મહારાજશ્રીએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરી. અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રભુને વિનંતી કરી, હે મહારાજ ! નરસિંહભાઈની રક્ષા કરજો. અયોધ્યાપ્રસાદજી મહારાજની વિનંતીથી સ્વામિનારાયણ ભગવાને નરસિંહભાઈને દિવ્ય સ્વરૂપે દર્શન આપીને તેનાં મસ્તક ઉપર હાથ મૂક્યો અને ભયંકર નાગનું ઝેર ઉતરી ગયું. નરસિંહભાઈ એકદમ સ્વસ્થ બની ગયા. આખા ગામમાં સ્વામિનારાયણ ભગવાનનો અને અયોધ્યાપ્રસાદજી મહારાજનો જય જય કાર થયો.

આવી તો અનેક ઘટનાઓ છે, પ્રસંગો છે, વાર્તાઓ છે. એમાંથી આપણે બે ઘટનાઓ જાણી. જેમની પ્રાર્થનાથી ભગવાન પોતાના ભક્તને ધામમાં લઈ જાય. અને જેની પ્રાર્થનાથી ભગવાન પોતાનાં ભક્તને મૃત્યુંના મુખમાંથી બચાલી લે. આવા અતિ દયાળુ, વચનસિધ્ધ, ધ્યાનસિધ્ધ આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ૨૦૦ મી જન્મ જયંતી પ્રસંગે કોટી કોટિ વંદન.

ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે ધર્મકુળના આશીર્વચન

ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ધર્મકુળ વંદના મહોત્સવમાં જેઓ સહભાગી થયા તે દરેકને સતત ત્રણ દિવસ સુધી શ્રીહરિના ત્રણ - ત્રણ અપર સ્વરૂપો, વળી ત્રીજા દિવસે તો એક જ સાથે શ્રીહરિના ચાર ચાર સ્વરૂપોનું દર્શન થયું એટલું જ નહિ એ ચારે સ્વરૂપોના મુખેથી આશીર્વચન પણ સાંભળવા મળ્યા ! જે ખરેખર આપણા અહોભાગ્ય ગણાય ! આ આશીર્વચનોની આપણને કાયમી સ્મૃતિ રહે તેમજ જેઓ સહભાગી નથી થઈ શક્યા તેવા દૂર દેશના ભક્તજનોને પણ કંઈક અંશે તેનું સુખ સાંપડે તે હેતુથી આ અમૂલ્ય આશીર્વચનને લેખન સ્વરૂપે અત્રે રજૂ કરુ છું. આશા છે કે સૌને ગમશે !



(૧) પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

: આદરણીય સંતો તથા દેશો દેશથી પધારેલા નાના-મોટા સર્વે હરિભક્તો. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના જન્મને ૨૦૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આ ઉત્સવ ઉજવાયો. તેઓશ્રીના ગુણો ગાવા બેસીએ તો પાર ન આવે. વીંછીનો પ્રસંગ આપણને એ બતાવે છે કે તેઓને ભગવાન પ્રત્યે કેટલી ભાવના હતી ! વીંછીના ઘણા ડંશથી પણ તેઓ પૂજામાંથી સહેજ પણ ચલાયમાન ન થયા. ઘણા મનુષ્યો તો કોઈ સંકટ આવે કે દુઃખ આવે ત્યારે ભગવાનની ભક્તિ પડતી મૂકે છે. ભગવાનનું દર્શન કરતો હોય છતાં દુઃખ આવે, પછી ભગવાનને દોષ આપે છે કે ભગવાન આવું કરે છે. ભગવાન તેવું કરે છે. **ભગવાન જે પણ કંઈ કરતા હોય તેનો કોઈને કોઈ હેતુ હોય છે. આ ઉત્સવમ સ્વયંસેવકોએ ઘણી મહેનત કરી છે તે ભગવાન પા જમા થઈ છે.** દરેક વિભાગના સ્વયં સેવકોનો અમે ખૂ ખૂબ આભાર માનીએ છીએ. શ્રીજી મહારાજ સ હરિભક્તોને રાજી રાખે તેવી શ્રી નરનારાયણદેવ પ્રાર્થના.

(૨) પ.પૂ. મોટા મહારાજશ્ર તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

આદરણીય સંતો અને વહાલ હરિભક્તો ! આપણે દાદા ઐશ્વર્યની વાતો તથા ચમત્કા સાંભળ્યા. વક્તાશ્રીએ એક વા એ પણ કરી કે દાદા પંક્તિ પીરસતા હતા ત્યારે ભોજ કરનારને મહારાજ સ્વયં પીરસે તેવું દર્શન થતું હતું. આનું શું તા કાઢયું ? **બન્ને ગાદી પર જેટલા જેટ આચાર્યશ્રી આવ્યા તેઓ દરેકે પોતાની રી પોતાના સામર્થ્ય અને સમય અનુસાર શ્રીજી મહારાજ જ ઓળખાવ્યા છે. પોતાને નથી ઓળખાવ્ય** આચાર્યશ્રીએ જે કીર્તનો રચ્યા છે તેમાં પણ ભગવાન ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે. આદિ આચાર્યશ્ર અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની સહી Autograp અમારી પાસે છે. જેમાં **અયોધ્યાપ્રસાદજી હરિકૃષ્ણ તે નામથી પોતે શ્રીજી મહારાજના પુત્ર તરીકે સહી કરી છે.** ઘણાં વર્ષો સુધી બન્ને દેશના આચાર્યશ્રી સ બેસતા. એ સમયે આનંદપ્રસાદજી મહારાજશ્રી અમદાવ પધારેલ, ત્યારે અમદાવાદ ગાદી પર પૂ. બાપુ

બચાવીને મ્યુઝિયમમાં પોતાનું યોગદાન નોંધાવેલું. આવી નાની રકમથી પણ અમે ખૂબ રાજી થઈશું. આપનારને દર્શને આવે ત્યારે એમ લાગવું જોઈએ કે આમા મારું પણ કંઈક યોગદાન છે. જેતલપુરના ૫ માં વચનામૃતમાં મહારાજે કહ્યું ને કે "ભગવાનનું કર્યું સર્વે થાય છે **અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે**" આજે આ સભામાં બન્ને આચાર્યશ્રી બિરાજમાન છે તેવી આ સભાને અમે વિનંતી કરીએ છીએ કે મહારાજને પ્રાર્થના કરજો કે આપણું આ મ્યુઝિયમ સર્વોપરી મ્યુઝિયમ બને.

ભૂજ મંદિરનો ઉદ્‌ઘાટન સમારોહ મે ૨૦૧૦ માં આવશે. જે મહોત્સવ પણ આપણે ઉત્સાહથી માણવાનો છે. જે જમીન ઉપર આપણે ઉત્સવ કર્યો તે ગોવિંદભાઈ પટેલને પણ મહારાજે પ્રેરણા કરી છે જેથી આ જમીનનો એક નાનો ટૂકડો તેઓ મંદિરને આપવાના છે. સત્સંગમાં સંપ, સંગઠન, પ્રેમ રહે, પરસ્પર આદર રહે. આચાર્ય સંતોનો આદર કરે, સંતો આચાર્યશ્રીનો આદર કરે, હરિભક્તો સંતોનો આદર કરે, સંતો હરિભક્તોનો આદર કરે. આદરનો આ સંપ્રદાય છે. સંપ્રદાયમાં એકતા-સંગઠીતતા રાખી પ્રગતિ કરે. શ્રીજી મહારાજના આશીર્વાદ સૌના ઉપર ઉતરતા રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(3) વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી



રાજમાન હતા. તે વખતે અમદાવાદ મંદિરમાં આરતી છી જય બોલાય છે તે વખતે લક્ષ્મીનારાયણ દેવની જય હોતી બોલાતી. બન્ને મહારાજશ્રીએ ભેગા મળી સભામાં હેરાત કરેલી કે બન્ને દેશમાં અરસ પરસ વડતાલ શમાં શ્રી નરનારાયણદેવની અને અમદાવાદમાં શ્રી ક્ષ્મીનારાયણદેવની જય બોલાવી જોઈએ. અમદાવાદ જ મંદિરમાં આજે પણ આ પ્રથા ચાલુ છે. ઘણાને યાલ હશે કે નહિ હોય મૂળીમાં આજે પણ આરતી પછી વોની જે જય બોલાય છે તેમાં છેલ્લી ી અયોધ્યાપ્રસાદજી મહારાજની ય બોલાય છે. વર્ષોથી થાં આ પરીપાટી છે. મા મહોત્સાવની મૃતિરૂપે અમદાવાદ શના હરિમંદિરોમાં મજ શિખરબધ્ધ દિરોમાં આદિ ા ચા ર્ય શ્રી યોધ્યાપ્રસાદજી હારાજની જય ોલવી. અમારા આ ૂચનનો સૌ અમલ રશો એવી લાગણી છે. મારી પાસે પરંપરાથી દાદાની વસ્તુઓ છે તે પણ મ્યુઝિયમમાં ેક નાનકડો વિભાગ કરીને મૂકવી છે. વીંછીનો પ્રસંગ છે તે વખતે દાદા જે પાટલા પર બેઠા હતા એ ાટલો તેમજ મહોર છાપો, સફેદ પાઘ, પત્રો વગેરે એક ાના વિભાગમાં મૂકીશું. **મ્યુઝિયમની ઉદ્‌ઘાટન તારીખ મી માર્ચ સંવત ૨૦૧૧ ફાગણ સુદ-૩ નક્કી કરી** છે. એ સમયે બધાને દેશ વિદેશથી નાના બાળકથી માંડીને ોટાએ એમ સૌએ એ ઉત્સવમાં આવવાનું છે. કેન્યામાં ેક નાના બાળકે ચોકલેટના પૈસામાંથી ૧-૧ રૂપિયો

મહારાજશ્રી : (પ્રથમ સભાને ઉદ્‌બોધન કરીને પ.પૂ. મહારાજશ્રીએ સૌને અંતરના ભાવથી જયશ્રી સ્વામિનારાયણ કહ્યા.)

કદાચ આચાર્ય પદને લઈને, આદિ આચાર્યપદનો આ સૌ પ્રથમ મહોત્સવ ઉજવાયો છે. તે વાતનો અમને ખૂબ ખૂબ આનંદ થાય છે. સંપ્રદાયની પુષ્ટિ હેતુ દ્રઢ કરી સંવર્ધન થાય તેમજ સિદ્ધાંતોનું જતન કરવા હેતુ આ ઉત્સવ છે. ધર્મદેવનો પરિવાર અહીં આવ્યો અને મહારાજે આ કુળમાં આચાર્યપદ સ્થાપન કર્યું. તેના ચોક્કસ નક્કર કારણો હોઈ શકે. આ પદની ગરિમા છે. અમદાવાદ ગાદીના આ સાતમાં આચાર્ય છે. વડતાલ ગાદીના અમે નવમાં આચાર્ય છીએ. બન્ને મળીને ૧૬ થયા. ૧૬ માંથી કોઈ પોતાના પિતાને લઈને મહારાજને ખોટા સાબિત કરી શકે નહિ. આદિ આચાર્યશ્રીનું નામ અયોધ્યાપ્રસાદજી છે. જે અયોધ્યાવાસીનો નિર્દેશ કરે છે. અહીંના આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી જે નામ પણ અયોધ્યા પ્રદેશનો નિર્દેશ કરે છે. કદાચ મહારાજે નક્કી કર્યું હશે કે કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યકાળ દરમિયાન તેઓશ્રીના વરદ્‌ હસ્તે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો ઉત્સવ ઉજવાય. મહારાજની આ ઈચ્છા હોય એવું દેખાય આવે છે.



પ.પૂ. મહારાજશ્રી અમદાવાદના ત્રીજા વચનામૃતનો ઉલ્લેખ કરતા બોલ્યા કે, **શુકમુનિએ પૂછ્યું જે, "જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે, "મુળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશે ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશે છે, માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતા આવડે છે ખરુ. અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ-ભાઈ સર્વે જેવ અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથ સાંખ્યયોગીને કર્મયોગી સત્સંગી તે પણ અમાર ગમતામાં નથી વર્તતા. કેમ જે, અયોધ્યાવાસીએ તે અતિશે જ પોતાનું જીવિતવ્ય સત્સંગ પરાયણ કર્યું છે. માટે અયોધ્યાવાસીને પેઠે ભગવાનને રાજી કરત કોઈને આવડતું નથી. અને એ અયોધ્યાવાસી ત બહુ વિશ્વાસી છે. માટે કોઈક કપટી હશે તો એમન છેતરી જશે,** તે સારું એમને કોઈક કાર્યનો આદર કરવ હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું પણ કોઈ એક જણાને કહ્યે કરવા દેવું નહિ એવી રીતે **ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીન ખબર રાખવી એમ અમા આજ્ઞા છે.**

અહીં આ ઉત્સવમાં ત્યાગી ગૃહીએ મહારાજની આ આજ્ઞા ચરિત્રાર્થ કરી છે. તન મન, ધનથી સૌ એ એવો અહ દાખડો કર્યો છે કે જે સેવાને લઈ શ્રી નરનારાયણદેવ, શ્ર લક્ષ્મીનારાયણદેવ આપ સૌના ઉપર ખૂ રાજી થાય, પાયાના પથ્થર એવા કાર્યકર્તાઓ, સ્વ સેવકો સર્વેનું શ્રેય થાય, મંગળ થાય એવી શ્રીજ મહારાજના ચરણોમાં પ્રાર્થના કરી ફરી આપ સૌને અમા હૃદયપૂર્વક જય સ્વામિનારાયણ.

(૪) શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સભાને સંબોધન કર્યા બાદ પ.પૂ. આચાર્ય મહારાજ બોલ્યા કે, અદ્‌ભુત વાત છે. મહારાજની આપણા સૌ ઉપર મોટી કૃપા છે. જેથી કરીને આ ઉત્સવ થય ભગવાનને રાજી કરવા માટે આપણે સૌ એકઠા થ

ાક્યા છીએ. અમને યાદ છે અસારવા જુની વાડી જ્યાં
ાચાર્યશ્રીનું નિવાસ સ્થાન હતું. જ્યાં હાલમાં ત્યાં
હજાનંદ ગુરુકુળ છે. નિર્ગુણદાસજી સ્વામી જેના સંચાલક
છે ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી વખતનો એક રથ
ાડ્યો રહેલો. અમે જ્યારે નાના હતા ત્યારે ત્યાં રમવા
ાટે જઈએ. પછી તે રથ પર ચડીએ, બેસીએ કેવી મઝા
ાવતી હોય એ સમયે ! હાલમાં વિચારીએ તો એવું લાગે
અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ સમયે એ રથ પર
ેસીને ગામે ગામે જતા હશે, સાથે
ોટો રસાલો જતો હશે. હાલમાં
હારાજશ્રીનો એ દાખડો
આપણને દેખાય છે. જેના
ારણે તમે અને અમે
આજે ખૂબ સુખી
ીએ. સુખ માણીએ
ીએ. ભગવાને કંઈ
ાકી રહેવા દીધું
થી. જેટલી ઓછપ
ણાય છે તે આપણા
વભાવને કારણે છે.
એક વાત અમને
હુ ગમે છે. એ વાત
ંતરમાં ઉતરી ગઈ છે.
ેટલે પ્રથમ કોઈ સભામાં કહી
ોય તો પણ ફરી કહીએ છીએ. એક
સાદાર માણસ પોતાની ગાડીમાં બેસીને ઘર
રફ નીકળ્યો. તેના ઘરના ગેટની પાસે જ અડીને એક
ીલું છાયા વાળુ ઝાડ હતું. તે ઝાડની છાયામાં એક દુઃખી
ણસ ઉભો હતો. તેને પહેલા શેઠ પાસે કોઈ અપેક્ષા
હોતી. માત્ર છાયા માટે ઉભો ઉભો વૃક્ષનો છાયડો
ાતો હતો. શેઠ ગાડી લઈને ઘેર આવ્યા એટલે મનમાં
યું કે આ માણસ અહીં ઉભો છે. તેથી એને મારી કંઈ
પેક્ષા હશે ? તેથી શેઠે પૂછ્યું, "તારે કાંઈ જોઈએ છે ?
મારું કંઈ કામ છે ?" પેલા માણસે કહ્યું, "મારે કોઈ અપેક્ષા નથી. માત્ર છાયા માટે ઉભો છું." શેઠે વિચાર કર્યો કે આ માણસ છે ગરીબ, પરંતુ જે સ્થિતિમાં છે તેમાં તેને સંતોષ છે. શેઠે મુનિમને બોલાવ્યા, આજ્ઞા કરી, "મુનિમ એક કામ કરવાનું છે. આ માણસને મહિને એક વખત મારા તરફથી ૩૦૦ રૂપિયા આપવાના છે. જે દર મહિને આપવાના છે." પેલો માણસ તો રાજી થઈ ગયો.

મુનિમ દર મહિને તેને રૂા. ૩૦૦/- આપે તે લઈને રાજી થઈને જતો રહે.

આ વાતને વર્ષો વિતી ગયા. એક સમયે મુનિમ પોતાના રસ્તે જતા હતા, ત્યાં જ પેલો માણસ મળ્યો. મુનિમને કહે, લાવો મારા પેલા ત્રણસો રૂપિયા. મુનિમે તેને આ મહિને બસો રૂપિયા કાઢીને આપ્યા. પેલા માણસે બે ત્રણ વખત ગણ્યા. પૈસા ગણતા ગણતા જ વિચાર થયો કે મુનિમની કંઈક ભૂલ થઈ લાગે છે. ફરીથી ગણીને ખાતરી કરીને પછી મુનિમને કહ્યું. શેઠે તમને ત્રણસો રૂપિયા મને આપવાનું કહ્યું છે. તમે મને બસો રૂપિયા કેમ આપ્યા ? મુનિમ કહે, મને શેઠે જ આજ્ઞા કરી છે. શેઠને હમણાં ધંધામાં થોડી મંદી ચાલે છે, આવક ઓછી થઈ છે. વળી સાથે બીજી વસ્તુ એ છે કે, શેઠની દીકરીના હમણાં લગ્ન આવવાના છે. તે પ્રસંગે ઘણો ખર્ચો થવાનો છે. એટલે બસો રૂપિયા આપ્યા છે. આ સાંભળીને પેલાનું તો મોઢુ ફરી ગયુ. મુખ પરનો ભાવ બદલાઈ ગયો. પહેલા જે

सन्मान





શિકાગો મંદિરમાં ધર્મકુળ વંદના મહોત્સવની સભા





સંતોષનો ગુણ હતો એ જતો રહ્યો. આ સમયે તે માણસે મુનિમને જે કહ્યું તે સમજવા જેવું છે. હું પણ આ વાતને અંતરમાં યાદ કરુ છું. તેણે મુનિમને કહ્યું, "તમારા શેઠને ધંધામાં મંદો ચાલતો હોય એમાં કંઈ મારો વાંક નથી. વળી તેમણે દીકરીના લગ્ન કરવા હોય તો તેમના પૈસાથી કરે. મારા પૈસાથી નહીં" ! આ માણસે શેઠના પૈસાને પોતાના પૈસા માની લીધા.

આ વાતનું હાર્દ એ છે કે, **સતત વહેતી દયાને માણસ પોતાનો અધિકાર માની બેસે છે. આટલું તો મને મળવું જ જોઈએ ! ભગવાન આપણને અવિરત આપે છે તે દેખાય આવે છે. સામે ચાલીને ભગવાને આપણને આટલું બધું આપ્યું છે. આપણે છાંયો શોધતા હતા. ત્રણસો રૂપિયા કે બે ટાઈમ રોટલાનું ઠેકાણું નહોતું. તેની સામે ભગવાને આપણને ગાડી બંગલા આપી દીધા છે. આપણે શ્વાસ લઈએ છીએ તેમાં પણ સ્વામિનારાયણ ભગવાનના ઋણી છીએ. કારણ કે તેમની મરજી વિના તો પાંદડું પણ હાલતું નથી.** આપણને જે મળ્યા છે તે ભૂતકાળમાં અગાઉ આવ્યા નહોતા, વર્તમાનમાં તેના જેવા કોઈ છે નહિ અને ભવિષ્યમાં એવા કોઈ થશે નહી. એવા આપને મળ્યા જે ભગવાન તેની સાથે જોડાઈએ. **આવા ભગવાનની સાથે, શ્રી નરનારાયણદેવ સાથે, શ્રી લક્ષ્મીનારાયણદેવ સાથે આપણો સંબંધ છે. સ્વામિનારાયણ ભગવાન આપણાં બાપ છે. આપણા કુટુંબી છે.** છપૈયા છોડીને પોતાનું ગામ છોડીને. દયા કરીને આપણા સૌની વચ્ચે આવ્યા છે. આપણને કોઈ આપણું ગામ કે ઘર છોડવાનું કહે તો આપણે છોડી શકીએ છીએ ? મહારાજે ત્યાં એક કુટુંબ છોડ્યું તો લાખો-કરોડોનું એક કુટુંબ અહીં થયું છે. **મને મારા પોતાના સગા સંબંધીના બહુ નામો યાદ રહેતા નથી. પરંતુ સંતો, કોઠારી તથા હરિભક્તોના નામ યાદ છે.** ભગવાન તથા ભક્તનું માહાત્મય જે નથી જાણતો એ પણ આપણું આ એક બીજું કુટુંબ છે તેવી ભાવના રાખશે તો મહારાજ રાજી થશે. દેશ વિદેશમાં વસતા નાનામાં નાના હરિભક્તોના દીકરાઓએ પણ આમાં યોગદાન આપ્યું છે. એક છોકરો જે ફક્ત ૧૩-૧૪ વર્ષનો છે તેણે વિદેશમાં પ્રસંગો એ ઢોલ વગાડીને જે આવક થાય તેમાંથી પણ તેણે ત્રણસો ડોલર આપ્યા છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો આ ઉત્સવ છે. અમને સંતોષ છે. આ મહોત્સવમાં નામી-અનામી કંઈ કેટલાય હરિભક્તોએ પડદા પાછળ રહીને પણ મહેનત કરી છે. સ્વયં સેવકોએ પોતાનું જાણી, આગ્રહ નહોતો કર્યો છતાં સામેથી તેઓએ પોતાનું કુટુંબ જાણી કાર્ય કર્યું છે. શ્રીજી મહારાજ આપ સૌના મનોરથ પુરા કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

બપોરના ૨ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ફક્ત સ્વયં સેવકોને વિશેષ આશીર્વચન આપવા ફરી પધાર્યા ત્યારે બોલ્યા જે, તમે બધાં ત્રણ દિવસ સતત સેવામાં રોકાયેલા હતા. અમે જોતાં હતા કે તમારામાંથી ઘણા આ બાજુ (સભા મંડપમાં) આવી પણ શક્યા નથી.

બહુ મોટા ભાગ્યવાળાને આવી સેવા મળે છે. આ પ્રમાણે તમે બધા હરિભક્તોએ પોતાનું માનીને, પોતાનું જાણીને ખૂબ સેવા કરી છે, તથા અવિરત સેવા કરતા આવ્યા છો. તમે બધાએ પોતપોતાના ગામમાં પણ આગેવાન રહી સેવા કરી છે. ગામમાં કાર્યકર્તાઓ હોય તેમણે પણ અહીં સ્વયંસેવક તરીકે રહી સેવા કરી છે. અગત્યની વસ્તુ એ છે કે આપણને સૌને શ્રી નરનારાયણદેવ મળ્યા છે. ભગવાન મળ્યા છે. હકીકતમાં સુખ-શાંતિ અન્ય ક્યાંય નથી. શ્રી નરનારાયણદેવના ચરણોમાં છે. ચારે બાજુ ઉપદ્રવ છે. **સુખ, શાંતિ, સમૃદ્ધિ શ્રી નરનારાયણદેવના ચરણો પકડી રાખીએ તો છે.** દુનિયામાં ઘણાં પ્રકારના વાવાઝોડા આવે, ક્યારેક સીઝન આવે. ખાડો હોય ત્યાં ટેકરો થઈ જાય અને ટેકરો હોય ત્યાં ખાડો પણ થઈ જાય. **એકના ત્રણ ગણા કરાવવામાં બીજા ફસાય જાય. પરંતુ સ્વામિનારાયણ વાળા એમાં ક્યારેય ન ફસાય. બહુ નીકળ્યા છે એવા અને રોજ નીકળવાના પણ છે. ભગવાન થઈને ફરનારા હતા**

અને અત્યારે પણ એની મેળે ભગવાન બની જનારા છે.

આપણને જે ભગવાન મળ્યા છે તેનો ખટકો રાખીએ. મહારાજે ત્યાગનો પક્ષ મેળો કરીને ઉપાસનાને અર્થે મંદિરો કર્યા છે. બે માળા ઓછી થાય તો ચાલશે એવું કોઈ કહે તો બહુ સારુ લાગે. આ તો ગમતું હોય અને મળે એવું થાય. માળા ફેરવવી અઘરી છે. એક હરિભક્ત દાડીયા રાખીને ખેતીનું કામ કરાવતા. ભગત બહુ સારા હતા. મનમાં વિચાર્યું કે આ બધા ભગવાનનું ભજન કરે તો તેના જીવનું રૂડું થાય. આવું વિચારીને એક દિવસ સવારે બધા દાડિયા ને કહ્યું કે આજે તમારે ખેડવું, કાપવું, વીણવું એવું કંઈ ખેતીનું કામ કરવાનું નથી. તેના બદલે હું તમને દરેકને એક એક માળા આપું છું. ઝાડના ઠંડા છાંયડામાં બેસીને સાંજ સુધી ભગવાનના નામની માળા ફેરવવાની, પગાર તમને રોજના જેટલો જ મળી જશે. પ્રથમ તો બધા રાજી થઈ ગયા. ચાલો આપણે તાપ વેઠવો તો ટળ્યો અને મહેનત પણ નહીં કરવાની, આ શેઠ બહુ સારા લાગે છે !

બધા માળા ફેરવવા લાગ્યા ૧૫-૨૦ મિનિટ થઈ ત્યાં તો બધા ચકળ-વકળ થવા માંડ્યા. આના કરતા તો ઘાસ કાપવામાં મઝા આવતી હતી. બેઠા બેઠા બધાને કીડીઓ ચડવા લાગી ચારે બાજુ જોવા લાગ્યા. પછી તો વધારે સમય થયો એટલે બધા ઉભા થઈ ગયા. ઘડીમાં આમ જાય અને ઘડીમાં તેમ જાય પછી સહન ન થયું એટલે શેઠને કહી દીધું કે અમને અમારું કામ બરાબર છે. આમ છાંયડામાં આખો દિવસ બેસવું તેના કરતા તાપમાં કામ કરવું સારુ લાગે છે. સ્વામિનારાયણ ભગવાને ઉપાસનાને અર્થે ત્યાગનો પક્ષ મોળો કર્યો. ઘણાં લોકો ઉઘાડા પગે ચાલે છે. ચાન્દ્રાયણ કરે, ધારણા કરે. પારણા કરે વગેરે ઘણાં પ્રકારનું તપ કરે છે. આવું બધું કર્યા વિના ભગવાન જે સમયે જેમ કરવાથી રાજી થતા હોય તેમ કરવું. સેવાથી ભગવાન રાજી થતા હોય તે સમયે ઉપવાસના દિવસે ફળાહાર કરવાની છૂટ આપે છે. માટે ફળાહાર મળ્યું છે. તો કરી લેવું. (જેઠ સુદ-૧૧ નો આ દિવસ હતો) આજે અમે ફળાહાર જોયું તો એમ થયું કે આટલું બધુ ફળાહાર ! કંઈ વાંધો નહીં, તમે બધાએ એવી સેવા કરી છે કે મહારાજ તમને હાથ ઝાલીને અક્ષરધામમાં લઈ જઈ શકે છે. આપણો લાડવો પહેલેથી વખણાય છે. લાડવા ખવડાવીને પણ મહારાજ કલ્યાણ કરે છે.

અત્યારની આ સભા તો ઘરની સભા છે. મહારાજ એક સમયે સભામાં બિરાજમાન હતા. એક હરિભક્ત મહારાજ માટે વસ્ત્ર-અલંકારો લાવ્યા. મહારાજ તો સભામાં જ ઉભા થઈને જામો પહેરવા લાગ્યા. એક પાંયસામાં એક પગ નાંખ્યો એટલે અડધી સભા ઉભી થઈને જતી રહી. વિચાર્યું કે આવા તો કંઈ ભગવાન હોતા હશે ! મહારાજે બીજી લીલા કરી. હવે મહારાજ એક જ પાંયસામા પોતાના બે પગ નાંખવા લાગ્યા. મહારાજનું આ ચરિત્ર જોઈને બીજા ૨૫% ઉભા થઈને ચાલવા લાગ્યા. આમા ભગવાન જેવું કંઈ જણાતું નથી ! છેલ્લે ૨૫% ભક્તો સભામાં રહ્યા ત્યારે મહારાજે કહ્યું કે હવે જે રહ્યા તે ખરા નિશ્ચય વાળા છે.

પહેલા યુવક મંડળ, બાળ મંડળની સભાઓ ખૂબ થતી હતી. હમણાં વચ્ચેના થોડા સમયમાં થોડી શિથિલતા આવી હોય એવું લાગ્યું, તેથી વિચાર્યું કે કોઈ નિમિત્તથી તમને બધાને ફરી પાછા ભેગા કરીને સક્રિય કરીએ. જાગૃત કરીએ. આપણી સેવા ને આપણો સત્સંગ ક્યારેય પૂરો થઈ શકે જ નહિ. મહારાજે આપણને આ દેહ એના માટે જ આપ્યો છે. હમણાં થોડો સમય, ચોમાસું જવા દો પછી ફરી પાછું સભાઓ વગેરેમાં જાગૃતિ લાવવાની છે. મ્યુઝિયમ અંગેની સભાઓ કરી મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન થાય તે સમયના મહોત્સવમાં તમારે બધાએ બીજા આથી વિશેષ ત્રણને લઈને ત્યાં આવવાનું છે.

આપના સૌના સઘળા મનોરથ મહારાજ પૂરા કરે એવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.

અનંત ઐશ્વર્યો સભર આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્ય મહારાજશ્રીનું સ્થાન અતિશય ઉચ્ચ સન્માનનીય અને પૂજનીય એટલા માટે છે કે, આ અમૂલ્ય પદે વિરાજતા આચાર્ય મહારાજશ્રી, શ્રીહરિના અપર સ્વરૂપે છે. કહેતાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વયં અર્પેલા વચન અનુસાર તેઓશ્રી આચાર્યોમાં આજે પણ વસી રહેલા છે. ધર્મકુળની મહત્તા અને આ મહાન પદની અસાધારણથી સંતો, સત્સંગીજનો અને હરિભક્તો વાકેફ છે. સંપ્રદાયનું સર્વ પ્રથમ આચાર્ય પદ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને શ્રીહરિએ સં. ૧૮૮૨ ના કારતક સુદ-૧૧ ના રોજ અર્પણ કર્યું. તેઓશ્રીનો જન્મ સં. ૧૮૬૫ જેઠ સુદ-૧૧ ના શુભ દિને થયેલો. અક્ષરવાસી ૫૯ વર્ષની વયે સં. ૧૯૨૪ ના ફાગણ સુદ-૭ ના થયા. તેઓશ્રી ૪૨ વર્ષ સુધી આચાર્ય પદે રહ્યા. તા. ૧ થી ૩ જુન ૨૦૦૯ દરમ્યાન તેઓશ્રીનો દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. તેઓશ્રીને શ્રીજી મહારાજનું પીઠબળ હતું.



એક સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કચ્છ પધારેલા. અમદાવાદથી કચ્છમાં ભુજ, માંડવી, કાળાતળાવ, ધમડકા થઈને ગુજરાત તરફ જઈ રહેલા. તેઓની સાથે લગભગ ચારસો માણસોનો રસાલો હતો. હાથી, ઘોડા, બળદ આદિ હતા. કેટલાક બળદગાડાઓમાં, કેટલાક ઘોડાઓ પર તથા મહારાજશ્રી હાથી પર બિરાજ્યા હતા. સાથે ડેરા, તંબુઓ, અનાજ-રસકસ, પાણી આદિની સુવિધાઓ તો ખરીજ. ભક્તોના નિમંત્રણોને માન આપી વિવિધ ગામોમાં તેઓશ્રી ઉતારા કરતા. કચ્છથી પરત જતાં રસ્તે ઘાટીલા ગામ આવ્યું. ગામમાં એક ખેડૂત હરિભક્ત જેઠા પટેલ અને અન્ય ભક્તજનોએ મહારાજશ્રીનું સ્વાગત કર્યું. ગામની પશ્ચિમ દિશામાં આવેલા મોટા તળાવ પાસે તંબુઓ તાણ્યા. પરંતુ તળાવમાં પાણી નહિવત હતું. બીજા દિવસે જવાનો નિર્ણય કર્યો ત્યારે ગામના હરિભક્તો અને જેઠા પટેલે હાથ જોડી આગ્રહ ભરી વિનંતી કરી કે, "હે મહારાજ, અમે તો અગિયાર પ્રકારની રસોઈ અગિયાર દિવસ સુધી બનાવી, આપ સૌને ભોજન કરાવવાની તૈયારી કરી છે. કૃપા કરી અગિયાર દિવસ રોકાઈ અને અમોને પાવન કરો." અમદાવાદ છોડે ઘણા દિવસ થઈ ગયેલા. તેથી કોઈને રોકાવું પસંદ ન હોતુ. તેથી કોઈએ કહ્યું. અ ગામની ચારે બાજુ ક્યાંય એટલું પાણી નથી જે પુરૂ પડે વીરડાઓમાંથી થોડું મીઠું પાણી મળે છે. તે પાણી અ

રસાલાને ક્યાં પુરૂ થાય. ગામમાં એકજ કૂવો છે. તેમાંય ખારૂં પાણી આવે છે. કોઈ કહે કે, મહારાજ અષાઢ માસ બેસી ગયો છે. હવે જો વરસાદ પડશે તો નીચાણવાળા રસ્તાઓમાં પાણી ભરાઈ જશે. માટી અમુક જગ્યાએ ખૂબ છે. પાણી પડતાં તે ચીકણી થઈ જશે તો આપણા જ લોકો કે ઢોર-ઢાંખર પડી જશે અને અમદાવાદ પહોંચાશે નહી. ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે એક સત્સંગી આગેવાન ગામના આણંદજી પટેલને પૂછ્યું, "તમે શું કહો છો ?" આણંદજી પટેલ કહે, "મહારાજ, પાણીની અછતતો જરૂર છે પણ અમે બધા ગામવાસી આપ સૌ માટે રાત દિવસ મહેનત કરી વિરડાઓમાંથી પાણી લાવીશું. આપને કોઈ જાતની તકલીફ પડવા નહિં દઈએ. માટે કૃપા કરી આપ અત્રે રોકાઈ જવા માટે દયા કરો." ત્યાં તો રસાલામાં અખાભાઈ કરીને એક ગરાસીયા હતા તે બોલ્યા, મહારાજ રસ્તે જતાં કાલાવાડ બાજુનો પટ તો ખૂબજ ચીકણો અને લપસણો છે હવે જો ચાર છાંટા પડશે તો ચાલી નહિં શકાય."

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રત્યુત્તર વાળ્યો, તમે કોઈ ચિંતા ન કરો. અખાભાઈ, જ્યાં સુધી આપણે અમદાવાદ નહિં પહોંચીએ અને શ્રી નરનારાયણદેવના દર્શન નહિં કરીએ ત્યાં સુધી વર્ષાદ આવશે જ નહિ. જેમને ઉતાવળ હોય તેઓ ભલે જાય. હું અહિં રોકાઈશ. મારાથી આવા હરિભક્તોને નારાજ નહિં કરાય. બીજું હું શ્રીહરિને પ્રાર્થના કરૂં છું. ગામમાં આ એક જ કૂવો જે ખારા પાણીનો છે તે કુવાનું પાણી મીઠું થઈ જાય. પાણી જરૂર મીઠું થઈ જશે. પછી તો કોઈ તકલીફ નહિં પડે. જેટલું જોઈએ તેટલું આ ઢોરોને પીવડાવજો અને લોકોને પણ પાજો.

બીજા જ દિવસે શ્રીહરિએ આચાર્ય મહારાજશ્રીની અરજ સાંભળી હોય તેમ ખારા કૂવાનું પાણી મીઠું બની ગયું. પાણી ઉપર આવી ગયું. આવા ઐશ્વર્યમાં સૌ ડઘાઈ ગયા. શ્રીહરિ સદા અયોધ્યાપ્રસાદજી મહારાજની સમીપે રહેતા એનું આ ભવ્ય દ્રષ્ટાંત છે. અગિયાર દિવસ બાદ ગામવાસીઓને ભક્તોને ખૂબજ રાજી કરી, સૌ અમદાવાદ સિધાવ્યા અને તેઓ સૌએ શ્રી નરનારાયણદેવના ભાવથી દર્શન કરી લીધા કે તરત જ વર્ષાદ તૂટી પડેલો. આવું અજોડ સામર્થ્ય તથા વચન સિદ્ધી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ધરાવતા હતા.

આપણા આગામી ઉત્સવો

અષાઢ વદ-૧૦ તા. ૧૭-૭-૨૦૦૯ શુક્રવાર પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર માં ધામધૂમથી ઉજવાશે.

શ્રાવણ સુદ-૧૫ તા. ૫-૮-૦૯ બુધવાર રક્ષાબંધન - નાળીયેરી પૂનમ (૨ પૂનમ છે)

શ્રાવણ સુદ-૧૫ તા. ૬-૮-૦૯ ગુરુવાર મુકુટોત્સવ પૂનમ.

શ્રાવણ વદ-૪ તા. ૧૧-૮-૦૯ મંગળવાર જયપુર શ્રી સ્વામિનારાયણ મદિર પાટોત્સવ

શ્રાવણ વદ-૮ તા. ૧૪-૮-૦૯ શુક્રવાર શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર સમૈયો.

૧૫ ઓગસ્ટ ભારત સ્વાતંત્રદિન

શ્રાવણ વદ-૩૦ ગુરુવાર તા. ૨૦-૮-૦૯ અમાવાસ્યા કુશગ્રહણી શ્રી શિવપૂજન સમાપ્ત.

નિત્ય દર્શન જુઓ

અમદાવાદ : www.swaminarayan.in

જેતલપુર : www.jetalpurdarshan.com

મહેસાણા : www.mahesanadarshan.com

ધર્મકુળ વંદના મહોત્સવ - ગાગરમાં સાગર

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

તા. ૧ થી ૩ જૂન ૨૦૦૯ જેઠ સુદ-૯ થી ૧૧ સુધી એવો ત્રિદિનાત્મક ધર્મકુળ વંદના મહોત્સવ શ્રીપુર શહેર એવા અમદાવાદને આંગણે શ્રી ગણેશ હાઉસીંગ કોર્પોરેશનના મેદાન - શ્રી સ્વામિનારાયણ નગરમાં ખૂબજ ધામધૂમથી અને અતિ આનંદ ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના પ્રાગટ્યોત્સવને ૨૦૦ વર્ષ થયાં એનું મિષ લઈને "ધર્મકુળ વંદના મહોત્સવ" એવું નામાભિધાન કરવામાં આવ્યું, તે ખરેખર યોગ્ય અને સાર્થક બની રહ્યું.

પ્રસ્તુત લેખમાં - આપણો ધર્મકુળ વંદના મહોત્સવ કેવી રીતે સમસ્ત સત્સંગમાં છવાઈ ગયો અને એમાં સહભાગી બનનારના હૃદયને કેમ બહુ ભાવી ગયો એની આછેરી ઝલક દર્શાવવાનો હેતુ રહ્યો છે.

ગત વિજયા દશમી - આપણા લાડીલા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવના દિને, પ.પૂ. મોટા મહારાજશ્રીના અંતરમાં ધર્મકુળના માનવંતા દાદાશ્રીના જન્મની દ્વિશતાબ્દીને મહોત્સવ રૂપે રજુ કરવાનો સંકલ્પ ઉદ્‌ભવ્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ "ધર્મકુળ વંદના મહોત્સવ" એવા નામાભિધાન સાથે આ મહોત્સવ, અમદાવાદ દેશ સ્થાનના મુખ્ય મથક એવા અમદાવાદને આંગણે અતિ ધામધૂમપૂર્વક ઉજવાય તે માટે સર્વ તૈયારી કરવાની આજ્ઞા કરી.

અને બસ એ આજ્ઞાને શિરોવંદ્ય ગણીને સર્વે સંતો, ભક્તો તન, મન, ધનથી મહોત્સવને સફળ બનાવવા કટિબધ્ધ બન્યા. અને જોતજોતામાં મહોત્સવની રૂપરેખાને આખરી ઓપ અપાઈ ગયો!

શ્રી સ્વામિનારાયણ નગર - "આયોજન વિશેષતા"

શેઠશ્રી ગોવિંદભાઈ પટેલના ગણેશ હાઉસીંગ કોર્પોરેશનના વિશાળ મેદાન ઉપર શ્રી સ્વામિનારાયણ નગરનું સુંદર આયોજન કરવામાં આવેલું.

કલાત્મક વિશાળ પ્રવેશ દ્વાર પાસે સુંદર બે છત્રીઓ રોપવામાં આવેલી. તે પછી બરોબર મધ્યમાં સામે શ્રી નરનારાયણદેવનું નાનકડું રૂપકડું મંદિર બનાવેલ હતું. મંદિરની જમણી બાજુએ "શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું જીવન-કવન પ્રદર્શન યોજવામાં આવેલું."



પ્રદર્શનના વિભાગની પાસે વિશાળ કમાનો વડે સભા મંડપ બનાવેલ હતો. વિશ્વના પ્રથમ એવા શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદના ત્રિશિખર મંદિરની કલાકૃતિના પરિપ્રેક્ષ્યમાં વિશાળ - સ્ટેજ ઊભું કરેલું હતું. ત્રણેય દિવસો દરમ્યાન સભા મંડપમાં ઉપરથી ઝીણી ઝીણી ઠંડા પાણીની ફરફરો ઊડતી રહેતી અને ઉપર શીતળ પંખાનાં વીંઝણા ચાલુ રહેતા તેથી આખાય સભામંડપમાં કોઈનેય જેઠ માસના આકરા તાપની પીડા ન થાય તેવું સુંદર આયોજન કરવામાં આવેલું. સભા મંડપનું નામ "શ્રી અયોધ્યાપ્રસાદજી સભા મંડપ" હતું અને સમગ્ર સંપ્રદાયના

આદિ વડા શ્રી સંપ્રદાયના પ્રત્યેક ભક્તજનનું જાણે સભા મંડપમાં જતન કરતાં હોય એવી ઠંડક આખાય દિવસ એ સભા મંડપના સંકુલમાં વ્યાપી રહેતી !

પ્રદર્શન વિભાગની સામે અને નગરની ડાબી બાજુ શ્રી ધર્મભક્તિ યજ્ઞશાળા બનાવેલી હતી. જેમાં વિષ્ણુયાગની ધુમ્રસેરો અને પવિત્ર શ્લોકોથી સમગ્ર નગરનું વાતાવરણ ભક્તિમય બની રહેતું.

યજ્ઞશાળાની બાજુમાં "શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન માટેનો મંડપ હતો." મહોત્સવના બાવેન કલાકો દરમ્યાન ષડક્ષરી મહામંત્રની અખંડ ધૂનની રમઝટ ભાવિક સંતો અને ભક્તજનોના અંતરમાંથી વહેતી રહેલી.

શ્રી સ્વામિનારાયણ નગરના અંતિમ ભાગોમાં શ્રી રામપ્રતાપજી ભોજનાલય તથા શ્રી ભક્તિમાતા ભોજનાલયની સરસ વ્યવસ્થા કરવામાં આવેલી.

સારાયે મહોત્સવ દરમ્યાન - સમગ્ર મહોત્સવ નગરમાં ટેન્કરો દ્વારા સતત પાણીનો છંટકાવ કરીને ગ્રીષ્મની ગરમીને નાથવાનો પ્રયાસ કાબીલેદાદ માંગી લે તેવો હતો. આખાય નગરમાં જ્યારે પણ વિહાર કરીએ ક્યાંય ધૂળ ઉડતી હોય કે તાપ લાગતો હોય એવી કોઈ કચાશ રાખવામાં આવી નહોતી.

નગરની મધ્યમાં વિશાળ શમિયાણો બાંધવામાં આવેલો. જેમાં બાઈ-ભાઈ સર્વે સત્સંગીઓ બપોરે પ્રસાદ લીધા પછી શાંતિથી આરામ કરી શકતા.

મેદાનમાં વિશાળ લીમડાનાં વૃક્ષોની હારમાળા ઓટા સહિત આવેલી છે, તેથી એ ઓટા ઉપર સૌ કોઈ બેસતાં અને મહોત્સવની ગતિવિધિને માણી શકતા હતા.

આવા ચીવટપૂર્વક ઉભા કરેલા શ્રી સ્વામિનારાયણ નગરમાં શ્રી ધર્મકુળ વંદના મહોત્સવને માણવો એ જીવનનો અમૂલ્ય લ્હાવો બની રહ્યો.

શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા પારાયણ

મહોત્સવના મુખ્ય કાર્યક્રમમાં ત્રિદિવસીય અને પંચસત્રીય શ્રીમદ્ સત્સંગિભૂષણ કથાના અંશોનું આયોજન કરવામાં આવેલું. પ્રત્યેક સત્રમાં જુદા જુદા અને સંપ્રદાયમાં પ્રસિદ્ધ એવા વક્તા સંતોએ શ્રોતાજનોને પોતપોતાની આગવી શૈલીથી રસતરબોળ કરી દીધા હતા.

ભવ્યાતિભવ્ય શોભાયાત્રા

મહોત્સવના બીજા દિવસે સાંજે ૫-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. શ્રી લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજની જાજરમાન અને ભવ્ય છતાં સાત્વિક અને સુંદર એવી શોભાયાત્રાનું આયોજન એમના નિવાસ સ્થાન શ્રી સ્વામિનારાયણ બાગથી મહોત્સવના સ્થળ સુધી કરવામાં આવેલું.

શોભાયાત્રામાં સર્વ પ્રથમ શ્રી ગણપતિજીનો રથ હતો. ત્યાર પછી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનો રથ હતો. તે પછી હિંચકે ઝુલતા શ્રી સહજાનંદ સ્વામીનાં દર્શન થતા. તે પછી રાષ્ટભક્તિની યશોગાતા ગાતો ટેબ્લો હતો. તે પછી આચાર્ય વંશપરાનો ટેબ્લો રજુ કરવામાં આવેલો.

તે પછી વ્યસન નિષેધનો ટેબ્લો અને ત્યારબાદ વૃક્ષ બચાવો અને અભિયાન દર્શાવતા ફલોટ હતા.

ત્યારબાદ શ્રી નરનારાયણદેવ ઓચ્છવિયા મંડળ તરફથી ઐતિહાસિક લાલ કિલ્લામાં શ્રીજી મહારાજ બિરાજમાન હોય એવા અલૌકિક દર્શન થતા હતા.

અંતિમ આયોજનમાં બે હાથીઓ અભિવાદન કરી રહ્યાં હોય એવા સુંદર વિશાળ રથમાં સુંદર મખમલી સિંહાસન અને છત્રો મધ્યે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી બિરાજમાન હતા. સાથે શ્રી મહંત સ્વામી તથા પૂ. સંતોએ સ્થાન ગ્રહણ કરેલું.

એમની પાછળ ૧૦૮ કળશ માથા ઉપર લઈ પંક્તિબંધ બહેનો શોભાયાત્રાની શાનમાં વધારો કરી રહી હતી. આગળના ભાગમાં ભાઈઓ કતારબધ્ધ રીતે શ્રી સ્વામિનારાયણ ચિન્હ વાળી ધ્વજ પતાકાઓ લઈને ચાલતા હતા.

લગભગ બે કિલોમીટર લાંબી એવી આ વિશાળ શોભાયાત્રામાં બેન્ડવાજા અને કીર્તનોની રમઝટથી યુવાન સત્સંગીઓ શ્રી હરિનામના મહામંત્રની ધૂન્ય અને સંગીતના નાદે ઝૂમતા ઝૂમતા આગળ વધતા હતા.

આખાય ડ્રાઈવ ઈન માર્ગ ઉપરથી આ સુંદર શોભાયાત્રા જ્યારે પસાર થઈ રહી હતી ત્યારે એ સમગ્ર માર્ગો ઉપર વિશાળ જનમેદનીએ આપણા આચાર્ય મહારાજશ્રીના તથા

પૂ. લાલજી મહારાજના અહોભાવથી દર્શન કર્યા અને અંતરમાં છબીને ઉતારી.

૫-૩૦ વાગ્યે શરૂ થયેલી આ શોભાયાત્રા ૭-૩૦ વાગ્યે મહોત્સવનગરના આંગણે આવી. ભવ્ય આતશબાજીથી શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું.

મોટેરા, જનતાનગર, નારણઘાટ અને ઝુંડાલના યુવાન સત્સંગી મિત્રોએ આ સમગ્ર શોભાયાત્રાના ટેબ્લો તેમજ શણગારનું આયોજન કરેલું જે અતિ સુંદર હતું.

ધર્મકુળ વંદના મહોત્સવની આ આછેરી ઝલક નિહાળ્યા પછી સમજીએ કે શા માટે ધર્મકુળ વંદના મહોત્સવ ઉજવવામાં આવ્યો - એનો હેતુ શો હતો અને કેમ આપણો આ મહોત્સવ - ગાગરમાં સાગર બની રહ્યો.

(૧) ઉત્સવનો સંકલ્પ અને તે પછી એના આયોજનનો સમય ખૂબ જ ટૂંકો હતો. આટલા ટૂંકા સમયગાળામાં આવો ભવ્ય ઉત્સવ ઉજવાયો તે તો આપણા સૌના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા અને ધર્મકુળના આશીર્વાદ વિના શક્ય બને નહીં.

(૨) મહોત્સવ માત્ર ત્રિદિવસીય અર્થાત્ બાવન કલાકનો જ આમ તો હતો પરંતુ **Short & Sweet** બની રહ્યો.

(૩) આદિ આચાર્યશ્રીના પદને લઈને જો કોઈ ઉત્સવ સર્વ પ્રથમ થયો હોય તો તે આ ધર્મકુળ વંદના મહોત્સવ હતો.

(૪) આ મહોત્સવ કોઈ વ્યક્તિ વિશેષના ગુણગાન ગાવાનો નહોતો પરંતુ શ્રીજી મહારાજે પ્રવર્તાવેલી પ્રણાલિના હેતુને દૃઢ કરવાનો, ધર્મકુળનું જતન કરવાનો અને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સંપ્રદાયને વાસ્તે કરેલો અપ્રીતમ દાખડાનું ઋણ ચૂકતે કરવા માટેનો હતો.

(૫) આચાર્ય પદમાં બિરાજીને આચાર્ય પદનો મહિમા ગાવાનો આ ઉત્સવ હતો.

(૬) અમદાવાદ દેશ પીઠ સ્થાનના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના જન્મોત્સવને વર્તમાન સંવત્ ૨૦૬૫ને જેઠ સુદ નિર્જળા એકાદશીએ બસો વરસ પૂર્ણ થયા. સંપ્રદાયના ઉત્થાન માટે એમણે જે ભોગ આપ્યો છે અને અવિરત પણે વિચરણ કરીને સત્સંગનો પાયો સુદૃઢ કર્યો છે તે ફાળો કાંઈ નાનો સૂનો નથી. આવા મહાન અને ગુણાનુરાગી આદિ આચાર્ય મહારાજશ્રી થી લઈને વર્તમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ સુધીનાં સર્વે આચાર્યો એ પોત પોતાની રીતે શ્રીજી મહારાજને ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે અને કરતાં રહ્યાં છે. કોઈએ ભગવાન બનવા કે પોતાને ભગવાન કહેવડાવવાનો ક્યારેય પ્રયત્ન નથી કર્યો.

જગતનાં જીવને તો પાંચ જણ પૂછનારાં કે પચાસ જણ સલામ કરનારાં મળે તો એ જીવ ફૂલીને ફાળકો થઈ જાય છે અને બે વેંત ઊંચો ચાલતો થઈ જાય છે. જગતનાં બીજા જનોને જાણે તુચ્છ માનતો થઈ જાય છે ! જ્યારે ધર્મવંશના આચાર્યશ્રીને તો અસંખ્ય સત્સંગીજનો માને છે, એમને પૂજે છે, દંડવત્ પ્રણામ કરે છે છતાંય એકેય આચાર્યશ્રીએ શ્રીહરિની મર્યાદા લોપી નથી અને તેમના સમાગમ કરનારા કોઈપણ મુમુક્ષુજન કે સત્સંગીજનને શ્રીજી મહારાજ સિવાય પોતાના મહિમાની વાતો કરી નથી.

એ આચાર્યપદની ગરિમા ને ગાવાનો આ મહોત્સવ હતો. એ પદનો મહિમા સમજી આચાર્યશ્રીના આપણા ઉપરના ઋણને યાદ કરી એમના ગુણોને અંતરમાં ઉતારવાનો આ ઉત્સવ હતો.

આવો, આવા ભવ્ય મહોત્સવ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી, પૂ. મહારાજશ્રી, પૂ. લાલજી મહારાજશ્રી તથા આગંતુક મહાનુભાવો અને વંદનીય સંતોએ દર્શાવેલા આશીર્વચનો અને પ્રવચનોના અંશોને વાગોળીએ એટલે ધર્મકુળ વંદના મહોત્સવની મહત્તા આપોઆપ સમજાઈ જશે.

મહોત્સવના મહેરામણમાંથી નીપજેલા મોતી

"આપણા આખા ઉત્સવનો પ્રાણ તથા હૃદય તે આ ધૂન મંડળ છે. અહીં શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ-ધુન્ય થશે એટલે ઉત્સવ સાંગોપાંગ પાર ઉતરશે. શ્રીજી મહારાજ ત્રણેય દિવસ આ ધૂનમંડપમાં અખંડ વિરાજમાન રહેશે."

દિનાંક ૧-૬-૨૦૦૯ ની સવારે ૮-૩૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનના ઉદ્‌ઘાટન પ્રસંગે પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રી)

(૨) "અમને એ વાતનું ગૌરવ છે કે તમારી દૃષ્ટિએ અયોધ્યાપ્રસાદજી મહારાજ છે પરંતુ અમારે માટે તો પૂ. દાદાજી છે. બાપુજી જ્યારે કુટુંબ સાથે વાત કરે ત્યારે પૂ.

દાદાનું સંબોધન કાયમ કરતા. એ પરંપરામાં અમને મૂક્યા છે. અયોધ્યાપ્રસાદજી મહારાજે સત્સંગ માટે ખૂબ ભોગ આપ્યો છે. વિંછીના ડંખનો પ્રસંગ આપણને સમજાવે છે કે જગતની વિટંબણાઓ તો વારે વારે ડંખ મારતી જ હોય છે. પરંતુ ભગવાનનો ભક્ત એ ડંખની પરવા કર્યા વગર શ્રીહરિ સાથે નિમગ્ન રહે છે.'' (દિનાંક ૧-૬-૨૦૦૯ સવારે ૯-૦૦ વાગ્યે શ્રી સત્સંગિભૂષણ પારાયણના ઉદ્‌ઘાટન વખતે પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રી)

(૩) ''આપણે દાદાના ઐશ્વર્યની અને ચમત્કારની ઘણી વાતો સાંભળી. ગઈકાલે કથામાં વક્તાશ્રીએ એમ પણ કહ્યું કે ''દાદા પીરસતા હતા અને પીરસતા પીરસતાં ભક્તોને શ્રી હરિના દર્શન થયા. જેટલા આચાર્યો થયા છે એમણે પોતપોતાની રીતે શ્રીજી મહારાજને ઓળખાવ્યા છે, કોઈએ ભગવાન બનવાનો પ્રયત્ન નથી કર્યો. અમારી પાસે દાદાનાં પત્રો છે તેમાં એમણે અયોધ્યાપ્રસાદ હરિકૃષ્ણજી મહારાજ એમ સહીઓ કરી છે.''

આ પ્રસંગની કાયમ સ્મૃતિ રહે તે માટે નાનું સૂચન છે કે આજથી આરતી પછી અમદાવાદ દેશના સર્વે સંતો ભક્તજનો પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની જય બોલાવશો.

વીંછીનાં ડંખ વખતે પૂ. દાદા જે પાટલા ઉપર બિરાજેલા તે પાટલો અમારી પાસે છે. તા. ૮-૩-૨૦૧૧ ને ફાગણ સુદી ત્રીજ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ દિને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન રાખ્યું છે. અમારે તો નાના બાળકની પણ સેવા જોઈએ છે. જેથી મ્યુઝિયમમાં મારું કંઈક યોગાદન છે એમ થાય. જેતલપુરના વચનામૃત પ્રમાણે આ સભાનું પણ ધાર્યું થાય છે. સર્વોપરિ, સર્વ અવતારના અવતારીનું મ્યુઝિયમ પણ સર્વોપરિ થવું જોઈએ. સંપ્રદાયમાં એકતા, સંપ, દૃઢતા, પ્રેમ ભાવના તથા અરસ પરસ આદર જળવાઈ રહે અને સર્વોપરિ શ્રીહરિના આશીર્વાદ સૌને મળતા રહે. આ સંપ્રદાય આદરનો સંપ્રદાય છે.'' (અંતિમ દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચનોનાં અંશ)

(૪) ''અયોધ્યાપ્રસાદજી દાદાના ૨૦૦ વર્ષ પૂર્ણ થયા છે તે નિમિત્તે આ ઉત્સવ ઉજવીએ છીએ. એમના ગુણગાનનો તો પાર ન આવે. વીંછી વાળો પ્રસંગ - એમને ભગવાન પ્રત્યે કેટલી ભાવના હતી તે દર્શાવે છે. લોકો નોકરી માટે ભગવાનને આજીજી કરે પણ દુઃખ આવે ત્યારે ભગવાનને દોષ દે છે. ભગવાન જે કાંઈ કરે છે તેનો ચોક્કસ હેતુ હોય છે.'' (પૂ. લાલજી મહારાજશ્રીના અંતિમ દિવસના આશીર્વચનના અંશ)

(૫) ''પદમાં બિરાજીને પદનો મહિમા ગાવાનો આ પ્રથમ ઉત્સવ છે. અમદાવાદમાં સાતમાં આચાર્ય અને વડતાલમાં અમે નવમાં આચાર્ય છીએ. નવ વત્તા સાત - એટલે સોળમાંથી એકેય આચાર્યએ પોતાને પૂજવાની ઈચ્છા વ્યક્ત કરી નથી. પુત્ર પોતાના પિતાને ક્યારેય ખોટો સાબિત ન કરે. અયોધ્યાપ્રસાદજી મહારાજના નામમાં અયોધ્યાનો નિર્દેશ છે. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજનાં નામમાં પણ કોશલદેશ - અયોધ્યાનો નિર્દેશ છે. આ એક સુંદર યોગ થયો છે. વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે અયોધ્યાવાસી બહુ વિશ્વાસી છે. તમારે સૌએ અયોધ્યાવાસીની ખબર રાખવાની છે. આજે સૌએ સાથે મળીને મહારાજની આજ્ઞા પાળી છે.'' (પ.પૂ .આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વચનના અંશો)

(૬) ''ભગવાનની કૃપા છે, પ્રેરણા છે જેથી કરીને આવા ઉત્સવમાં ભગવાનને રાજી કરવા ભેગા થયા છીએ. ઘણા વર્ષો પહેલાં અસારવા જુની વાડીએ પૂ. દાદાજીનો રથ પડેલો રહેતો. અમે નાનાં હતા ત્યારે એ રથ ઉપર ચઢીએ ને બેસીને વિચારીએ કે કેવી મઝા આવે છે. કેવી રીતે દાદાજી રસાલો લઈને જતાં હશે.... એ અયોધ્યાપ્રસાદજીનો દાખડો. તેને લઈને આજે આપણે અત્યારે સુખ માણી રહ્યાં છીએ. એ સૌ સંતોનો દાખડો છે. જગતમાં જે કાંઈ સારું છે તે સ્વામિનારાયણ ભગવાનની કૃપા છે અને જે કાંઈ નરસું છે તે આપણા સ્વભાવ છે..... સતત વહેતી દયાને માણસ અધિકાર માની લે છે. ભગવાન પાસે માંગીએ એના કરતાં હે ભગવાન ! ''તમે અમને આટલું બધું આપ્યું ? અમે માંડ છાંયડો શોધતા હતા ને ૩૦૦ રૂપિયા આપી દીધા છે ?

સ્વામિનારાયણ ભગવાન તો આપણા બપ છે. આપણે એમના કુટુંબ છીએ. મહારાજ હંમેશા અયોધ્યાપ્રસાદજી મહારાજની સાથે રહ્યાં છે. છપૈયાનું કુટુંબ કદાચ ઓછું થયું પરંતુ આ લાખો હરિભક્તો-સંતોનું કુટુંબ મળ્યું છે. ભગવાનને

રાજી કરવાના છે. મને કુટુંબનાં નામ યાદ નથી એટલા સંતો કોઠારીઓનાં નામ યાદ છે.

અમેરિકામાં એક ગામમાં એક નાનો છોકરો ઢોલ સારું વગાડે, વિદેશમાં ઘણી જગ્યાએ એ ઢોલ વગાડે. એણે એની ઢોલની આવકમાંથી ૩૦૦ ડોલર અમને આપ્યાં અને કહ્યું કે એકલા તમારા દાદાનો ઉત્સવ નથી. આ તો અમારા દાદાનો પણ ઉત્સવ છે.

સંતો, કમિટી મેમ્બરો, સૌ હરિભક્તો, પડદા પાછળ રહીને સેવા કરનારા સ્વયં સેવકો સૌએ પોતાનું જાણીને આ ઉત્સવ પૂર્ણ કર્યો છે. સ્વામિનારાયણ ભગવાન સૌના મનોરથ પૂર્ણ કરે એવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.'' (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનાં આશીર્વચનનાં અંશો).

(૭) ''કળિયુગમાં ભગવાનને ગરજ છે એટલે ભક્તો વસે ત્યાં સામે ચાલીને ભગવાન જાય છે. સુખ અને દુઃખ **Buy one Get one Free** જેવું છે. સાવરણી લેવી પડે છે પણ કચરો આપો આપ આવી જાય છે. દુઃખની દુકાન હોતી નથી. સુખ ભેળું દુઃખ આપોઆપ આવી જાય છે.

પાણીમાં તણાયા પછી નીલકંઠવર્ણી પાસે પૂજા અને પુસ્તક બે જ બચ્યાં. બાકી બધું તણાઈ ગયું. સ્વામિનારાયણ ભગવાને માત્ર મંદિરો બનાવ્યાં નથી એ પહેલા શાસ્ત્રો બનાવ્યાં છે. સત્‌શાસ્ત્ર વ્યસનાય નમઃ - શાસ્ત્રો પ્રત્યક્ષ છે. સત્સંગિભૂષણ નામનો મુક્ત છે, શિક્ષાપત્રી એક દેવી છે. તમામ શાસ્ત્રો મૂર્તિમાન છે. જેના ઘરમાં આવા શાસ્ત્રો હોય તેનાં ઘરમાં ક્યારેય જંત્ર મંત્ર તંત્ર ભૂત પિશાચ વિગેરેનો પ્રવેશ થઈ શકતો નથી. (સત્સંગિભૂષણ કથા સારમાંથી)

(૮) ''જીવના કલ્યાણ માટે શ્રીહરિએ કેટલી સુંદર વ્યવસ્થા કરી છે ! પરમાત્માની વ્યવસ્થા સાક્ષાત હોય છે, અખંડ હોય છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે બહુ તપ કર્યું છે. ગામો ગામ વિચરણ, સભાઓ કરી છે. એ રથનાં દર્શન મ્યુઝિયમમાં થશે. એમના એ તપનું સુખ આજે આપણે ભોગવી રહ્યાં છીએ. સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ અહીં વિરાજમાન છે. આચાર્યશ્રીનો મહિમા સ્વયં ભગવાને ગાયો છે. એ સિદ્ધાંતોને જાળવીએ ત્યારે જ ઉત્સવ સાર્થક થયો કહેવાય. સિદ્ધાંતોની જાળવણીનો સમય પાકી ગયો છે'' (પૂ. શ્રી આત્મપ્રકાશદાસજી સ્વામી - મહંત સ્વામી જેતલપુર મંદિર)

(૯) ''ધર્મકુળને નમસ્કાર કરીએ એ શ્રીહરિને પહોંચે છે. અક્ષરધામમાં તમારા ખાતામાં એ જમા થાય છે. બેંકમાં પૈસા જમા કરાવો તે બેંકમાં જમા થાય પણ ખાતું તો ખોલાવવું પડે ! આચાર્યશ્રીને માનવા તે અડધુ વંદન અને પુરું વંદન ત્યારે ગણાય જ્યારે આચાર્ય મહારાજશ્રીનું માનીએ, એમની આજ્ઞામાં રહીએ, તનથી, મનથી, વચનથી તેમને વફાદાર રહીએ ત્યારે. અયોધ્યાપ્રસાદજી મહારાજ કવિ હતા, ભક્ત હૃદય હતું, ખૂબ દયાળુ હતા, નાના મોટા તમામ હરિભક્તો સાથે કુટુંબ જેવી આત્મીયતા હતી. એથી વધીને સ્વામિનારાયણ ભગવાન સાથે તન્મયતા હતી.'' (પૂ. શ્રી હરિકેશવદાસજી સ્વામી ગાંધીનગર સેકટર-૨૩)

(૧૦) ''ધર્મકુળ એટલે ધર્મદેવનો પરિવાર, કલ્યાણ પણ ધર્મકુળને આશ્રિત હોય તેનું જ થાય. જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર નરનારી,'' આચાર્યશ્રી થકી મંત્ર લીધો હોય તે જ મોક્ષનો અધિકારી થાય છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ મહાન પ્રતાપી, મહાન પરોપકારી, પોતે વચન સિદ્ધ, સમાધિનિષ્ઠ હતા. મૂળી મંદિરમાં નાણાની તકલીફ વખતે પોતાના અને પૂ. ગાદીવાળાના દાગીના બ્રહ્માનંદ સ્વામીને આપ્યા હતા.'' (શ્રી ધર્મપ્રિયદાસ સ્વામી - બાપુ સ્વામી વડતાલ દેશ)

(૧૧) ''આ ઉત્સવમાં દરેક સંત હરિભક્તે ભાગ લીધો છે. આચાર્યશ્રીની આજ્ઞાનું પાલન એ જ મોક્ષનો માર્ગ છે. એ આ સત્સંગ સમાજ સમજે છે. પૂ. આચાર્ય મહારાજશ્રી અમને આવા સત્સંગના કાર્ય કરવાની પ્રેરણા આપો, એવા આશીર્વાદ આપો.'' (પૂ. શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી મહંત સ્વામી, કાલુપુર મંદિર)

(૧૨) ''મારુ સૌભાગ્ય છે કે મને આવા પવિત્ર વાતાવરણમાં થોડીક પળો વિતાવવાનો સમય મળ્યો છે. અયોધ્યાપ્રસાદજી મહારાજના ૨૦૦ માં પ્રાકટ્ય મહોત્સવ તથા ધર્મકુળ વંદનાના આ મહોત્સવ પ્રસંગે જેમણે યોગદાન આપ્યું છે તેમનું સન્માન થવું ઘટે. જે પોતાના પૂર્વજોને ભૂલી જાય છે તે ઈતિહાસથી ઉખડી જાય છે. પૂર્વજો એ કરેલા

માનવતાનાં કાર્યોનું પુનઃશ્ચરણ કરવાનો આ ઉત્સવ છે.

ભગવાન કૃષ્ણે જન્મ સ્થાન છોડીને ગુજરાતને કર્મ સ્થાન બનાવ્યું. કંઈક તો ગુજરાતમાં હશેને ? સહજાનંદ સ્વામીએ પણ ગુજરાતને પસંદ કર્યું છે. સદ્‌વિચાર, સદ્‌પ્રવૃત્તિ અને સદ્‌ સંસ્કૃતિ એ ગુજરાતની ધરતી છે, એનું ગૌરવ આપણને થાય એ સ્વાભાવિક છે. ગુજરાત આધ્યાત્મિક વારસાને સાચવે છે, એની પરંપરાને સાચવે છે, સેવાને પહેચાને છે. સંતો વિચરણ કરતા રહ્યા અને લોકોની આદતો સુધારી. ૨૦૦ વર્ષનો ઈતિહાસ જુઓ. નકરો સેવાભાવ જોવા મળશે. સેવા ભાવના યજ્ઞ એ ધર્મનું રૂપ ધારણ કર્યું અને એક પરંપરા વિકસી સેવાની પરંપરાએ સમાજમાં નવો પ્રાણ પૂર્યો. આજે આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ રહ્યાં છીએ. આ બધાના મૂળમાં સંતોએ મજબુત પીઠિકા તૈયાર કરી તે છે. અહીંની સાંસ્કૃતિક ઊર્જાને પ્રવજલિત કરવા માટે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ અહલ્લિશ દાખડો કર્યો છે.'' (માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ)

(૧૩) ''નાનકડી આદતને દૂર કરવા જીવન વીતી જાય છે. પરંતુ અહીં તો સ્વામિનારાયણ ભગવાનના આશીર્વાદથી ગામડાઓમાં સુખ શાંતિ છે, વ્યસનો ઓછાં છે, રાજ્યમાં સુખ શાંતિ અને ઐશ્વર્ય જોવા મળે છે. ગુજરાત ભારતનું સર્વશ્રેષ્ઠ રાજ્ય છે. સ્વામિનારાયણ સંપ્રદાય સમાજલક્ષી સંપ્રદાય રહ્યો છે. સમાજના દુઃખ સાથે સંપ્રદાય દુઃખી રહ્યો છે.'' (શ્રી એસ.એસ. સાહેબ પોલીસ મહાનિર્દેશક ગુજરાત રાજ્ય)

(૧૪) ''હું તો શ્રી નરનારાયણદેવનો પ્રસાદ ખાઈને મોટો થયો છું. આજે ધર્મકુળ વંદના પ્રત્યેક સત્સંગી માટે અવસર બન્યો છે. આજે પણ શ્રી નરનારાયણદેવના મંદિરમાં જઈએ છીએ ત્યારે ચેતનાનો અનુભવ થાય છે. સંસ્કાર અને સંસ્કૃતિ જાળવવાં આજે અધરાં બન્યાં છે ત્યારે આ ઉત્સવ દ્વારા આચાર્ય કુળને વંદન કરીએ અને યાચીએ કે હે મહારાજ ! અમારી વચ્ચે રહો અને અમારૂ રક્ષણ કરો.'' (શ્રી અશોક ભટ્ટ, અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય વિધાન સભા)

આવા ભવ્યાતિભવ્ય ધર્મકુળ વંદના મહોત્સવને સફળ બનાવવા માટે ઘણાં બધાં સંતો, હરિભક્તો, સમાજના આગેવાન મહાનુભાવો તથા પડદા પાછળ રહીને અથાગ સેવા કરનાર સ્વયં સેવકોનું બહું મોટું યોગદાન રહ્યું છે. આપણા મૂળ સંપ્રદાયના પ્રત્યેક ઉત્સવની, પ્રત્યેક મહોત્સવની એક આગવી વિશેષતા રહી છે. એ મહોત્સવોમાં સત્સંગ મહેરામણ આપો આપ છલકે છે. સમુદ્ર તો ક્યારેય પોતાની મર્યાદા લોપતો નથી તેમ આવા પ્રત્યેક મહોત્સવમાં સત્સંગીનો સાગર ભલે છલકાતો હોય પરંતુ એ સત્સંગ-સાગર પણ ક્યારેય ધર્મકુળની આમન્યા લોપતો હોતો નથી.

અયોધ્યાપ્રસાદજી મહારાજને તો શ્રીજી મહારાજે ભેટીને વચન આપેલું કે પુત્ર ! ''મુંઝાશો નહિ. હું તમારી સાથે જ છું.'' જ્યારે આપણા આ ધર્મકુળ વંદના મહોત્સવમાં તો શ્રીહરિ અને શ્રીહરિના પનોતા પુત્ર એવા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી દાદા બંન્ને પ્રત્યક્ષ હાજર હતા ! ધર્મકુળને આશ્રિત અને વફાદાર એવા પ્રત્યેક સત્સંગી માત્રને મહોત્સવમાં એમની હાજરીનો જાણે પ્રત્યક્ષ અનુભવ થયો !


ધર્મકુળ વંદના મહોત્સવ એક સ્વયંભૂ મહોત્સવ તરીકે ઉપસી આવ્યો. ગામો ગામ દેશો દેશથી, સુરેન્દ્રનગર, મૂળી, હાલાર, કચ્છ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ તેમજ વિદેશમાં યુ.કે., અમેરિકા, ઓસ્ટ્રેલિયા આ બધા જ પ્રદેશોમાંથી સત્સંગીઓ અનાયાસે ભાગ લેવા પધારેલા હતા. નજર કરીએ ત્યાં માત્ર સત્સંગ સમુદાય જોવા મળતો, અને સૌ સત્સંગીજનો ના ચહેરા ઉપર ધર્મકુળ વંદના મહોત્સવમાં ભાગ લઈને, સેવા કરીને ધર્મકુળ પ્રત્યેનું ઋણ અદા કરવાની ભાવના જોવા મળતી હતી.

પોતાના સવાયા પુત્ર એવા શ્રી અવધપ્રસાદજી મહારાજનો આ ઉત્સવ હતો એટલે સર્વોપરિ શ્રીહરિ પિતા તો હાજર જ હોય ને ? અને જ્યાં શ્રીહરિ હોય ત્યાં હરહંમેશ હરખ અને માત્ર હરખ જ હોય ! ધર્મકુળ વંદના મહોત્સવમાં મહાલીને સૌ ભક્તજનો ખૂબજ હરખાયા !

આવો આપણે સૌ વંદન કરીએ આપણા સૌના શ્રીગુરુ એવા ધર્મવંશના આચાર્યશ્રીને, ધર્મકુળ પરિવારને અને યાચીએ કે હે મહારાજ ! અમારી ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠા આવીને આવી અકબંધ રાખજ્યો.

આપણા ગુરુ આચાર્યશ્રીની ગરિમા

લેખક - શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)



ભારતીય ધર્મશાસ્ત્રો અનુસાર જેને ભગવત્ પ્રાપ્તિની ઈચ્છા હોય તેને ગુરુ તો અવશ્ય કરવા જ પડે છે. કારણ "ગુરુ બિન જ્ઞાન ન હોઈ ગોપાલા" ગુરુ વિના ક્યારેય જ્ઞાન થતું નથી અને ભગવદ્ પ્રાપ્તિ પણ થતી નથી. એ ન્યાયે ભગવાન સ્વામિનારાયણે આપણને સૌને ક્યાંય ગુરુ શોધવા જવા ન પડે માટે ગુરુ પદે આચાર્યશ્રીની સ્થાપના કરી.

સ.ગુ. રામાનંદ સ્વામી પોતે આ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થવાનો સંકલ્પ કરેલ ત્યારે આ ધર્મની ધુરા પોતે શ્રી નિલકંઠ વર્ણીને આપી અને જણાવેલ કે,

"તમ વિના ધર્મધુર જેહ રે,
બીજા થકી ન ઉપડે તેહ રે."

આજ પ્રમાણે ભગવાને પોતે અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે આ ધર્મની ધુરા પોતે આચાર્યોને સોંપી.

"આપી ગાદી આચરજ કીધા,
તેને મંદિર દેશ વહેંચી દીધા."

શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે કે,

"પૂછી સર્વને સંમતિ એવી, કેને ધર્મતણી ધુર દેવી,
ઉભા પશ્ચિમાભિમુખે નાથ, પાટ દક્ષિણમાં ડાબે હાથ,
તહાં બેસાર્યા શ્રી રઘુવીર, જાણી ધર્મ ધુરંધર ધીર.
પાસે ઉત્તરમાં બીજા પાટ, માંડેલી બીજા પુત્રને માટ,
ત્યાં અયોધ્યા પ્રસાદ બેસાર્યા, મહા ધર્મધુરંધર ધાર્યા."

આમ આ પદનું સ્થાપન એ કોઈ રાજગાદીનું હસ્તાંતર નથી પરંતુ ધર્મની ગાદીનું હસ્તાંતર છે. આ ધર્મની

દીનો ભાર વહન કરવો તે આ જીવનું કામ નથી. આ
વ ગમે તેવો બળીઓ હોય તો પણ પ્રત્યક્ષની આ
દીનો ભાર ઉપાડવો મુશ્કેલ છે. અને ધર્મકુળ આ ભાર
હન કરવા સક્ષમ છે. કેમ કે તેમને તો શ્રીહરિના વચનનું
ઠબળ છે. શ્રીહરિના વચનને બળે કરીને તેઓ આ
ગીરથ કાર્ય કરી રહ્યા છે. ગ.મ. ૧૬ માં વચનામૃતમાં
યું છે કે ભગવાન તો ધર્મધુરંધર છે. આચાર્યશ્રી પણ
ગવાનનું જ સ્વરૂપ છે. તેથી તેમને ધર્મ ધુરંધર તરીકે
ોળખવામાં આવે છે. શ્રીહરિએ તેમનું સ્થાપન ધર્મની
ા કરવાને અર્થે કર્યું છે. તે આજ્ઞાની નિરંતર સ્મૃતિ
ટે તેઓ ધર્મધુરંધર કહેવાય છે.

વડતાલના ૧૧ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, અમે ભગવાન, ભગવાનનો ભક્ત, બ્રાહ્મણ અને ગરીબનો હ ન થઈ જાય તે માટે સતત ડરતા રહીએ છીએ કેમ તેનાથી તો જીવનું અધઃપતન થઈ જાય છે.'' આચાર્યશ્રી ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીજીનું સ્વરૂપ છે. એમ સ્વયં હરિએ કહ્યું છે. વળી કુળે કરી બ્રાહ્મણ છે. અને તેમાંય કુળની તોલે અન્ય કોઈ ન આવે તેટલું શ્રેષ્ઠ કુળ ! વળી રિભક્ત અર્થાત્ શ્રીહરિને વિષે અચળ નિષ્ઠાવાળા તો રા જ અને કોમળ સ્વભાવવાળા તેમજ સર્વ પ્રત્યે દીન થન બોલી નમ્રતા દાખવવાવાળા પણ ખરા.

આમ આ ચારેય ગુણોનો સમાવેશ એક જ વ્યક્તિમાં નો હોઈ તે વ્યક્તિ પૂજ્ય તો છે. એટલું જ નહિ પરમ જ્ય છે. જો ઉપરનામાંથી કોઈ એકાદનો પણ અપરાધ થઈ જાય તેની કાળજી સ્વયં ભગવાન રાખતા હોય તો રયે ગુણો જેમાં છે તેવી એક વ્યક્તિની સંભાવના



ભગવાન પણ કેટલી બધી કરે છે. અને કરવાનું કહે છે. અને તેથી જ તેઓશ્રી માત્ર પૂજ્ય જ નહિ પણ પરમ પૂજ્ય છે.

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી તેમના કીર્તનમાં લખે છે કે,

"તેમ તેહના વાહન ન લેવાં,
જાણવા પૂજ્યા જેવા."

જેમના વાહન-વસ્ત્ર અલંકાર પણ પૂજવા યોગ્ય છે. તો તે વ્યક્તિ પોતે કેટલી બધી પૂજનીય હશે. તે સહેજે જ કલ્પી શકાય તેમ છે.

તેઓશ્રીના શુભ નામની આગળ ૧૦૦૮ નો અંક લખવાની પ્રણાલિકા છે. તે પણ "શ્રી" નો સૂચક છે. ૧૦૦૮ વખત "શ્રી" થી યુક્ત એવું આચાર્યનું શુભ નામ તેવો ભાવાર્થ છે. "શ્રી" અર્થાત્ લક્ષ્મીજી અર્થાત્ ભગવાનના ભક્ત. તેમના સંબંધવાળુ આ આચાર્યપદ.

આવા મહાન આચાર્ય પદની સ્થાપના ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે કરી અને આપણ સૌને ગુરુ તરીકે અપર્ણ કર્યા છે. એ આપણા સૌના મહદ્ ભાગ્ય ગણાય. અને એટલા માટે જ હમણાં થોડા સમય પહેલાં જ આપણી ગાદીના પ્રથમ આચાર્ય ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી દાદાને રાજી કરવા સુંદર મજાનો ભવ્ય "ધર્મકુળ વંદના મહોત્સવ"ની આપણે સૌએ ધામધૂમથી ઉજવણી કરી. અને આપણે આપણા ગુરુ તથા ભગવાન બંન્નેને રાજી કર્યા.

ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે ધોરણ ૧૨ સાયન્સ સ્ટ્રીમમાં ગુજરાતમાં ૧ થી ૧૦ માં નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

૧. હાર્દિક દિલીપભાઈ પટેલ બોર્ડમાં પ્રથમ નંબર
૨. કીર્તન વિજયભાઈ ટંકશાળી બોર્ડમાં ત્રીજા નંબરે
૩. યશ વિરાજભાઈ શાહ બોર્ડમાં પાંચમાં ક્રમે
૪. હર્ષિત ભૂપેન્દ્રભાઈ છપ્પન બોર્ડમાં છઠ્ઠા નંબરે
૫. ધ્રુવ રમેશભાઈ પટેલ બોર્ડમાં નવમાં નંબરે

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

ભૂખ લાગી હોય તો ભોજન શાળામાં જવુ પડે. તરસ લાગી હોય તો પાણીની પરબ પાસે જવું પડે. તડકો લાગતો હોય તો શીતળ છાયા શોધવી પડે અને જો મોક્ષ જોઈતો હોય તો પરમાત્માના ચરણનું શરણ સ્વીકારવું પડે. જો જીવ ભગાવનના ચરણે જાય તો ભગવાનની કૃપા દૃષ્ટિ થતાં જ ભવસિંધુ તરી જવાય. સંસાર સાગર તરવા માટે ન હોડીની જરૂર પડે, ન કોઈ સાધનની જરૂર પડે પ્રભુ પાસે આવીને પ્રેમથી વંદન કરે ત્યારે.

"આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ
વ્હાલો તરત ઉતારે ભવપાર નરનારી
જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ
આજ ધર્મવંશીને દ્વાર નરનારી જેને જોઈએ તે...."

ભગવાનની આગળ એકવાર નમસ્કાર કર્યા. એમના ચરણમાં એકવાર મસ્તક ઝુકાવ્યું પછી કાળમાયા કર્મ કંઈ કરી શકતા નથી. જન્મ અને મરણનો મહાન ભય તરત મટી જાય છે. પણ એકવાર શ્રીહરિના આ ચરણમાં આવીને બેસી જાય. આ શરણમાં બેઠા એના માથે જન્મ મરણ હોતાં જ નથી. તમારે જન્મ અને મરણના ભય થકી છૂટવું છે ? તો બીજે ક્યાંય ફેરા ફરવાની જરૂર નથી. કોઈ સાધનો શોધવાની જરૂર નથી. માણસને વરસાદનો ભય હોય તો છત્રી લે છે, કૂતરાનો ભય હોય તો લાકડી લે છે. પગ બળવાનો ભય હોય તો જોડા પહેરી લે છે. ભૂખનો ભય હોય તો ભાતું ભેગું લઈ લે છે. પણ જન્મ અને મરણનો ભય હોય તો શું કરવાનું ? આ કોઈ ચીજ કામ ન લાગે.

"જન્મ મરણના ભય થકી છૂટવા રે લોલ
જો જન્મ અને મરણના ભય થકી છૂટવું હોય તો
આવો શરણે મુમુક્ષુ જન નરનારી....."

આવો તમે ગમે તે હો, સ્ત્રી હો, પુરુષ હો, ભણેલા હો, અભણ હો, મોટાં હો, નાના હો, શરણે આવ્યા પછી તમને કોઈની વાતનો ભય નહીં રહે.

કોઈ ભાઈ પ્રધાનશ્રીના સંબંધી હતા. એકવાર યાદ આવ કે ચાલો ફલાણા પ્રધાન અમારા સંબંધી છે. તો જરા મળ આવીએ. એ તો એમ જ માનતા હતા કે અમારા સગા છે. પ એમને ખબર નહિ કે પ્રધાનોને ત્યાં જવું એ તો સાત કોઠા યુદ્ધ જીતવા જેવું. આ ભાઈ ગયા એટલે તરત અટકાવ્યા કો છો ? ભાઈ હું તો આ સાહેબનો સંબંધી છું. સગો છું. એમ ચાલે. પછી સઘન ચેકીંગ શરૂ થયું. કોઈએ થેલીમાં નજર કરી શરીર પર આમ તેમ હાથ ફેરવ્યા. મશીન ફેરવ્યું. સલામત વાળાએ ચિઠ્ઠી કે કંઈ ઓળખાણનો કાગળ માંગ્યો. ના ભા એવું કાંઈ લાવ્યો નથી. તમે અંદર જઈને વાત તો કરો. આમાં આમાં અડધો કલાક બાપડાનો બગડ્યો, તરસ્યા થયેલા પા પ્રધાનને ત્યાં પાણી પીવું એ કાંઈ રમત વાત છે ! અંદર જે તેમ જેમ તેમ વાત પહોંચી. અડધા-પોણા કલાકે પ્રવેશ તો મળ્યો પણ જ્યાં પ્રવેશ મળ્યો ને ત્યાં તો પ્રધાને ઉભા થઈને આવ આવો કહીને હાથ મિલાવ્યા. એટલું જ નહીં પણ લોનમાં જો ખુરશી નાંખીને બંને ખુરશીમાં બેઠાં-બેઠાં જામફળ જમવ માંડ્યા. આ દૃશ્ય જોયા પછી સલામતી વાળાને એમ થયું ઓ હો આ તો આપણી ભૂલ થઈ. આ તો ખરેખર સાહેબન કોઈ અંગત સગા છે. અઠવાયિા પછી બીજીવાર આ ભા મળવા ગયા ત્યારે સલામતીવાળા સલામ ભરવા માંડ્ય કોઈએ અટકાવ્યા નહિ.

એકવાર જો ભગવાનના શરણે આવોને તો કાળ માય સલામ ભરશે. આવો સાહેબ તમને કોઈ વાંધો નથી. એકવા શરણે આવી જાવ. કોઈ હેરાન નહિ કરે. પછી જન્મ-મરણ કાળ-માયા તમને બધા સલામ ભરશે. આતો પ્રગટ ભગવાનન ભક્ત છે. આ તો એમનો ઉપાસક છે. જો જો એમને પજવત નહીં. કદાચ કોઈ ભક્તને શંકા થાય કે એ તો બરાબર છે કા અને માયાથી તો છૂટી જઈએ. પણ મોક્ષ ? મોક્ષ માટે ત ચિંતા જ ન કરતાં. ભવપાશથી છૂટ્યા પછી તરત જ કલ્યાણ પણ અમને ખાત્રી ખરી ! અમે તો સંસારમાં એવા કડવ અનુભવમાંથી બહુ પસાર થયા છીએ. જાહેરાતોમાં મોટી વાત હોય, પણ જઈને ઉભા રહીએ ત્યારે કંઈ ન મળે પૈસા પા જાય. કાંઈ લઈએ નહી. આ જાહેરાત એવી નથી, જુદા પ્રકારન છે. સાવ સાચી.

"વ્હાલો તરત છોડાવે કાળપાસથી રે લોલ,
પ્રેમાનંદ કહે આપે હરિ કોલ....."

તમને પહેલેથી જ કોલ આપી દે છે. "પ્રોમીસ" કે આવી જા, અહીં આવ્યો ને તારુ કલ્યાણ હવે મારા હાથમાં છે. ભગવાન તરત જ એને વચન આપે છે, ખાત્રી આપે છે. શરણે આવે એવા તમામ જીવોને અભયપદ આપે છે તો ચાલો આપણે પણ વહેલી તકે ભગવાનની શરણાગતિ સ્વીકારી એમના ચરણોમાં વંદન કરીએ. ચંદનથી પણ અધિક શીતળતા પ્રાપ્ત કરી કલ્યાણનું રજીસ્ટ્રેશન કરાવી લઈએ. આજે પણ ધર્મવંશીનાં દ્વાર ખુલ્લાં છે અને ફરીથી યાદ રાખી લો સૌને જાહેર આમંત્રણ છે.

"જેને જોઈએ એ આવો મોક્ષ માગવા રે લોલ,"
આજ ધર્મવંશીને દ્વાર નરનારી જેને જોઈએ તો....

●

સંતોષ રાખે તેને સોનું મળે

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

દુષ્કાળની પરિસ્થિતિનો ખ્યાલ હાલના વર્તમાન યુગના માણસોને ફક્ત મોંઘવારી રૂપે જ દેખાય. પરંતુ ભયંકર પરિસ્થિતિનું વર્ણન તો ઈતિહાસ સામે નજર કરો તો જ ખ્યાલ આવે. માણસ-માણસ ને ખાય તેવા ભયંકર દુષ્કાળ આવી ગયા. તે કેવા સંજોગો હશે કે જેમાં માણસોની સ્થિતિ અન્ન-જળ વગરની માથે મોત લઈને ફરતા હોય.

આવા સમયે કોનામાં ધીરજતા દેખાય, પણ માણસ-માણસમાં ફેર હોય છે. બધાના હૈયા જુદી જુદી લાગણીઓથી ભરેલાં હોય છે. પ્રત્યેક વ્યક્તિની વિચાર સરણી અલગ-અલગ અભિગમની હોય છે.

એક ગામમાં અતિ દુષ્કાળ પડ્યો. અતિ દુષ્કાળથી પીડાતી પ્રજાને જોઈને એક શેઠને લાગણી જન્મી. આ શેઠ તો દૂરદૂરના રહેવાસી હતા. તેમની ઉદારતાની, દાનેશ્વરીપણાની, દયાળુતાની ચારે બાજુ ખૂબ જ નામના હતી. તેમણે આ ગામમાં આવી પડાવ નાખ્યો. પોતાનું ધનખર્ચી અનાજ ખરીદ્યું. અને મોટું અન્નક્ષેત્ર (સદાવ્રત) ચાલુ કર્યું. જૂના જમાનામાં દુષ્કાળના સમયે આ શેઠ જેવા કોઈક ઉદાર જે ગામમાં હોય તો તે ગામના નસીબ કહેવાય. નહિતર તો ભૂખે મરે જ છૂટકો. આ શેઠ દરરોજ રોટલા કરાવે. સદાવ્રતમાં જે કોઈ ભિક્ષુક આવે તે તમામને માણસ દીઠ એક રોટલો આપે. શાક તો સ્વપ્નામાં પણ ન દેખાય. દરરોજનો ક્રમ ભિક્ષુકો આવે રોટલા લઈ જાય.

એક દિવસ આ શેઠને વિચાર આવ્યો કે આવા દુષ્કાળના સમયે કોઈ સંતોષી મળે ખરો ! જ્યાં લાવ-લાવને ખાઉં-ખાઉં થતું હોય ત્યાં વળી સંતોષની તો વાત જ ક્યાંથી હોય ! શેઠનો આ વિચાર વેગે ચડ્યો. જો સંતોષી મળે તો તેને ઈનામ આપવું. આવું નક્કી કર્યું. અડધી રાત્રે શેઠ ઉઠી રસોડામાં ગયા. પોતાના હાથે એક જાડી બાટી બનાવી. શેઠે બાટી બનાવી તે કેવી હશે ! પણ ન્યાલ કરે તેવી તો જરૂર હશે. શેઠ બાટી બનાવી સૂઈ ગયા. સવાર પડી ભિક્ષુકોની લાઈન સદાવ્રતના બંધ દરવાજા ઉઘડવાની રાહ જોઈ રહી હતી. સદાવ્રત ખોલતા પહેલા શેઠે આ બાટીને રોટલાના થપ્પા ઉપર પહેલી મૂકી દીધી. સદાવ્રતના દ્વાર ખુલ્યા. શેઠ પાસે જ્યાં ભિક્ષુકો રોટલો લેવા આવે ત્યાં આ શેઠ તેમની બનાવેલી નાની બાટી પહેલા આપે. આ બાટીને જોઈ ભિક્ષુકો મોઢું બગાડે, અરે ! બાટી નથી જોઈતી રોટલો જોઈએ છે. શેઠ કહે, "રોટલોને બાટી બેયમાં ફેર શું છે ?" તો કહે બાટી નાની છે. રોટલો મોટો છે. આમ બધાને બાટીનું પૂછ્યું પણ કોઈએ બાટી લીધી નહીં.

આ દૃશ્ય એક બાળક ઉભો ઉભો નિહાળી રહ્યો હતો. શેઠની નજર વારે વારે તેના ઉપર જતી હતી. બધા જ ભિક્ષુકો ચાલ્યા ગયા. ત્યારે આ બાળકે શેઠ પાસે આવીને સામેથી કહ્યું શેઠ હું નાનો બાળક છું. મને તમે રોટલો ન આપતા આ બાટી આપી દો. શેઠ એક ઘડી તો બાળકની સામું જોઈ રહ્યા. બાળકમાં તો ચંચળવૃત્તિ હોય. વધુ લેવાની વૃત્તિ હોય પણ આ બાળક અલગ વિચાર સરણીનું લાગ્યું. શેઠે બે વખત ફરી ફરીને પૂછ્યું કે આ બાટીમાંથી તો તારૂં બહુ પેટ નહિ ભરાય એના કરતાં મોટો રોટલો લઈ લે. પણ બાળકનો એક જ જવાબ રહ્યો કે મારા પેટ પ્રમાણે આટલી બાટી પુરતી છે. શેઠે હસીને બાળકને બાટી આપી. આ બાળક બાટીનો કકડો કરવા જાય છે. ત્યાં અચાનક તેને બાટીમાં કોઈ ચળકતી વસ્તુનો છેડો દેખાય છે. આ છોકરો બાટી તો જમી ગયો પણ જોયું તો બાટીમાં સોનાનો અતિ કિંમતી દોરો મળી આવ્યો. આ બાળકે દોટ મૂકી શેઠના ઉતારે આવી શેઠને કહે છે કે લ્યો શેઠ આ બાટીમાંથી નીકળ્યો છે. આ તમારો છે. ત્યારે શેઠે કહ્યું ના બેટા ! આ તો સંતોષ તથા ધીરજતાનું ફળ છે. આ સોનાનો દોરો તારો છે. તું એ સોનાના દોરાને સાચવજે - ક્યારેક મારી પાસે પણ જો અનાજ ખૂટી પડે તો તને આ સોનાનો દોરો વેચી રોટલા મેળવવા કામ લાગશે.

સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થઈ જો આપણે પણ આ બાળકની જેમ શાંત તથા સંતોષી બનશું તો ચોક્કસ જેમ બાળકને સોનાનો દોરો મળ્યો તેમ આપણને ઈષ્ટદેવની કૃપાથી આપણી મહેનતના ફલશ્રુતિરૂપે અનેક ગણું પ્રાપ્ત થશે. ફક્ત મનમાં શાંતિ તથા સંતોષ રાખવાની જરૂર છે.

શિકાગો ખાતે ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે પારાયણ

- વસંત ત્રિવેદી (શિકાગો)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈટાસ્કા, શિકાગોમાં ધર્મકુળ વંદના મહોત્સવ અર્થે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી અહીંના મંદિરના પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી અને પૂ. જે.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન-કવન તેમજ શ્રીહરિની લીલાચરિત્રોની ત્રિદિનાત્મક પારાયણ પૂ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે માર્ચ ૧૨ થી માર્ચ ૧૫ સુધી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં થઈ હતી.

"ધર્મકુળ વંદના" મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય અને હરિભક્તો સેવાનું યોગદાન આપી ધર્મકુળ ઋણ તથા ગુરુઋણ અદા કરે અને શ્રીહરિનો રાજીપો મેળવે એવા શુભ ઉદ્દેશથી ઈન્ડિયાથી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર સ્વા.મંદિરના મહંત), પ.પૂ.શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, પ.પૂ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, પ.પૂ.દેવ સ્વામી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે પધાર્યા હતા.

બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રેરકવાણીથી સભામાં દર્શનઆપતાં મંદહાસ્ય રેલાવતા સમસ્ત સત્સંગના શિરોમણિ એવાં લાડીલા પ.પૂ.શ્રી આચાર્ય મહારાજશ્રીના પડતાં બોલને ઝીલી લેનાર શિકાગોના સત્સંગીઓએ આ તકને ખૂબ હર્ષથી ઝીલી લીધી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનાં હૃદયનો રાજીપો મેળવી લીધો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના એક એક સભ્યથી લઈ નાનાં મોટા ભૂલકાઓ પણ સેવા આપવાનું ચૂક્યાં નથી.

નાણું મળે પણ ટાણું ન મળે, તો ? આ પ્રસંગે ઋણ અદા કરવાનું આ સુંદર ટાળું સંતોએ હરિભક્તોને આપ્યું અને ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ સહર્ષ સ્વીકારે એવી સૌ એ પ્રાર્થના કરી.

આ મહોત્સવના અનુસંધાનમાં મંદિરમાં ૩૦ મે ના રોજ ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. પ.પૂ. મોટા મહારાજશ્રીના અથાગ પરિશ્રમે નિર્માણ થયેલ આ મંદિરના સર્વે સત્સંગીઓ તેઓશ્રીના ઋણી છે અને એમના શુભ આશીર્વાદથી દિવસે દિવસે સત્સંગ પ્રબળ બનતો જાય છે. ધર્મકુળનો હંમેશા અહીંના સત્સંગીઓ ઉપર રાજીપો રહે એવી પ્રાર્થના સહ જયશ્રી સ્વામિનારાયણ

સર્વે સત્સંગી હરિભક્તો જોગ

જયશ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે સર્વાવતારી શ્રીહરિ સ્થાપિત મૂળ ગાદીનો આ સત્સંગ વિશ્વવ્યાપી બની ચૂક્યો છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પણ ભક્તોના સંકલ્પો પૂર્ણ કરવા અને સત્સંગ પ્રચાર પ્રસાર અર્થે દેશ-વિદેશમાં વિચરણ કરી જ રહ્યા છે. અમેરિકા, ઈંગ્લેન્ડ અને આફ્રિકામાં અનેક ભક્તો વસે છે ને ત્યાં આપણા મંદિરો પણ છે. છેલ્લા થોડા સમયથી આપણા સત્સંગના ઘણા બાળકો અને સત્સંગીઓ ઓસ્ટ્રેલીયા સ્થાયી થયા છે. સત્સંગ માટે પૂ. મહારાજશ્રી સ્વયં અગાઉ પણ પધારેલા છે ને દશેરા બાદ પૂ. મહારાજશ્રી ઓસ્ટ્રેલીયા પધારવાના છે. તો મહારાજશ્રી જ્યારે ત્યાં પધારે ત્યારે આપણા સત્સંગીઓને તેની જાણ થાય અને એમને પણ દર્શન-સત્સંગનો લ્હાવો મળે અને બધા એકબીજાને ઓળખી શકે, જરૂર પડે તો મદદરૂપ પણ થઈ શકે એવા શુભ આશયથી એક ડેટાબેઝ તૈયાર કરવા વિચારેલ છે. તો દરેક સત્સંગી ભાઈઓને ખાસ સૂચન કે આપના પાલ્ય (દીકરો કે દીકરી) ઓસ્ટ્રેલીયા રહેતા કે ભણતા હોય તો તેની વિગત અમોને પહોંચાડવા વિનંતી છે. જેથી કરી તેમને સત્સંગનો લાભ મળી શકે.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પવિત્ર સેવામાં

મારૂ નામ _____ છે.

હું અહીં _____

_____

ફોન નં. _____ રહુ છું

મારો પાલ્ય _____

સરનામું _____

_____

ફોન નં. _____ ઈમેઈલ

આઈ.ડી. _____ ત્યાં

ઓસ્ટ્રેલીયામાં રહે છે.

આપ ત્યાં પધારો ત્યારે તેને આશીર્વાદિત કરશો એવી પ્રાર્થના.

આ વિગત શ્રી સ્વામિનારાયણ અંકની ઓફિસ, શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧ના સરનામે મોકલવી અથવા નાના પી.પી સ્વામી (૯૮૨૫૦૩૧૮૭૭)નો સંપર્ક કરવો. જો આપ ઈ-મેઈલ કરવા ઈચ્છતા હો તો,

ram23779@yahoo.co.in પર કરી શકશો.

ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ અંકના વિશેષ સભ્યો થાય અને બહોળો પ્રચાર પસાર થાય તે માટે નીચેના હરિભક્તોએ આજીવન સભ્યોને રાહત મળે તેથી સૌજન્ય ભેટ આપેલ.

(૧) રૂા. ૫૦૦૦/- પ.ભ. અરવિંદભાઈ કેશવલાલ પટેલ હ. પ.ભ. પ્રહલાદભાઈ વિ. પટેલ - અમેરિકા
(૨) રૂા. ૫૦૦૦/- પ.ભ. જી.કે. પટેલ વિમલ પેઈન્ટસ - મહેસાણા (સ્કીમ કમિટી સભ્યશ્રી)
(૩) રૂા. ૫૦૦૦/- અ.નિ.પ.ભ. ચંદ્રિકાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ - અમદાવાદ (ડાંગરવાવાળા) હ. પ.ભ. નવિનચંદ્ર રણછોડલાલ મારફતીયા - ન્યુજર્સી અમેરિકા
(૪) રૂા. ૫૦૦૦/- પ.ભ. ભીખાભાઈ વીસાભાઈ પટેલ - પેન્સીલવેનીયા અમેરિકા - ડાંગરવાવાળા
(૫) રૂા. ૫૦૦૦/- પ.ભ. નટવરલાલ દેવચંદભાઈ સોની - નવરંગપુરા અમદાવાદ
(૬) રૂા. ૭૦૦૦/- પ.ભ. હરેશભાઈ ચૌહાણ (હાલાર-પૂના)
(૭) રૂા. ૫૦૦૦/- પ.ભ. બાબુભાઈ ટાંક (રોહીશાળા મીરારોડ મુંબઈ)
(૮) રૂા. ૫૦૦૦/- પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા)
(૯) રૂા. ૫૦૦૦/- પ.ભ. હસમુખભાઈ મીરાણી હ. પ.ભ. રજનીભાઈ મહેતા (માતંગી ટ્રાન્સપોર્ટ વાળા - જીવરાજપાર્ક)
(૧૦) રૂા. ૫૦૦૦/- પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયા - અમેરિકા
(૧૧) રૂા. ૫૦૦૦/- પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગા - બાપુનગર
(૧૨) રૂા. ૫૦૦૦/- પ.ભ. અમૃતભાઈ હિરજીભાઈ પટેલ - લખતર
(૧૩) રૂા. ૫૦૦૦/- પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા - કાલીયાણા
(૧૪) રૂા. ૫૦૦૦/- શિવકૃપા ઓફસેટ - દુધેશ્વર અમદાવાદ
(૧૫) રૂા. ૨૦૦૦/- પ.ભ. અ.નિ. લીલાબેન ગોવિંદભાઈ પટેલ - વડુ
(૧૬) રૂા. ૨૦૦૦/- પ.ભ. ચિમનભાઈ પુરૂષોત્તમદાસ પટેલ - ભાતવાળા
(૧૭) રૂા. ૨૦૦૦/- સ્વાગત સિરામીક - મોરબી (પ.ભ. લાલજીભાઈ પટેલ)
(૧૮) રૂા. ૨૫૦૦/- પ.ભ. આશિષભાઈ રાવલ - અમદાવાદ
(૧૯) રૂા. ૧૦૦૦/- પ.ભ. નારણભાઈ ઈશ્વરભાઈ પટેલ - સોજાવાળા
(૨૦) રૂા. ૧૦૦૦/- પ.ભ. રમેશભાઈ મેવાડા (કોન્ટ્રાકટર) - બાપુનગર
(૨૧) રૂા. ૧૦૦૦/- પ.ભ. ડૉ. ભરતભાઈ ઘનશ્યામભાઈ પટેલ - ખંભાતવાળા

અષાઢ વદ અમાસ સૂર્યગ્રહણ પાળવાનું છે

અષાડ વદ-૧૪ તા. ૨૧-૭-૨૦૦૯ મંગળવારના ● ગ્રહણવેધ : સાંજે ૬-૦૦ ત્યારબાદ જમાશે નહીં.
અષાઢ વદ અમાસ બુધવાર તા. ૨૨-૭-૨૦૦૯
સ્પર્શ વહેલી સવારે ૬-૦૬ મિનિટે ● મોક્ષ : સવારે ૭-૨૦ મિનિટે
ત્યારબાદ સ્નાન પૂજા કરી જમવું.

નોંધ : ધર્મકુળ વંદના મહોત્સવના વિશેષાંકમાં અમે સત્સંગ સમાચાર, ભેટની યાદી, ભક્તિસુધાના લેખો પ્રશ્નપેટીને સમાવિષ્ટ કરી શક્યા નથી જે ઓગસ્ટ-૦૯ અંકથી નિયમિત રૂપે પ્રકાશિત થશે. - *તંત્રીશ્રી*

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

अन्नभोग

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC003 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07- 08 valid up to 31/12/2011











Printed by Jagdish Offset
Published by Bharatbhai Kharsani